

કબૂતરબાજી: 7 વિદ્યાર્થીઓ પૈકી 5ને ગેરકાયદે US મોકલ્યા

PAGE NO. 14

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ભારતે વેલ્સને 4-2થી હરાવ્યું, ક્વાર્ટર ફાઈનલ માટે ન્યૂઝીલેન્ડ સામે રમશે

PAGE NO. 18

FRIDAY, 20 JANUARY, 2023 Vol. 20, No. 03 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# રામસેતુ મુદ્દે કેન્દ્રને નિર્ણય કરવા સુપ્રીમની તાકીદ

## રામસેતુને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની માંગ સાથે સ્વામી સુબ્રમણ્યમે કરેલી અરજી વિશે કોર્ટમાં કાર્યવાહી

દિલ્હી: રામસેતનું મુદ્દા પર રાજ્યસભાના પૂર્વ સભ્ય સુબ્રમણ્યમ સ્વામી તરફથી દાખલ એક જનહિત અરજી પર સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ડી વાઈ ચંદ્રચૂડ અને જસ્ટિસ જેબી પારડીવાલાની પીઠે સ્વામીને કહ્યું હતુ કે જો તે ઈચ્છે તો સરકારને એક અરજી આપે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડે મામલાની સુનાવણી ટાળતા કહ્યુ હતુ કે મામલો તેમની સામે હાલમાં આવ્યો છે, તેવામાં તે અરજીને જોવા ઈચ્છે છે. બીજી બાજુ કેન્દ્રના સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યુ કે, આ મામલામાં કેન્દ્ર સરકારની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારબાદ ખંડપીઠે અરજદારને કહ્યું હતુ કે જો તે ઈચ્છે તો રજૂઆત કરી શકે છે. આ સાથે જ કોર્ટે કેન્દ્રને નિર્ણય લેવા કહ્યું હતુ અને સ્વામીને સરકારના નિર્ણયથી અસંતુષ્ટ હોય તો ફરીથી કોર્ટનો સંપર્ક કરવાની સ્વતંત્રતા આપી હતી. જો કે, કોર્ટની કાર્યવાહી બાદ આ કેસના અરજદારે સ્વામીએ કહ્યું કે, અમે કોઈને મળવા ઈચ્છતા નથી. અમે એક પાર્ટીમાં છીએ. અમારા ઘોષણાપત્રમાં આ છે. તેને છ સપ્તાહમાં નક્કી કરવા દો.


ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતિ પાનું 2 પર
ABOWATH.COM

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

SALON AMIE
EYEBROW THREADING
MONTREAL - LAVAL
HIRING NOW
PART TIME - FULL TIME
Competitive Salary + Tips
આઈબ્રો થ્રેડીંગ માટે જોઈએ છે
TWO PLACES
પાર્ટટાઈમ-ફૂલટાઈમ
5775 VICTORIA # 110 Montreal H3W 2R4
COTE ST CATHERINE
5018 SAMSON, LAVAL H7W2J1
450-973-4040

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel Broker
Urshila Patel Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203 Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 2022માં કેનેડિયન મકાનોની સરેરાશ કિંમત 12% ઘટી : CREAનો દાવો

## 2021ના અંતે મકાનના ભાવ 713,500 ડોલરની સરેરાશ કિંમતથી નીચે હતા

**ઓન્ટેરિયો**

ડિસેમ્બરમાં વેચાયેલા કેનેડિયન ઘરોની સરેરાશ કિંમત 626,318 ડોલર હતી, જે એક વર્ષ અગાઉ આ મહિનામાં હતી તેનાથી 12 ટકાથી વધુનો ઘટાડો દર્શાવે છે.

કેનેડિયન રિયલ એસ્ટેટ એસોસિએશન, જે સમગ્ર દેશમાં 150,000થી વધુ રિયલ્ટરોનું પ્રતિનિધિત્વ કરે છે, તેણે સોમવારે દેશના હાઉસિંગ માર્કેટ વિશે નવા આંકડા બહાર પાડ્યા હતા. જે દર્શાવે છે કે, આ જ મહિનામાં વેચાયેલા ઘરોની સંખ્યા અને તેઓ જે કિંમતો મેળવે છે તે બંને એક વર્ષ પહેલા ડિસેમ્બરમાં હતા તેના કરતા ખૂબ ઓછા હતા.

ડિસેમ્બર 2021થી આ વેચાણ 39 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. અને ભાવ પણ 2021ના અંતે 713,500 ડોલરની સરેરાશ કિંમતથી નીચે હતા. બેંક ઓફ કેનેડાએ આક્રમક રીતે ધિરાણ દરોમાં વધારો કરવાનું શરૂ કર્યું તે પહેલા ફેબ્રુઆરી 2022માં આ ભાવ 816,720 ડોલરની ટોચે પહોંચ્યા હતા. રિયલ્ટર ગ્રૂપનું કહેવું છે કે, સરેરાશ વેચાણ કિંમત ગેરમાર્ગે દોરનારી હોઈ શકે છે. કારણ કે, તે ટોરોન્ટો અને વાનકુવર જેવા સ્થળોએ મોંઘા ઘરોનાં વેચાણ દ્વારા સરળતાથી ગેરમાર્ગે દોરી શકે છે. તેથી તે એક અલગ નંબરને ટેબ્યુલેટ કરે છે, જેને હાઉસ પ્રાઈસ ઈન્ડેક્સ તરીકે ઓળખવામાં આવે છે. જે વેચવામાં આવતા આવાસના વોલ્યુમ અને પ્રકાર માટે ગોઠવાય છે. HPI ગયા વર્ષે તેની ટોચથી 13 ટકા નીચે હતો.

# મારખમ રોડ પર નાનું પ્લેન ક્રેશ થયું, કોઈને ઈજા નહીં

## ઘટનાનું કારણ શોધવા તપાસ પ્રક્રિયા શરુ કરાઈ

**મારખમ**

યોર્ક પ્રાદેશિક પોલીસે પુષ્ટિ કરી છે કે સોમવારે બટનવિલે એરપોર્ટ નજીક માર્ખામ રોડ પર એક નાનું વિમાન ક્રેશ થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, પ્લેન, Slingsby T67C, બપોરના સુમારે લેન્ડ કરવા જઈ રહ્યું હતું, ત્યારે તે એરપોર્ટ નજીક 16મી એવન્યુ ઉપર કોઈક રીતે ક્રેશ થયું હતું.

બોર્ડ પરના બેમાંથી કોઈને પણ ઈજા થઈ નથી, જ્યારે ઘટનાસ્થળની તસવીરો દર્શાવે છે કે, પ્લેનને ન્યૂનતમ નુકસાન થયું છે.

ફાયરકર્મીઓને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટનામાં આગ લાગી નહોતી. પાયલોટ રોડ-વે પર કેમ ઉતર્યો તે હજુ સ્પષ્ટ થયું નથી.

કેનેડામાં હવાઈ, દરિયાઈ, પાઈપલાઈન અને ટ્રેન પરિવહનની ઘટનાઓની તપાસ કરતી ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (TSB) નામની એક સ્વતંત્ર એજન્સીએ કહ્યું કે, તે માહિતી એકત્ર કરવા અને શું થયું તેનું મૂલ્યાંકન કરવા માટે એક ટીમ મોકલશે.

# ધ્રુવીય વમળોથી રશિયામાં કાતિલ ઠંડીના એંધાણ: કેનેડામાં પણ માઠી અસર વર્તાશે

**ઓન્ટેરિયો**

સાઈબિરીયા ઉપર ફરતા ધ્રુવીય વમળને કારણે આ વર્ષે પૃથ્વી ઉપર અત્યાર સુધીનું સૌથી ઠંડું તાપમાન સર્જાયું છે અને હવામાનશાસ્ત્રીઓના મતે ફેબ્રુઆરીની શરૂઆતમાં તે કેનેડા તરફ પ્રયાણ કરી શકે છે.

પર્યાવરણ કેનેડાના મુખ્ય હવામાનશાસ્ત્રી ડેવિડ ફિલિપ્સએ મીડિયાને જણાવ્યું હતું કે, અમે માનીએ છીએ કે, આખા બ્રિટિશ કોલંબિયા, તમામ પ્રેરી, નોર્થવેસ્ટ ટેરિટરીઝ, યુકોન અને ઉત્તર-પશ્ચિમ ઓન્ટેરિયો સુધીનો મોટો વિસ્તાર ફેબ્રુઆરી મહિના માટે સામાન્ય કરતાં વધુ ઠંડો હશે. મંગળવારે તેમણે કહ્યું કે, મને લાગે છે કે તે ધ્રુવીય વમળની દક્ષિણ તરફ જવાનું સીધું પરિણામ છે. ફ્રિજિડ આર્ક્ટિક હવા ઉત્તર રશિયા પર મંડરાઈ રહી હોવાને કારણે ટોંગુલાખ, સાઈબિરીયાના એક વેધર સ્ટેશને 14 જાન્યુઆરીના રોજ -62.4 સે તાપમાન નોંધાયું હતું. આ તાપમાન મંગળ પરના સરેરાશ તાપમાનથી માત્ર 0.3 સે છે. જે સેકન્ડોમાં ખૂલ્લી ત્વચાને થીજાવી દેવા માટે પૂરતું છે. રશિયામાં બે દાયકામાં નોંધાયેલું આ સૌથી નીચું તાપમાન છે. ફિલિપ્સે કહ્યું હતુ કે, આદર્શ પરિસ્થિતિઓમાં, ધ્રુવીય વમળો ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર રહે છે, જે તેમના પોતાના શક્તિશાળી પરિભ્રમણ અને મજબૂત ધ્રુવીય જેટ સ્ટ્રીમ્સ દ્વારા સ્થાન ધરાવે છે જે ઉત્તર અને દક્ષિણમાં પૃથ્વીના ઉપલા અક્ષાંશોની આસપાસ અથવા પશ્ચિમમાં ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ફરે છે.

HARISON TRUXCOOL Transportation Training Institute
AZ TRACTOR TRAILER MELT PROGRAM & AIR BRAKE COURSE
HARISON TRUXCOOL INC.
Registered as a Private Career College under the Private Career Colleges Act, 2005
કેનેડામાં સૌ પ્રથમવાર ગુજરાતી ટ્રક ડ્રાઈવિંગ સ્કૂલ
We are Specialized In:
- AZ Tractor Trailer Program - MELT
- DZ Training (Non-Vocational)
- Air Brake - Z Endorsement Training (Non Vocational)
We are Offering:
- Flexible training Schedule
- 1:1 on road training
- 1:1 backing training
- 1:1 training for coupling uncoupling
- Financing with 0% interest Available
- Air brake classes every week

We encourage repeater student with reasonable rate for Training & Road Test
: OFFICE:
220 Rutherford Road South, Unit # 208 & 210, Brampton, ON.L6W 3J6
: YARD :
6666 Rutherford Road, Kleinburg, ON. L0J 1C0
: CONTACT PERSON:
RAKESH GANDHI, Ph: 647-643-2700
E-mail: rakesh@harisontruxcool.com - Website: www.harisontruxcool.com
TRANSPORTATION TRAINING INSTITUTE
• AIR BRAKE LICENSE • FLEXIBLE SCHEDULE
• EXPERIENCED INSTRUCTORS

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA

Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news


# ભારતીય મૂળના કેનેડિયન સમુદાય દ્વારા "ફિલ અ બોક્સ" ફૂડ ડ્રાઈવ



## જલ્દી નાશ ન થાય તેવા ફૂડ બોક્સનું દાન મળ્યુ, સેવાભાવીઓને બિરદાવાયા

**ઓન્ટેરિયો**

ભારતીય મૂળના કેનેડિયનો 2023નું સ્વાગત કરવા અને 14 જાન્યુઆરી, 2023ના રોજ પોંગલ, લોહરી અને મકરસંક્રાંતિની ઉજવણી કરવા માટે મારખમની મિલિકન મિલ્સ લાઈબ્રેરીમાં ભેગા થયા હતા. તમામ ઉંમરના લોકો માટે આ મફત સામુદાયિક કાર્યક્રમ માત્ર આનંદ અને ઉત્સવપૂર્ણ સમુદાયના મેળાવડાને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ સમુદાયના સભ્યો માટે યોગદાન આપવા અને તેમના સમુદાયને પાછા આપવા માટે એક અનન્ય તક પણ રજૂ કરે છે.

મીટ એન્ડ ગ્રીટ ઈવેન્ટનો એક અભિન્ન ભાગ મારખમ ફૂડ બેંકના સહયોગથી આયોજિત ફૂડ ડ્રાઈવ હતી. જેમાં સમુદાયના સભ્યોએ "ફિલ-એ-બોક્સ" ફૂડ ડ્રાઈવ માટે નાશ ન થઈ શકે તેવા ફૂડ બોક્સનું દાન કર્યું અને તૈયાર કર્યું હતુ.

ખાસ આમંત્રિત અતિથિ મારખમ ફૂડ બેંકના પ્રમુખ સ્ટીફન લોગે હાજરી આપી ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. સમુદાય પ્રવૃત્તિઓ મારખમ સમુદાયના નોંધપાત્ર બહુસાંસ્કૃતિક ડાયસ્પોરાને પ્રતિબિંબિત કરે છે. ઉપસ્થિત લોકોએ વિવિધ પ્રકારની સામુદાયિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જેમાં સદભાવના અને ઉદારતાની ભાવનાને મૂર્તિમંત કરવામાં આવી હતી.

જેમ કે ફૂડ ડ્રાઈવ બોક્સને સુશોભિત કરવા, 22 જાન્યુઆરીએ નવા વર્ષની ઉજવણી માટે લાલ પેકેટ તૈયાર કરવા અને 26 જાન્યુઆરીના ભારતીય પ્રજાસત્તાક માટે કેનેડિયન અને ભારતીય ધ્વજ તૈયાર કરવા વગેરે કામગીરી કરાઈ હતી. વિક્રાંત ઠાકુરે પોતાની સુરીલી ગાયકી દ્વારા ઉપસ્થિતોનું મનોરંજન કર્યું હતું.

ફૂડ ડ્રાઈવ કમિટીના સભ્યો સુધાકર સાહ, અંશુલ અને જ્યોતિ જોહરી, રાજન ગોસૈન, શ્રદ્ધા, શુભાશ અને શોભા માથુર, સંદીપ કુમાર અને રેણુ શ્રીવાસ્તવનો તેમની સખત મહેનત અને સમર્પણ માટે આભાર મનાયો હતો. સમિતિના સભ્યો સુરિન્દર રાઝદાન અને અરુણ પ્રસાદને તેમના સતત સમર્થન અને સહાય માટે અને નીરા ચક્રવર્તીનો આ સમુદાય પહેલનું નેતૃત્વ કરવા માટે ખાસ આભાર વ્યક્ત કરાયો હતો.

# ટોરોન્ટો સૌથી વધુ ગીચ શહેરની યાદીમાં અનેક ભયજનક ટ્રાફિક પોઈન્ટ સામેલ

## ગત વર્ષે ટોરોન્ટોનાવાસીઓએ ટ્રાફિક પોઇન્ટ ઉપર રાહ જોવામાં 118 કલાક ગુમાવ્યા



**ટોરોન્ટો**

ટોરોન્ટો ઝડપથી વિશ્વના સૌથી વધુ ગીચ શહેરોની રેન્કમાં આવી રહ્યું છે, જે ઉત્તર અમેરિકામાં ત્રીજા ક્રમે આવે છે અને તાજેતરના આંતરરાષ્ટ્રીય અહેવાલમાં 1,000થી વધુ શહેરોમાંથી સાતમા ક્રમે આવે છે.

આ મહિને ટ્રાન્સપોર્ટેશન એનાલિટિક ફર્મ ઈનરિક્સના ડેટા દર્શાવે છે કે, ગત વર્ષે ટોરોન્ટોનાવાસીઓએ ટ્રાફિક પોઈન્ટ ઉપર રાહ જોવામાં 118 કલાક ગુમાવ્યા હતા. તે 2021ના ડેટાની સરખામણીમાં લગભગ 60 ટકાનો ઉછાળો છે, જ્યારે સૌથી વધુ ટ્રાફિક સમય માટે શહેર વૈશ્વિક સ્તરે 22મા સ્થાને આવ્યું હતું.

ઈંધણના ઊંચા ભાવો, ફુગાવાનું દબાણ અને યુરોપમાં યુદ્ધ ઉપરાંત મોટાભાગના વિશ્વભરમાં સપ્લાય ચેઈનની સમસ્યાઓ હોવા છતાં મોટાભાગના શહેરી વિસ્તારોમાં 2021ની સરખામણીએ 2022માં વધુ વિલંબ થયો હોવાનું એક અહેવાલ દર્શાવે છે.

જો કે, મોટાભાગના લોકો હજુ પણ 2019ની ટ્રાફિક સમસ્યાથી ઘણાં દૂર છે. કારણ કે, મુસાફરી અને કામ કરવાની આદતો નોંધપાત્ર રીતે બદલાઈ ગઈ છે.

જો કે, પગે ચાલનારાઓનો ટ્રાફિક હજી રોગચાળા પહેલાના સ્તરે પહોંચ્યો નથી. ટોરોન્ટોના લોકોનું કહેવું છે કે, ટ્રાફિકનું પ્રમાણ પહેલાથી જ આ સ્તરે પહોંચી ગયું છે. ડેટા એવી રીતે આવે છે જે રીતે શહેર બાંધકામ પ્રોજેક્ટ્સની શ્રેણી સાથે કામ ચાલતું હોય છે.

મહિનાઓથી ટોરોન્ટોમાં આ મુશ્કેલી ચાલી રહી છે. સિટીનો ડેટા દર્શાવે છે કે, શહેરના સૌથી વ્યસ્ત આંતરિક વિસ્તારો મોટાભાગે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ખૂણામાં કાર્યરત રહે છે અને રાત્રે ડાઉનટાઉન કોર સુધી ફેલાય છે. દરેક આંતરિક વિસ્તારમાં વિવિધ પરિબળો હોય છે, જે ભીડનું કારણે બને છે.







તંત્રી સ્થાનેથી

# કુસ્તીબાજ છોકરીઓનું શોષણ ફેડરેશન મૌન, સરકાર બેફીકર

ભારતમાં રમતોનું આયોજન કે સ્પર્ધા યોજનારા એસોસિયેશન કે ફેડરેશન વિવાદોમાં અનેકવાર સપડાયા છે. વળી અનેક કિસ્સામાં વિવાદનું મુળ એસોસિયેશન કે ફેડરેશનમાં વરસોથી અડીંગો જમાવીને બેઠેલા રાજકારણીઓ સુધી પહોંચે છે. હકીકતમાં સ્પોર્ટ્સ સાથે જેમને કંઈ લેવાદેવા નથી હોતી તેવાને એસોસિયેશન કે ફેડરેશનનો કારભાર સોંપી દેવાય છે. પરિણામે નાણાં-વગનો ઉપયોગ અંગત ફાયદા માટે થાય એટલે વિવાદ ઉદભવે છે. હાલમાં ભારતીય કુસ્તી મહાસંઘ એટલે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ચર્ચામાં આવ્યું છે. કારણ કે, આ વખતે કુસ્તીબાજ છોકરીના યૌન શોષણનો ગંભીર આરોપ મુકાયો છે.


તંત્રી - સ્વદેશ

ભારતીય કુસ્તી મહાસંઘ એટલે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ભારતમાં કુસ્તીની રમતનું સંચાલન કરે છે. આ સંગઠનના પ્રમુખ તરીકે ભૂતકાળમાં તેમનાં કરતૂતોના કારણે ઘણીવાર વિવાદોમાં ફસાયેલા એવા યુપીના કેસરગંજના લોકસભાના સભ્ય અને ભાજપના નેતા બ્રિજ ભૂષણ શરણ સિંહ છે. બ્રિજ ભૂષણ ગેંગસ્ટર કમ નેતા મનાય છે. તેમની સામે મહિલા કુસ્તીબાજોના શારીરિક શોષણનો આક્ષેપ થયો છે. આ આક્ષેપ દેશની બે ટોચની મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટ અને સાક્ષી મલિકે મુકતા મીડિયામાં તેનો શોર સંભળાય રહ્યો છે. વિનેશ ફોગાટ દંગલ ફેઈમ ફોગાટ પરિવારની દીકરી છે અને ઘણી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મેડલ જીતીને દેશનું ગૌરવ વધારી ચૂકી છે. છેલ્લે વિનેશ ફોગાટે 2022માં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સાક્ષી મલિક ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતી ચૂકી છે. સાક્ષી આ પરાક્રમ કરનારી દેશની એક માત્ર મહિલા કુસ્તીબાજ હોવાથી તેની સિદ્ધિ તો વધારે મોટી છે.

કુસ્તી મહાસંઘના ગેરવહીવટ સામે ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા સહિત ટોચના લગભગ ૨૦ કુસ્તીબાજ દિલ્હીના જંતર-મંતર ખાતે ધરણાં ઉપર બેઠા છે. આ ધરણાં દરમિયાન વિનેશ ફોગાટે ધડાકો કર્યો કે, નેશનલ કેમ્પમાં બ્રિજભૂષણ શરણ સિંહ અને કોચ યૌન મહિલા કુસ્તીબાજોનું શારિરીક શોષણ કરે છે.

નેશનલ કેમ્પોમાં ફરજ બજાવતા અનેક કોચ તો વર્ષોથી મહિલા કુસ્તીબાજોનું શારીરિક શોષણ કરી રહ્યા છે અને આ અંગે ફરિયાદો થયા પછી પણ સાંભળનારુ કોઈ જ નથી. ફાગાટના આ આક્ષેપ બાદ સાક્ષી મલિકે તેની વાતમાં સૂર પુરાવ્યો છે. ફોગાટને પોતાને અંગતરીતે નિશાન બનાવાઈ તેની પણ વાત કરતાં કહ્યું છે કે, ટોક્યો ઓલિમ્પિકમાં હાર બાદ બ્રિજભૂષણે તેને 'ખોટો સિક્કો' કહીને માનસિક ત્રાસ ગુજાર્યો હતો. વિનેશની પોતાની કબૂલાત પ્રમાણે આ બધાથી પોતે એ હદે થાકી ગઈ હતી કે, પોતાના જીવનનો અંત લાવવા બાબતે જ વિચાર કરતી હતી. વિનેશના કહેવા પ્રમાણે, કોચ મહિલાઓને પરેશાન કરે છે અને અમારી સ્થિતિ એ છે કે પૂછ્યા વિના પાણી પીવા પણ જઈએ તો પણ તતડાવી નંખાય છે.

અમને મારી નાંખવાની ધમકી આપવામાં આવી રહી છે. આમ છતાં આવા નરાધમોની કરતૂતોએ હદ વટાવતા આજે અમે અમારું ભવિષ્ય જોખમમાં મુકીને ધરણા પર બેઠા છીએ. વિનેશ પોતાની વાત કરતાં કરતાં રડી પડી હતી. કુસ્તીબાજો લાંબા સમયથી ફરિયાદો કરી રહ્યા છે અને બે દિવસથી ધરણાં પર બેઠા હતા. જયારે ફેડરેશન કે સરકારને તેમની વાત સાંભળવામાં કોઈ રસ ન હતો.

જો કે, મીડિયાને આ વિવાદમાં રસ પડી જતા તેના પડઘા હવે આખા દેશમાં સંભળાય રહ્યા છે. મીડિયાએ મુદ્દો ઉછાળતા જ ફેડરેશને હરકતમાં આવી આસિસ્ટન્ટ સેક્રેટરી વિનોદ તોમરને ખેલાડીઓને મનાવવા મોકલ્યા હતા. તોમરે તો પોતાને કંઈ ખબર જ ના હોય એવો ડોળ કરીને કહ્યું કે, ફેડરેશનના પ્રમુખને તમામ કુસ્તીબાજોએ પત્ર લખ્યો પછી મને ધરણાંની ખબર પડી. બાકી મને તેમની સમસ્યાઓની કોઈ ખબર નથી અને હું તો અહીં તેમની સમસ્યાઓ અંગે પૂછવા જ આવ્યો છું.

ફેડરેશને દેખાવ ખાતર પણ માણસને મોકલેલો પણ સરકારને તો કંઈ પડી જ નહોતી. વિનેશ ફોગાટે શારીરિક શોષણના આક્ષેપ કર્યા કે સરકાર સફાળી જાગી અને દોડતી થઈ ગઈ. કેન્દ્રના રમતગમત મંત્રાલયે રેસલિંગ ફેડરેશનને નોટિસ ફટકારીને ૭૨ કલાકમાં જવાબ માંગ્યો છે. ફેડરેશન દ્વારા જવાબ આપવામાં નહીં આવે તો આકરી કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. સરકાર આકરી થઈ તો બ્રિજભૂષણ શરણ સિંહ પણ જાગી ગયા. તેમણે વિનેશ ફોગાટના આક્ષેપોના પાયાવિહોણા ગણાવીને દાવો કર્યો છે કે, વિનેશ કે સાક્ષી પાસે પોતાના આક્ષેપો સાબિત કરવા માટે કોઈ પુરાવા નથી. પુરાવા હોય તો લઈને મારી પાસે આવે. જો આક્ષેપો સાચા હશે તો હું ફાંસી પર લટકી જઈશ.

બ્રિજભૂષણ સિંહના આ પ્રકારના બચાવનો મતલબ નથી. વિનેશ કે સાક્ષી મલિક જેવી છોકરીઓ પોતાની કારકિર્દીને દાવ પર લગાવીને મેદાનમાં આવી હોય ત્યારે ફરિયાદ કે આક્ષેપમાં તથ્ય હોવાની શકયતા વધુ છે. બ્રિજભૂષણ સિંહ રાજકારણી છે તેથી એ ખોટું બોલી શકે તેમ છે. પણ દેશના ટોચના ૩૦ જેટલા કુસ્તીબાજો એકસાથે આ પ્રકારે મોરચો માંડે તો તે વિચારવા જેવી બાબત છે. ફેડરેશન હવે સરકારને શું રિપોર્ટ આપે છે તેના તરફ સૌએ મીટ માંડી દીધી છે. સિંહ ભાજપના નેતા છે તેથી સરકાર ખરેખર કોઈ પગલાં લેશે કે કેમ તેમાં શંકા છે. કુસ્તી ફેડરેશનના વિવાદે ભારતમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે મહિલાઓના શોષણના મુદ્દાને ફરી છેડ્યો છે. મહત્વની વાત તો એવી છે કે, બોલીવુડની કોઈ કલાકાર ઓછાં કપડાં પહેરે તો કાગારોળ મચાવી દેનારી કે કોઈ રાજકારણી રાષ્ટ્રપતિને રાષ્ટ્રપત્નિ કહે તેમાં તો મહિલાઓનું અપમાન થઈ ગયું એમ કહીને દેશને માથે લેનારી ભાજપની મહિલા નેતાઓ આ મુદ્દે ચૂપ છે. કુસ્તીબાજ છોકરીઓના પડખે ઊભા રહેવાની વાત તો છોડો પણ આ મુદ્દે યોગ્ય તપાસની માંગી પણ ભાજપની કોઈ મહિલા નેતાએ કરી નથી. આ હકીકત ભાજપના બેવડા ધોરણની પ્રતીતી કરાવી રહી છે.

ભારતમાં કોઈપણ વિવાદ ઉભો કરવામાં ભાજપ માહેર છે. પરંતુ પોતાનો જ નેતા કે, સરકાર સામે કોઈ ગંભીર આરોપો મુકાય કે, તે વિવાદમાં સપડાય ત્યારે કાંઈ જ ન થયું હોવાનો ડોળ કરવામાં પણ હવે તે મહારથ હાંસલ કરવા તરફ આગળ વધી રહ્યો છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL

✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI

✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
CPMA - ACGP
SPMAO
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

E FS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com

# આપઘાત કરનાર યુવક-યુવતીની મૂર્તિ બનાવી પરિવારજનોએ કરાવ્યા લગ્ન

## નિઝરના નેવાળા ગામે થોડા સમય પહેલા જ પ્રેમીપંખીડાએ આત્મહત્યા કરી હતી

**તાપી**

તાપી જિલ્લાના નિઝર તાલુકાના નવા નેવાળા ગામે થોડા સમય પહેલા પ્રેમી પંખીડાએ આત્મહત્યા કરી લીધી હતી. બંનેના મોત બાદ પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. મૃત્યુ પામનાર યુવકનું નામ ગણેશભાઈ અને યુવતીનું નામ રંજનાબેન હતું. આ બંનેએ કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઓગસ્ટ 2022માં બંનેએ દુનિયાને અલવિદા કહ્યું હતું. હવે તેમના પરિવાર દ્વારા



આદીવાસી પરંપરા મુજબ બંનેની મૂર્તિ સ્થાપી લગ્ન કરાવવામાં આવ્યા છે.

આપઘાતમાં મૃત્યુ પામેલા યવક અને યુવતીની મૂર્તિ જેને આદિવાસી બોલીમાં પાટલી કહેવામાં આવે છે. પરિવારજનો દ્વારા યુવક અને યુવતીની પાટલી બનાવી બંનેના લગ્ન કરાવવામાં આવ્યા હતા. આપઘાત કરનાર ગણેશ દીપકભાઈ પાડવી (ઉમર વર્ષ 21) અને રંજનાબેન મનીષ પાડવી (ઉમર વર્ષ 20) ની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ પરિવારજનોની હાજરીમાં લગ્ન કરાવવામાં આવ્યા હતા. આદિવાસી પરંપરા અનુસાર વિધિ કરવામાં આવી હતી.

# સુરતમાં માનતા પુર્ણ કરવા મહાદેવ મંદિરમાં ચઢાવાય છે જીવતા કરચલાં

**સુરત**

ભગવાનને ફૂલહાર અને દૂધ અને પ્રસાદ ચડાવતા તો જોયા છે પરંતુ સુરતનું એક મંદિર એવું છે કે જ્યાં ભગવાનને જીવતા કરચલા ચડાવવામાં આવે છે. લોકો પોતાની બાંધા પુરી કરવા ભગવાનને જીવતા કરચલા ચઢાવે છે. ઉતરાયણ બાદ આ બાધા પૂરી કરવા માટે ઉમરા રામનાથ ઘેલા મંદિરે લોકો મંદિરે આવતા હોય છે. મંદિરનાં પૂજારી અભિષેક ગોસ્વામીએ કહ્યું કે હજ્જારો વર્ષ પહેલા જ્યારે ભગવાન રામ 14 વર્ષના વનવાસ માટે નીકળ્યા હતા. દરમિયાન ભગવાન રામના પિતા દશરથનું મોત નીપજયુ હતુ. ભગવાન



રામ પોતે વનવાસ ભોગવી રહ્યા હોય જેથી તેઓ પિતાની તરપણ વિધિમા જઈ શકયા ન હતા. જેથી ભગવાન રામે તરપણ વિધિ કરવાનુ નક્કી કરી દીધુ હતુ. ભગવાન રામે તીર મારીને પીપલોદના તાપી નદિકિનારે શીવલીંગ પ્રગટ કર્યુ હતુ.

# વિદ્યાર્થી વિદેશ પહોંચી જાય છે છતાં લોન નથી મળતી, MLAનો CMને પત્ર

**સુરત**

સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને વિદેશમાં અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ સંદર્ભે રજૂઆત કરી છે. તેમણે પત્ર લખીને જણાવ્યું છે કે, વિદેશ જતાં વિદ્યાર્થીઓને 6 મહિના સુધી લોન ચૂકવવામાં નથી આવતી. તેઓ વિદેશ પહોંચી જાય પછી પણ લોન ચૂકવાતી નથી. જેથી તેઓ સરળતાથી અભ્યાસ કરી શકે તે માટે સમયસર લોન ચૂકવાય તેવા પગલાં લેવામાં આવે. ગુજરાત સરકારે તૈયાર કરેલી યોજના અંતર્ગત ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે. આ યોજનામાં વિદ્યાર્થીઓ લોન માટે અરજી કરે છે પરંતુ તેમને વિઝા મળ્યા બાદ એડમિશન પણ મળી જાય અને તેઓને વિદેશ જવાનું થઈ જાય ત્યારે પણ આ લોન મળતી નથી.

# બનાસકાંઠાના ઠક્કર પરિવારની મહિલાના અંગદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું

**સુરત**

બનાસકાંઠા જીલ્લામાં ડીસા તાલુકામાં ભીલડીમાં ધરણીધર બંગલોમાં રહેતા ૫૩ વર્ષીય ઉષાબેન રમેશભાઈ ભીલડી સુરતમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે પ્રેકટીસ કરતા તેમના પુત્ર મુકેશને ત્યાં છેલ્લા એક માસથી રહેવા આવ્યા હતા. ગત તા.૧૧મી વહેલી સવારે ઉષાબેને ખેંચ આવતા પરિવાર સારવાર માટે અડાજણની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જયાં તેમનું સીટી સ્કેન કરાવતા મગજની લોહીની નસ ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું.

જયારે ગત તા.૧૬મીએ ન્યુરોસર્જન સહિતના ડોક્ટરની ટીમે ઉષાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. આ અંગે ડોનેટ લાઈફની ટીમે જાણ થતા હોસ્પિટલ પહોંચી ઉષાબેનના પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવાતા સંમતિ આપી હતી. જયારે તેમની ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકએ સ્વીકાર્યું હતું. જયારે દાનમાં મળેલુ લિવર જુનાગઢના વ્યકિતમાં કતારગામની હોસ્પિટલમાં તથા કિડનીઓનું બે જરૂરિયાતમંદ દર્દીમાં અમદાવાદની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જયારે ઉષાબેનના પતિ કાપડની દુકા ધરાવે છે.

# સુરતમાં અબજોપતિની 8 વર્ષની દીકરીએ દીક્ષા લીધી, હાથી-ઘોડા સાથે શોભાયાત્રા

**સુરત**

સુરતમાં હીરાના વેપારીની દીકરીને લઈ એક અનોખી વાત સામે આવી રહી છે. 8 વર્ષની વયે મોટા હીરાના વેપારી સંઘવી મોહનભાઈની પૌત્રી અને ધનેશ-અમીબેનની પુત્રી દેવાંશીએ દીક્ષા લીધી હતી. આ દીક્ષા મહોત્સવ તારીખ 14 જાન્યુઆરીથી વેસુમાં યોજાયો હતો. કાર્યક્રમમાં લગભગ 35 હજારથી વધુ લોકો હાજર રહ્યા હતા. દેવાંશી જૈનાચાર્ય કીર્તિયશસૂરીશ્વર મહારાજ પાસેથી દીક્ષા ગ્રહણ હતી. દેવાંશીના પરિવારના જ સ્વ. તારાચંદનું પણ ધર્મ ક્ષેત્રે ઘણું વિશેષ મહત્વ રહ્યું હતું. તેમણે આબુની ટેકરીઓ નીચે બનેલ સંઘવી ભેરુતારક તીર્થનુ નિર્માણ કર્યું હતું. સુરતમાં જ દેવાંશીની વર્ષિદાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 4 હાથી, 20 ઘોડા, 11 ઊંટ દ્વારા આ યાત્રા ભવ્ય બની હતી. અગાઉ આ વર્ષિદાન યાત્રા મુંબઈમાંથી નીકળી હતી.

નવા વર્ષની શુભકામનાઓ...
ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$ 11.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$14.99 (M-T) / $15.99 (F-S)
Call us for details
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# નડિયાદ સંતરામ મંદિર ખાતે સમાધિ મહોત્સવની ઉજવણી માટે તૈયારીઓ

## 5 મી ફેબ્રુઆરી એટલે કે મહાસુદ પુર્ણીમાના રોજ દિવ્ય સાકર વર્ષા તેમજ મેળો યોજાશે

**નડિયાદ**

નડિયાદના શ્રી સંતરામ મંદિર ખાતે યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના ૧૯૨મા સમાધિ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલુ થઇ ગઇ છે. આગામી ૫મી ફેબ્રુઆરીએ સાકરવર્ષા અને સંતરામ મેળો ભરાશે. જેમાં સુપ્રસિદ્ધ ભાગનું કથાકાર પૂ. જીગ્નેશદાદાની કથા ૨૩ થી ૨૯ જાન્યુઆરી દરમ્યાન દરરોજ સવારે થશે. આ ઉપરાંત ગુજરાતના જાણીતા સંગીતકારો, ગાયકો, અને ભજનીકો દરરોજ રાત્રે ભક્તિસંગીતમાં ચરોતરની પ્રજાને તલ્લીન કરશે. જેમાં સુપ્રસિદ્ધ ભજનીકનું ભક્તિ સંગીત તા.૨૩ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી દરમ્યાન દરરોજ રાત્રે ૭.૩૦ કલાકે સંતરામ મંદિરના મુખ્ય કથામંડપમાં યોજાશે. ત્યારબાદ ૩૦મી જાન્યુઆરીથી બોરે ૩ થી ૬ ગીતા.સત્સંગ, ૨ અને ૩ ફેબ્રુઆરીએ પદગાન, શ્રીરામ ચરિત સમુહ પારાયણ અખંડ), આ અગાઉ ૭થી ૧૩મી જાન્યુઆરી મુંબઇના પ્રો. અને દર્દીનું મહાભારત પ્રવચન સત્ર, ૧૪ થી ૨૨મી જાન્યુઆરી સુધી વૃંદાવનના નવલરામજી મહારાજના મુખે શ્રી રામચરિત માનસ-રામ પારાયણ વગેરે કાર્યક્રમો યોજાશે.



# અપક્ષ ચૂંટણી લડનાર દિનેશ પટેલનું બરોડા ડેરીના પ્રમુખ પદેથી રાજીનામું

## જી. બી. સોલંકીની કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરાઇ

**વડોદરા**

પાદરાના પૂર્વ ધારાસભ્ય અને બરોડા ડેરીમાં છેલ્લા આઠ વર્ષથી પ્રમુખ પદે રહેલા દિનેશ પટેલે અચાનક રાજીનામું આપી દેતાં દૂધ ઉત્પાદકો અને સહકારી ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. તેમણે બોર્ડ ઓફ ડિરેક્ટરને રાજીનામું સોંપી દીધું છે. આ પહેલાં વિધાનસભાની ચૂંટણી વખતે અપક્ષ ઉમેદવારી કરતાં હોવાથી તેમણે ચૂંટણી લડવા માટે રાજીનામું આપ્યું હતું. દિનેશ પટેલની પ્રમુખ તરીકેની ટર્મ પુરી થવામાં ૬ મહિનાનો સમય બાકી હતો. હવે તેમના રાજીનામા બાદ જી. બી. સોલંકીની કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરાઈ છે. હાલ દિનેશ પટેલે બરોડા ડેરીમાંથી અચાનક રાજીનામું ધરી દીધું છે. તેમણે ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને રાજીનામું સોંપ્યું છે. રાજીનામું આપ્યા બાદ તેમણે કહ્યું હતું કે, છેલ્લા આઠ વર્ષમાં મારા પ્રમુખ પદ તરીકે તમામનો સાથ સહકાર મળ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર. ભાજપે દિનેશ પટેલની આ વખતે ટિકીટ કાપતાં જ તેમણે અપક્ષ ઉમેદવારી કરી હતી.

# ટીવી કેબલનું ભાડું નહીં ચૂકવનાર ઓપરેટરને એક વર્ષ જેલની સજા

**વડોદરા**

વડોદરામા, આજવા રોડ, તિલકનગરમાં રહેતા અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા અલ્પેશ ભરતકુમાર દવે અગાઉ કેબલ ઓપરેટરનો વ્યવસાય હતા. એ સમયે તેઓએ બાંધકામના વ્યવસાય સાથે કેબલ ઓપરેટરનું કામ કરતા ભરત ભગુભાઈ પટેલ (રહે. પંચવટી સોસાયટી, આજવા રોડ) ને દર મહિને 56 હજારના ભાડે કેબલનો છેડો આપ્યો હતો. જો કે ભરત પટેલે ચાર વર્ષ સુધી ભાડાની રકમ ચૂકવી ન હતી. ત્યારે અલ્પેશે બાકી નાણાંની ઉઘરાણી કરતા ભરતકુમાર પટેલે ભાડાના બદલે વાઘોડિયા રોડ ખાતે તેની સાઈટમાં બે મકાનો આપવા ખાત્રી આપી હતી જો કે ભરત પટેલે મકાન આપ્યા નહતા અને બાકી નીકળતા નાણાં પેટે આપેલા ચેક પણ પરત ફર્યા હતા.

આખરે અલ્પેશ દવે એ ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ ભરત પટેલ સામે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસની સુનાવણી હાથ ધરાતા બંને પક્ષોની દલીલો અને પુરાવાની ચકાસણી બાદ 23 માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપી ભરત પટેલને એક વર્ષ જેલની સજા અને રૂપિયા 65 લાખના દંડની સજા ફટકારી છે.

# પાલનપુર અર્બુદા શક્તિપીઠ ખાતે આગામી ફેબ્રુઆરીમાં ચૌધરી સમાજનો મહોત્સવ

**બનાસકાંઠા**

પાલનપુરમાં પાલનપુર અર્બુદા શક્તિપીઠ ખાતે ચૌધરી સમાજનો મહોત્સવ યોજાનાર છે. આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર ત્રણ દિવસીય મહોત્સવને લઈને ગુજરાત રાજસ્થાન પંજાબ મધ્ય પ્રદેશ સહિત દેશના તમામ પ્રાંતોના ચૌધરી સમાજના લોકો પાલનપુર દર્શનાથે આવશે ત્યારે અર્બુદા માતાજીના આ યોજનારા રજત જયંતિ મહોત્સવને લઈને અત્યારથી જ તૈયારીઓ થઈ રહી છે.

બનાસકાંઠાના ગામડાઓમાંથી ચૌધરી સમાજના યુવાનો બાળકો



વડીલો મહિલાઓ મોટી સંખ્યામાં અર્બુદા માતાજીનાં સંઘ સાથે પાલનપુર અર્બુદા ધામ ખાતે દર્શન માટે પહોંચી રહ્યા છે. ત્યારે આજે 25 હજાર લોકો સંઘ સાથે પગપાળા અર્બુદા ધામ ખાતે પહોંચ્યા હતા.

ફેબ્રુઆરી માસની ત્રણ ચાર અને પાંચ તારીખે પાલનપુર અર્બુદા શક્તિપીઠ ખાતે અર્બુદા મહોત્સવ યોજાશે, જેમાં અલગ અલગ પ્રાંતો માંથી ચૌધરી સમાજના લોકો દર્શનારથી આવશે અંદાજે 15 લાખ જેટલા લોકો આ મહોત્સવમાં ભાગ લેશે અને માં અર્બુદાના દર્શન કરશે. બનાસકાંઠા ચૌધરી સમાજ દ્વારા ગોળ અને ઝલા પ્રમાણે અર્બુદા માતાનો રથ લઈને છેલ્લા કેટલાય સમયથી ચૌધરી સમાજના લોકો પદયાત્રા કરીને પાલનપુર અર્બુદા શક્તિપીઠ ખાતે આવે છે.

# ડાકોરમાં નકલી દસ્તાવેજ બનાવી પાલિકાના કાઉન્સિલરે સગી બહેન સાથે છેતરપિંડી કરી

**ડાકોર**

ડાકોરમાં જય બંગલોઝ સોસાયટી ખાતે રહેતા ઉષાબેન અશોકભાઈએ પોતાના પિતા બાબરભાઈ દેસાઈભાઈ પટેલ અને પોતાના કાકા ડાહ્યાભાઈ દેસાઈભાઈ પટેલ તથા તેમની બહેન રમીલાબેનની વારસાઈ મિલકત ૨૮/૧૧/૨૦૦૫ના રોજ પોતાના ભાઈઓએ જ ખોટા દસ્તાવેજી પુરાવા રજૂ કરી, નોટીસમાં સહીઓ કરી પોતાના પિતરાઈ રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ તથા સગા ભાઈ સુરેશભાઈ બાબરભાઈ દેસાઈએ બારોબાર વેચી દીધાની ફરિયાદ નોંધાવી છે.નવ મહિના પહેલાં સુરેશભાઈ બાબરભાઈ પટેલ ઉષાબહેનના ઘરે ગયા હતા અને તેમની તથા તેમની બહેન રમીલાબેનની સંયુક્ત ભાગીદારીવાળી મિલકતમાંથી હક્ક કમી કરવાની વાત કરી હતી. ત્યારે બંને બહેને ના પાડી હતી અને પોતાના ભાગની માગણી કરી હતી. બાદમાં સુરેશભાઈની વાત પરથી ઉષાબેન અશોકભાઈને શંકા જતાં તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે સંયુક્ત ભાગીદારીવાળી મિલકત ખોટી સહીઓ કરી હક્ક કમી કરીને, ખોટા સાક્ષીઓ ઊભા કરીને બારોબાર વેચાણ કરી દેવાઈ હતી. આ અંગે ઉષાબહેને ડાકોર પોલીસ સ્ટેશનમાં છે. ફરિયાદના આધારે પોલીસે આરોપીઓને ઝડપી લીધા હતા.

# મહેસાણામાં પતંગના પેચ લડાવવાને મામલે વાત વણસી, 5 શખ્સો દ્વારા આધેડની હત્યા

**મહેસાણા**

વાસી ઉત્તરાયણના દિવસે મહેસાણામાં માનવ આશ્રમ ચોકડી પાસેની ઉમાનગર સોસાયટીમાં નાગજીભાઈ પરિવાર સાથે ધાબે પતંગ ચગાવતા હતાં. આ દરમિયાન સોસાયટીમાં રહેતાં કેટલાક શખ્સોએ પતંગનો પેચ લડાવવાને લઈને માથાકુટ કરી હતી. સામાન્ય બોલાચાલી બાદ મામલો વધુ ઉગ્ર બન્યો હતો. આ બબાલમાં પાંચેક શખ્સોએ નાગજીભાઈને લાકડી અને લોખંડની પાઈપથી મારતાં તેઓ ગંભીર ઈજા પામ્યા હતાં. ત્યાર બાદ તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. આ ઘટનામાં પાંચ શખ્સો સામે મહેસાણા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં માગીલાલ નાગજીભાઈ વણજારાએ ફરિયાદ નોંધાવી છે. મહેસાણામાં ઉત્તરાયણના દિવસે પણ નજીવી બાબતે હુમલોની ઘટના સામે આવી હતી. મહેસાણાના મોહનપુરા ગામે એક યુવકે તમાકુ વાળો માવો આપવાની ના પાડતાં ચાર શખસે તેના ઉપર હુમલો કરી દીધો હતો. એ બાદ મામલો વધુ ઉગ્ર બન્યો હતો. એમાં ચાર શખસે બે યુવક અને એક મહિલા પર છરી વડે હુમલો કરતાં એક યુવકને પેટના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડાયો હતો.

# વડોદરામાં કેનેડાની વર્ક પરમિટના બહાને આજવા રોડના ઠગે રૂપિયા પડાવ્યા

**વડોદરા**

છાણી જકાતનાકા જાદવપાર્ક ખાતે રહેતી દીપિ પ્રવિણભાઈ પરમારે મિલાપ વિનાયક બરવે (રહે. લકુલેશનગર) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ચાર માસ પહેલાં ટ્રાઈકલર હોસ્પિટલમાં મિલાપ સાથે સંપર્ક થયો ત્યારે તેણે જો તમારે કેનેડાની વર્ક પરમિટનું કામ હોય તો હું કરી આપીશ. તેમ કહી તેને ઓફિસ બોલાવી હતી. ચાર દિવસ પછી હું ઓફિસે ગઇ હતી અને કેનેડા વર્ક પરમિટ માટેના કાગળો જમા કરાવી રૂા.૫૦ હજાર આપ્યા હતાં. બાદમાં તેની માંગણી મુજબ ભરતભાઇ, અલ્પેશ રાજ, શુભમ જાદવ, વિનાયક બરવેને ઓનલાઇન અને રોકડથી કુલ રૂા.૨.૯૫ લાખ આપ્યા હતાં. તા.૨૩ ડિસેમ્બરના રોજ મુંબઈમાં મેડિકલ કરાવ્યા બાદ મિલાપનો ફોન બંધ થઇ ગયો હતો અને પૈસા પણ પરત આપ્યા ન હતાં.

# વડોદરામાં ભાજપી કાર્યકરોના બે જૂથ વચ્ચે અથડામણ થતાં દોડધામ

**વડોદરા**

વડોદરા ભાજપના જ કાર્યકર જીગ્નેશ જોષી અને રાજુ રબારી વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો અને આજે રાજુ રબારીના ઘર પાસે આ બાબતે બંને કાર્યકરોના જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. રાજુ રબારીએ આક્ષેપ કર્યો હતો કે, જિગ્નેશ જોષી ઉર્ફે જિગો જોષી અને તેના કેટલાક સાથીદારો મારા ઘરે ધસી આવ્યા હતા. ઘરમાં લગ્નપ્રસંગ હોવાથી મોટાભાગના પુરુષો બહાર હતા અને મહિલાઓ એકલી હતી. જિગા જોષી અને તેના સાથીદારો પાસે બંદુક, તલવારો જેવા હથિયાર હતા. તેમણે કરેલા હુમલાના કારણે અમારા પરિવારની પાંચ જેટલી મહિલાઓ ઘાયલ થઈ હતી. રાજુ રબારીના આક્ષેપ પ્રમાણે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને તેમણે હુમલો કરનારા લોકોને મેથીપાક ચખાડયો હતો અને એ પછી હુમલાખોરો ભાગી ગયા હતા. જોકે આ જૂથ અથડામણના પગલે સમગ્ર ગાજરાવાડી વિસ્તારમાં ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. દરમિયાન આ બાબતે પોલીસ કંટ્રોલ રુમને જાણ કરવામાં આવી હતી.પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને સમગ્ર મામલાની તપાસ શરુ કરી હતી. પોલીસે 5થી 6 બાઈકો કબ્જે કરી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે.

# ઊંઝા માર્કેટ યાર્ડમાં શુકનની હરાજીમાં એક મણ જીરાનો 51,111 ભાવ બોલાયો

**મહેસાણા**

હવે ઊંઝા માર્કેટ યાર્ડમાં પણ જીરૂની સારા પ્રમાણમાં નવા જીરાની આવક શરૂ થઈ ગઈ છે. ઊંઝામાં જીરાની શુકનની હરાજીમાં 20 કિલો એટલે કે એક મણના 51,111 રૂપિયાની બોલી બોલાતા ખેડૂતો ખુશ થઈ ગયા હતાં. સારા ભાવ મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. સામાન્ય રીતે ઊંઝા APMCમાં સિઝન દરમિયાન રોજની 25થી 30 હજાર બોરી આવક થતી હોવાનું ખેડૂતોના મુખે ચર્ચાઈ રહ્યું છે. પરંતું નાના ખેડૂતો કે જેઓ માત્ર બે ત્રણ બોરી લઈને આવે છે તેમને આ વખતે પાકના સારા પૈસા મળવાથી તેમનામાં ખુશીની લાગણી જોવા મળી છે. જીરામાં અંદાજિત ખેડૂત ભરતી 65 થી 70 કિલો હોય છે. પરંતુ આ વખતે રેકોર્ડ બ્રેક ભાવ મળતાં ખેડૂતોની જરૂ વેચવા માટે લાઈનો લાગી છે.

# પંચમીથી વૈષ્ણવ મંદિરો-પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં ફૂલ ડોલોત્સવ શરૂ થશે

## રાજભોગમાં ઠાકોરજીને અવનવા રંગોથી ખેલવવામાં આવશે

**ભાવનગર**

સમસ્ત પુષ્ટિમાર્ગમાં અનન્ય અને સર્વાધિક મહાત્મ્ય ધરાવતા વસંત પંચમીના પાવનકારી મહાપર્વથી ગોહિલવાડમાં આવેલા તમામ શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન વૈષ્ણવ મંદિરો તેમજ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં પરંપરાગત રીતે ફૂલડોલોત્સવનો ભકિતમય માહોલમાં રંગેચંગે શુભારંભ થશે. આ મહાપર્વથી તમામ હવેલીઓ હવેલી સંગીતના કર્ણપ્રિય શાસ્ત્રીય રાગોથી ગુંજી ઉઠશે.

ભાવનગર શહેર અને જિલ્લામાં આવેલ શ્રધ્ધેય વૈષ્ણવ મંદિરો તેમજ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં આગામી તા.૨૬.૧ ને ગુરૂવારથી વસંતપંચમીના મહાપર્વથી ઠાકોરજીને રાજભોગમાં અવનવા રંગોથી ખેલવવામાં આવશે. પુનમથી કર્ણપ્રિય હોળી ધમાર રસિયાની રમઝટ કિર્તનમાં ચાલુ કરવામાં આવશે. વસંત પંચમીથી આગામી ફાગણ સુદ એકમ સુધી સળંગ ૪૨ દિવસ અવિરતપણે ઠાકોરજીને ખેલવવાનો નીત્યક્રમ સમસ્ત પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં યોજાશે.આ મહાપર્વ દરમિયાન દરરોજ સવારે અને સાંજે તમામ હવેલીઓમાં સમસ્ત વૈષ્ણવ સંપ્રદાયના નીજમંડળો અને કિર્તનીયાઓ દ્વારા વિવિધ વાદ્યોના કર્ણપ્રિય સંગાથે એક એકથી ચડીયાતા કિર્તન અને રસિયા મનોરથની રમઝટ બોલાવવામાં આવશે. જેમાં સમસ્ત વૈષ્ણવવૃંદ રીતસરના ઝૂમી ઉઠશે. આ સાથે અનેક વૈષ્ણવ સંપ્રદાયના પરિવારો દ્વારા સ્વજનના સ્મર્ણાર્થે, જન્મદિન કે અન્ય ખુશાલીમાં ઘરે ઘરે પણ રસિયા મનોરથના આયોજન કરાશે. જેમાં આબાલવૃધ્ધ ભાવિકો દ્વારા મન મુકીને હોરી હોરી હોરી રે રસિયા સહિતના કર્ણપ્રિય કિર્તનોની રમઝટ બોલાવવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે, વૈશ્વિક કોરોનાની મહામારી દરમિયાન દેશભરના વૈષ્ણવ મંદિરો તેમજ હવેલીઓમાં ફૂલડોલોત્સવ સાદાઈથી ઉજવાયા હતા. તે વખતે કોરોનાની ગાઈડલાઈન રસિયા મનોરથની રમઝટમાં વિલન સમાન બની ગઈ હતી.

# અમદાવાદ SVPIને ‘બેસ્ટ રીજીનલ એરપોર્ટ ઓફ ધ યર’નો એવોર્ડ

**અમદાવાદ**

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને પ્રતિષ્ઠિત એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ, એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા દ્વારા ‘બેસ્ટ રીજીનલ એરપોર્ટ ઓફ ધ યર’નો એવોર્ડ એનાયત થયો છે. દિલ્હી ખાતે આયોજીત કાર્યક્રમમાં સતત બીજા વર્ષે SVPIને 25 મિલિયન કેટેગરી હેઠળ ‘બેસ્ટ રીજીનલ એરપોર્ટ’નો એવોર્ડ એનાયત કરાયો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી સહિત મહાનુભાવોની ઉપસ્થિતીમાં SVPI એરપોર્ટને પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયું છે. અમદાવાદનું SVPI એરપોર્ટ ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવો પ્રદાન કરવા અવિરત કાર્યરત છે. SVPI એ બે ટર્મિનલ બિલ્ડીંગ વચ્ચે શટલ તરીકે ઈલેક્ટ્રિક સેડાન કારનો ઉપયોગ, એરપોર્ટને જોડતી કનેક્ટિવિટીમાં વધારો, મુસાફરો માટે બહેતર રિટેલ, ફૂડ અને ગ્રાઉન્ડ ટ્રાન્સપોર્ટેશન જેવી અનેક પહેલો કરી છે. એરપોર્ટ ટર્મિનલની અંદર અને બહાર સ્વચ્છતા, સલામતી અને સુરક્ષા અવ્વલ દરજ્જાની છે.

# PSIની ભરતી ઉપર HCની રોક પડતર અરજીનો નિકાલ લાવો

## હાઇકોર્ટમાં PSIની પ્રિલીમ પરીક્ષાના પરિણામ બાદ તેને પડકારતી અરજી થઇ હતી : સુનાવણી બાદ ચુકાદો



**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં PSI ભરતીમાં ખાતાકીય પ્રમોશનના વિવાદ પર આજે સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે 1200 PSIની ભરતી પર રોક લગાવી દીધી છે. હાઈકોર્ટે એવી પણ ટકોર કરી હતી કે, કોર્ટમાં પડતર અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી સરકારી ભરતી નહીં થાય. તે ઉપરાંત 6 સપ્તાહમાં પડતર અરજીનો નિકાલ કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. ખાતાકીય પ્રમોશનના વિવાદને લઈને કોન્સ્ટેબલો દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. તેમની પડતર અરજીઓનો નિકાલ ન થવાના કારણે ભરતી પ્રક્રિયા પર રોક લગાવવામાં આવી છે.

હાઈકોર્ટમાં PSIની પ્રિલીમ પરીક્ષાના પરિણામ બાદ તેને પડકારતી અરજી થઇ હતી. જેમાં પોલીસ ખાતાના મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના 60થી વધુ કોન્સ્ટેબલ દ્વારા PSIની ભરતીમાં અનુભવના આધારે ભાગ લેવાની મંજૂરી માંગતી અરજી હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. અરજીને માન્ય રાખી હાઈકોર્ટે તેમને PSIની ફિઝિકલ પરીક્ષા આપવા માટે છૂટ આપી હતી.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2, Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours. Phone 647-761-1317, 647-657-9631. ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM. : SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317, 647-657-9631, 905-673-9631. ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM. FRIDAY WEEKLY OFF. : SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga: WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D. : Phone : 905-673-9631, 647-761-1317, 647-657-9631. ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM. -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM. ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM

NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભાખરવડ ડેમમાં ડૂબી જતાં ભાઈ અને બહેન સહિત ત્રણનાં મોત, 1નો બચાવ

## માછલાંને મમરા નાખતી તરૂણીનો પગ લપસ્યો, બચાવવા બે ભાઈએ ઝંપલાવ્યું હતું

**માળીયા હાટીના**

માંગરોળ તાલુકાના થલી ગામમાં રહેતા જીતેન્દ્રગીરી રમેશગીરી મેઘનાથી(ઉ.વ.૧૯) તેના બહેન હેતલબેન રમેશગીરી મેઘનાથી (ઉ.વ.૨૧) મકરસંક્રાંતિ નિમિતે માળીયા હાટીનાં તાલુકાના બુધેચા ગામની સીમમાં આવેલી સગાની વાડીએ ગયા હતા. ત્યાંથી દિનેશપરી, જીતેન્દ્રગીરી હેતલબેન અને ચેતનપરી કાળુપરી ગોસ્વામી(ઉ.વ.૨૫) ભાખરવડ ડેમ ખાતે ફરવા ગયા હતા. જ્યાં હેતલબેન માછલાઓને મમરા નાખતા હતા. ત્યારે અકસ્માતે તેનો પગ લપસતા તેણી ડેમના પાણીમાં ડૂબી ગઈ હતી. આથી દિનેશપરી અને હેતલબેનનો ભાઈ રમેશગીરી,જીતેન્દ્રગીરી અને ચેતનપરી પણ હેતલબેનને બચાવવા પડયા હતા. પરંતુ



આ ડેમના ઉડા પાણીમાં ગરક થઈ ગયા હતા. બાદમાં તરવૈયાઓએ શોધખોળ દરમ્યાન હેતલબેન રમેશગીરી મેઘનાથી, જીતેન્દ્રગીરી રમેશગીરી મેઘનાથી અને દીનેશપરી કાળુંપરી ગોસ્વામીના મૃતદેહ જ મળ્યા હતા.જ્યારે ચેતનપરીનો બચાવ થયો હતો.

# પાલિતાણામાં શેત્રુંજય તીર્થના પ્રશ્ન હલ કરવા ટાસ્ક ફોર્સની બેઠક મળી

ભાવનગર : ભાવનગર જિલ્લાના પાલિતાણા શેત્રુંજય તીર્થના મામલે જૈન લોકોએ જુદી જુદી ફરિયાદ કરી હતી. આ ફરિયાદનો નિકાલ કરવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગે ટાસ્ક ફોર્સ બનાવી છે. આ ટાસ્ક ફોર્સની આજે મંગળવારે બેઠક હતી, જેમાં જુદા જુદા પ્રશ્ને સમીક્ષા કરાઈ હતી.

પાલિતાણાના શેત્રુંજય પર્વત પર કેટલાક દુષણને પગલે જૈન સમાજના લોકોએ સરકારને રજુઆત કરી હતી. આ રજુઆતના આધારે ગૃહ વિભાગે ટાસ્ક ફોર્સ બનાવી છે. ટાસ્ક ફોર્સની આજે બુધવારે બેઠક હતી, જેમાં જૈન સમાજના લોકોની રજુઆતને ધ્યાને લઈ સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રશ્નનો ઝડપી નિકાલ કરવા પ્રયાસ કરાશે. આજે મહેસુલ, પંચાયત, ખનીજ, નગરપાલિકા, પોલીસ વગેરે વિભાગના અધિકારીની ટીમની રચના કરાઈ હતી. શેત્રુંજય તીર્થની કોઈ ફરિયાદ આવશે તો આ ટીમ દ્વારા તત્કાલ પ્રશ્ન હલ કરવા કામગીરી કરવામાં આવશે. પાલિતાણાના શેત્રુંજય ગીરીરાજ જૈન તીર્થ ઉપર આવેલ નિલકંઠ મહાદેવ મંદિરના પુજારીની હંગામી ધોરણે નિમણૂંક કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ ભાવનગરના જિલ્લા કલેક્ટરે માહિતી આપતા જણાવ્યુ હતું.

# અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના મદદનીશ વાઇસ પ્રેસિડેન્ટનો ફાંસો ખાઈ આપઘાત

## પારિવારિક કારણ હોવાની આશંકાએ પોલીસ દ્વારા તપાસ

**અમરેલી**

રાજુલા તાલુકાના કોવાયા નજીક આવેલી સિમેન્ટ ફેકટરીના ગેસ્ટ હાઉસમાં કંપનીના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર વ્યાપી છે. તેઓ સુરતના મગદલા ખાતે કંપનીના પ્લાન્ટમાં ફરજ બજાવતા હતા. ત્યાંથી 2 માસ પૂર્વે જ ડેપ્યુટેશન પર કોવાયા ખાતે મૂકાયા હતા.પારિવારિક કારણે આત્મહત્યા કર્યાની આશંકા સાથે પોલીસે તપાસ આદરી છે.

રાજુલાના કોવાયા ગામ નજીક આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં ડેપ્યુટેશન પર આવેલા કંપનીના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ વિનોદ ત્રિપાઠીએ કંપનીના ગેસ્ટ હાઉસમાં પોતે જે રૂમમાં રહેતા હતા તે રૂમમાં પંખા સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર વ્યાપી છે.

મૃતક યુપીના ગોરખપુર વિસ્તારના રહેવાસી હતા. તેમજ ૨ માસ પહેલાં સુરતના મગદલા ખાતે કંપનીના પ્લાન્ટમાં ફરજ બજાવતા હતા અને હાલ કોવાયામાં ડેપ્યુટેશન પર આવ્યા હતા.

# પોરબંદર દરિયામાં ફરતી બોટમાં આગ: કોસ્ટગાર્ડે પાંચ ખલાસીઓને બચાવ્યા

## બે ખલાસીઓ બોયા ઉપર તરીને બચી ગયા : દાઝી ગયેલા ખલાસીઓને સારવાર

**પોરબંદર**

પોરબંદરથી 50 કિમી. દુર બોટમાં આગ લાગતા કોસ્ટગાર્ડના મેરીટાઈમ રેસ્ક્યુ સબ સેન્ટરને જાણ કરવામાં આવતા હેલિકોપ્ટરની મદદથી પાંચ ખલાસીઓના રેસ્ક્યુ કરી લેવામાં આવ્યા હતા. જ્યારે બે ખલાસીઓ બોયા ઉપર તરીને અન્ય બોટની મદદથી બચી ગયા હતા. પોરબંદરથી 50 કિ.મી. દૂર ભોગાત અને હર્ષદ વચ્ચેના દરીયામાં એક ફિશિંગ બોટમાં કોઈ કારણોસર આગ લાગતા ભારતીય કોસ્ટગાર્ડના



પોરબંદર ખાતે આવેલા મેરીટાઈમ રેસ્ક્યુ સબ સેન્ટરને જાણ કરવામાં આવી હતી. ત્યાંથી ઈન્ટરસેપ્ટર ક્લાસ જહાજો સી - ૧૬૧ અને સી - ૧૫૬ને તાત્કાલિક ત્યાં પહોંચી જવા સુચના અપાતા આ જહાજોએ તરફ દોડી ગયા હતા. તો બીજી તરફ એડવાન્સ લાઈફ હેલિકોપ્ટરને તાત્કાલિક ત્યાં આઈ.સી. જી. એર સ્ટેશન ખાતે ઉડાડવામાં આવ્યું હતું અને તાત્કાલિક ત્યાં તપાસ કરવા જણાવાયું હતું.

બોટ ઉપર આગે વિકરાળ સ્વરૂણ ધારણ કરતા ખલાસીઓએ જીવ બચાવવા માટે સમુદ્રમાં ઝંપલાવી દીધું હતું. બે ખલાસીઓ બોયાના સહારે તરીને અન્ય બોટ પાસે પહોંચી જતા બચી ગયા હતા

# ખેડૂતોને ભોગવવી પડતી સમસ્યાઓના નિરાકરણ માટે ખેડૂત મહાસંમેલન મળશે

## પોષણક્ષમ ભાવ સાથે ભુંડ અને ખુંટીયાને કારણે ખેડૂતોને હાલાકી

**મહુવા**

ખેત પેદાશના પુરતા ભાવ નહીં મળતા ખેડૂતોમાં ભારે નારાજગી ઉઠવા પામી છે તો બીજી બાજુ ભુંડ, નિલગાયના ત્રાસથી લાખોનું નુકશાન ખેડૂતો સહન કરી રહ્યા છે. ખેતીવાડી વિસ્તારમાં વિજળી પણ પુરા આઠ કલાક અપાતી ન હોવાની ફરિયાદ ઉઠી છે. સઘળા પ્રશ્નો અંગે મહુવા સહિતના ખેડૂતો દ્વારા રૂબરૂ પ્રશ્નો રજૂ કરશે. વિના વાંકે ખેડૂતોને ભોગવવી પડતી અનેક સમસ્યાઓ તા.૨૨ પહેલા સરકાર ઉકેલ લાવે અન્યથા ખેડૂતો હક્ક અને અધિકાર માટે તા.૨૪ને મંગળવારે સવારે ૧૦ કલાકે મહુવા માર્કેટીંગ યાર્ડમાં ખોડીયાર માતાજીના મંદિરે મહાસંમેલન કરી ખેડૂતો ખુદ પોતાની વેદના સ્વમુખે રજૂ કરશે. તેમજ તા.૩૧ આસપાસ ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં ભાવનગર-બોટાદ અને અમરેલી જિલ્લાના ખેડૂતો માટે જંગી સંમેલન કરી ખેડૂતોના હક્ક અને અધિકાર માટે ગુજરાતભરમાં લડત આપવાના શ્રીગણેશ કરવા ચિમકી ઉચ્ચારી છે. આમ સરકાર સામે ફરી એકવાર ખેડૂતો મેદાનમાં આવી ગયા છે.

# ગારિયાધાર ખાતે જાલીનોટ કૌભાંડમાં એકને 10, બીજાને 7 વર્ષ કેદની સજા

## બન્ને શખ્સને રોકડ રકમનો દંડ ભરવા ભાવનગર કોર્ટનો હુકમ

**ભાવનગર**

ગારિયાધાર તાલુકાના મોટા ચારોડિયા ગામે અઢી વર્ષ પહેલા જાલીનોટ કૌભાંડમાં સંડોવાયેલા બન્ને શખ્સને ભાવનગર કોર્ટે ૧૦ અને ૦૭ વર્ષ કેદની સજા ઉપરાંત રોકડ રકમનો દંડ થયો છે.

ગારિયાધારાના મોટા ચારોડિયા ગામે રહેતો હસમુખ ગોરધનભાઈ ઝાલાવાડિયા નામના શખ્સે ભુપત માધુભાઈ કોટડિયા (રહે, સોમેશ્વર સોસાયટી, નરોડા રોડ, અમદાવાદ) નામના શખ્સ પાસેથી વર્ષ ૨૦૧૯માં ભારતીય ચલણની અલગ-અલગ દરની ડુપ્લીકેટ નોટો મંગાવી હતી. દરમિયાનમાં હસમુખ ઝાલાવાડિયા ગત તા.૧૭-૭-૨૦૧૯ના રોજ ગારિયાધાર બસ સ્ટેન્ડ પાસે, સરકીટ હાઉસના દરવાજા નજીકથી રૂા.૩૦,૮૦૦ની જાલીનોટ સાથે પોલીસની ઝપટમાં આવી જતાં શખ્સની ધરપકડ કરી આગવીઢબે પૂછતાછ કરી હતી. જેમાં આ જાલીનોટો અમદાવાદના શખ્સ ભુપત કોટડિયા પાસેથી મંગાવી હોવાની કબૂલાત આપતા પોલીસે શખ્સના ઘરે દરોડો પાડી વધુ રૂા.૬૯,૦૭૦ની જાલીનોટ, કોમ્પ્યુટર, મોનીટર, પ્રિન્ટર કબજે કરી ભુપત કોટડિયાની પણ ધરપકડ કરી હતી.

# રાજકોટમાં વિદ્યાર્થીના મૃત્યુ મામલે સરકાર એક્શનમાં, અહેવાલ માંગ્યો

**રાજકોટ**

રાજકોટના ગોંડલ રોડ પર આવેલી એ. વી. જસાણી સ્કૂલમાં ધોરણ 8માં ભણતી એક વિદ્યાર્થિનીનું મોત થયુ હતું. ધોરણ 8ની આ વિદ્યાર્થિનીને ધ્રુજારી આવ્યા બાદ બેન્ચ પરથી ઢળી પડી હતી અને એ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ બાબતે પરિવારજનોએ આરોપ કરતા કહ્યુ હતું કે ઠંડીના કારણે બાળકીને હાર્ટ અટેક આવ્યો હતો અને તેનો તાત્કાલિક સારવાર ન મળતાં બાળકીનું મૃત્યુ થયુ છે. આ ઘટના બાદ આજે રાજ્ય સરકાર પણ હરકતમાં આવી છે અને આ સમગ્ર ઘટના બાબતે સ્કૂલ પાસેથી રિપોર્ટ માગ્યો છે. બાળકીના મૃતદેહને પીએમ માટે લઈ જવાયો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ આ ઘટના અંગે વધુ જાણકારી મળશે.

# ટોરન્ટે નિયમભંગ કરીને જનાગઢની નદીનાં નીર બગાડતાં વિરોધનો સૂર

**જૂનાગઢ**

જૂનાગઢમાં ટોરેન્ટ ગેસ કંપની દ્વારા ઘરે-ઘરે ગેસની લાઈન પહોંચાડવાનું કામ ચાલી રહ્યું છે. પાઈપલાઈનનાં કામ દરમ્યાન જૂનાગઢનાં બાયપાસ પર લોલ નદીમાં પાઈપ પસાર કરવા માટે ટોરેન્ટ ગેસ કંપની દ્વારા મંજુરી વગર ડ્રીલીંગ માટે છેલ્લા ઘણા સમયથી નદીનાં પાણીનો ગેરકાયદે ઉપયોગ કરવામાં આવે છે અને ઉપયોગ બાદ નીકળતું દૂષિત પાણી ફરી નદીમાં જ છોડવામાં આવી રહ્યું છે, જેનાં કારણે નદીનું પાણી દૂષિત થયું છે. વીસે'ક દિવસથી આવું ચાલતું હોવાને કારણે નદીનાં લાગુ પડતા કુવા અને બોરમાં પણ દૂષિત પાણી આવી ગયા



મામલે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે. ગેસ કંપનીએ પોતાની ભૂલ કબુલ કરી તુરંત જ નદીમાં દૂષિત પાણી છોડવામાં નહી આવે તેવી બાંયધરી આપવી પડી હતી.

જૂનાગઢ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટોરેન્ટ કંપનીનું ગેસની લાઈન ફીટીંગનું કામ ચાલી રહ્યું છે. જૂનાગઢ શહેરનાં બાયપાસની સાઈડમાં ગેસની લાઈન પસાર કરવામાં આવી રહી છે.

# બોટાદમાં રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે તૈયારી શરૂ

**ભાવનગર**

રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી બોટાદમાં થવા જઈ રહી છે જેને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ છે. ત્રિકોણીય ખોડીયાર ગ્રાઉન્ડ પર યોજાનાર આ પર્વને અનુસંધાને વિશાળ ડોમ બનાવવાની કામગીરી શરૂ કરાય છે. ૨૬મી જાન્યુઆરીએ રાજ્યભરમાંથી કુશળ કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની શાનદાર ઉજવણી કરવા માટે બોટાદ વહીવટી તંત્ર સુસજ્જ થઈ રહ્યું છે. આ પ્રસંગે બોટાદ જિલ્લો પોતાની ગૌરવભરી ઓળખ રાજ્ય અને દેશ સમક્ષ રજૂ કરશે ત્યારે જિલ્લા કલેકટરના માર્ગદર્શન અનુસાર બોટાદના ત્રિકોણી ખોડીયાર ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારીઓનો પ્રારંભ થઈ ચુક્યો છે.



## હવે હોલીવૂડ મૂવી બનાવવા રાજામૌલીનો સંકેત

મુંબઇ : ભારતમાં બાહુબલી અને આરઆરઆર જેવી મેગા સુપરહિટ ફિલ્મો બનાવી ચુકેલા ડાયરેક્ટર એસ.એસ. રાજામૌલીએ હવે હોલીવૂડ મૂવી બનાવવાનો સંકેત આપ્યો છે. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ અને ક્રિટિક્સ ચોઇસ એવોર્ડ જીત્યા પછી રાજામૌલીને હવે હોલીવૂડમાં ઝંપલાવાનું મન થયું છે. ગયા અઠવાડિયે તેમની મુલાકાત હોલીવૂડના પીઢ દિગ્દર્શક સ્ટીવન સ્પીલબર્ગ અને જેમ્સ કેમરુન સાથે થઇ હતી અને બન્નેએ પીરિયડ ફિલ્મ આરઆરઆરના વખાણ કર્યા હતા.


# સ્વદેશ

09

FRIDAY, 20 January, 2023


## ઐશ્વર્યાએ જમીનનો 22 હજાર રૂપિયાનો વેરો નહીં ભરતાં નોટિસ



મુંબઇ : અભિનેત્રી ઐશ્વર્યા રાયે પવન ચક્કી પ્રોજેક્ટ માટે જમીન ખરીદ્યા પછી જમીન મહેસૂલના પૈસા નહીં ભરતાં નાશિક જિલ્લી મહેસૂલી તંત્ર દ્વારા તેને બાકી રકમ માટે નોટિસ પાઠવવામાં આવી છે. ઐશ્વર્યા રાય બચ્ચનને નાસિકના તહેસીલદાર તરફથી નોટિસ પાઠવવામાં આવી છે. નાસિકના સિન્નરના અડવાડી એરિયામાં ઐશ્વર્યા રાયે પવન ચક્કી માટે જમીન ખરીદી છે. આ જમીનનો એક વરસનો ૨૧,૯૬૦ રૂપિયાનું મહેસૂલ ભરવાનું બાકી છે. ઐશ્વર્યાની સાથેસાથે અન્ય ૧૨૦૦ જણાને પણ ટેક્સ માટે નોટિસ પાઠવવામાં આવી છે. માર્ચ મહિનો ક્લોઝિંગનો મહિનો હોવાથી માર્ચ મહિનાના અંત સુધીમાં ટેક્સ ભરવાની સૂચના આપવામાં આવી છે. જોકે, ઐશ્વર્યા રાય તરફથી આ નોટિસ બાબતે કોઈ પ્રત્યાઘાત મળ્યો નથી.



## સુકેશે મારુ જીવન નર્ક બનાવી દીધું, મને બરબાદ કરી નાંખી : જેક્લિન

નવી મુંબઇઃ બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝ પોતાની પર્સનલ લાઇફને લઈને સતત ચર્ચામાં રહે છે. અભિનેત્રીની 200 કરોડના મની લોન્ડરિંગ કેસની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. અભિનેત્રી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થઈ હતી જ્યાં તેણે કેટલાક ચોંકાવનારા નિવેદનો આપ્યા હતા. જેક્લિને જણાવ્યું કે , સુકેશે પોતાનો પરિચય સન ટીવીના માલિક તરીકે આપ્યો હતો. તેમજ તમિલનાડુના પૂર્વ સીએમ જે જયલલિતા તેની માસી લાગે છે. એવુ પણ જણાવ્યુ હતુ. અભિનેત્રીએ એ પણ દાવો કર્યો હતો કે, સુકેશ સાથે જેક્લીનની છેલ્લે 8 ઓગસ્ટ, 2021ના રોજ કોલ પર વાત થઈ હતી. તે દિવસ પછી તેણે તેનો સંપર્ક કર્યો ન હતો. અભિનેત્રીએ દાવો કર્યો હતો કે પિંકી સુકેશ વિશે બધું જ જાણતી હતી પરંતુ તેણે ક્યારેય તેનો ખુલાસો કર્યો નથી. EDની પૂછપરછમાં જેકલીને સ્પષ્ટ કર્યું છે કે, તેના અને સુકેશ વચ્ચે કોઈ સંબંધ નથી. EDએ તેની ચાર્જશીટમાં દાવો કર્યો હતો કે, જેકલીન ઠગ સુકેશ પાસેથી કિંમતી ગિફ્ટ લેતી હતી. એવું પણ કહેવાય છે કે, સુકેશે જેકલીન માટે શ્રીલંકામાં એક આલીશાન ઘર ખરીદ્યું હતું. જેકલીન ફર્નાન્ડિસે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં કહ્યું હતું કે, સુકેશ ચંદ્રશેખરે તેનું જીવન નર્ક બનાવી દીધું છે. અભિનેત્રીએ કહ્યું, ‘તેણે મારી લાગણીઓ સાથે રમત કરી છે અને મારા જીવનને નર્ક બનાવી દીધું છે.’ એવા અહેવાલ હતા કે જેકલીન પણ સુકેશ સાથે લગ્ન કરવાની યોજના બનાવી રહી છે.



## શાહરૂખ રૂ. 6,267 કરોડની સંપત્તિ સાથે વિશ્વના ધનિક કલાકારોમાં ત્રીજા ક્રમે

નવી દિલ્હી : શાહરુખ ખાન ચાર વર્ષ પછી મોટા પડદે પઠાણ સાથે પરત ફરી રહ્યો છે. આ સમયે જો કોઈ એમ વિચારતું હોય કે ફિલ્મ નિષ્ફળ જવાના લીધે શાહરૂખ ખાનની સંપત્તિ પર અસર પડશે તો તે ફીફા ખાંડે છે. શાહરુખ ખાન ૭૭ કરોડ ડોલર (૬,૨૫૯ કરોડ)ની કમાણી સાથે વિશ્વના ટોચના દસ સંપત્તિવાન અભિનેતાઓમાં સ્થાન પામે છે. વિશ્વના સૌથી સમૃદ્ધ દસ અભિનેતામાં બોલિવૂડમાંથી શાહરૂખ ખાન એકમાત્ર અભિનેતા છે. તેણે ટોમ ક્રૂઝ અને જેકી ચેનને પણ પાછળ છોડી દીધા છે. વિશ્વના સૌથી ધનવાન અભિનેતાઓની જારી કરવામાં આવેલી યાદીમાં જોઈએ તો સેનફિલ્ડ સ્ટાર જેરી સેનફિલ્ડ અને ટાયલર પેરી એક અબજ ડોલર ૮,૧૫૦ કરોડ રુપિયા સાથે ટોચ પર છે.સેનફિલ્ડ અને ટાયલરનતેના પછી ડ્વાઈન જોન્સન ૮૦ કરોડ ડોલર સાથે બીજા ક્રમે આવે છે. શાહરૂખ ખાન ૭૭ કરોડ ડોલર એટલે કે ૬,૨૬૭ કરોડ રુપિયા સાથે ત્રીજા ક્રમે આવે છે.

## મોડેલ કિમ કાર્દશિયને નિલામીમાં પ્રિન્સેસ ડાયનાનો નેકલેસ ખરીદ્યો



અમેરિકાની રીયાલીટી શોની સ્ટાર અને મોડલ કિમ કાર્દશિયને પ્રિન્સેસ ડાયનાનો એક નેકલેસ ખરીદ્યો છે. આ નેકલેસ તેમણે નિલામીમાં ખરીદ્યો છે. ઓક્શન હાઉસ સોથબીનાં જણાવ્યા અનુસાર, આ નેકલેસને વર્ષ 1920માં બ્રિટિશ જ્વેલર ગૈર્રાડે બનાવ્યો હતો. તેને લંડનમાં 162,800 ડોલરમાં વેચવાનો હતો. નિલામીમાં ચાર બીડરે બોલી લગાવી હતી. પરંતુ છેલ્લી 5 મિનિટમાં કિમ કાર્દશિયને તેની સૌથી વધારે બોલી લગાવીને સોથબી પાસેથી ખરીદી લીધો. આ નેકલેસને દિવંગત પ્રિન્સેસ ડાયનાએ પહેર્યો હતો. હવે તે કિમનો છે. કિમે આ સેટ લગભગ 197453 ડોલરમાં ખરીદ્યો છે. હીરા જડીત નીલમ અટ્ટાલ્લાહ ક્રોસ નેકલેસની કિંમત ભારતીય રૂપિયામાં લગભગ 1.6 કરોડ રૂપિયા છે. સોથબી લંડનનાં જ્વેલરીનાં પ્રમુખ, ક્રિસ્ટિયન સ્પોફોર્થે કહ્યું કે, દિવંગત પ્રિન્સેસ ડાયનાની માલિકીહકવાળા આ પહેરેલી જ્વેલરી ખૂબ જ ઓછી બજારમાં જોવા મળે છે.

## સેલીના ગોમેઝ ફરી પ્રેમમાં પડી, ડૂ ટૈગગાર્ટ સાથે ડેટિંગ કન્ફમ



મુંબઇ : હોલીવૂડમાં એક નવું પ્રેમી યુગલ ચર્ચામાં છે. અમેરિકન -અભિનેત્રી-સિંગર સેલિના ગોમેઝ ચેઈનસ્મોકર્સથી જાણીતા બનેલા ડ્ ટૈગગાર્ટ સાથે રિલેશનમાં હોવાનું કન્ફર્મ થયું છે. હજુ થોડા સમય પહેલાં એવા સમચારા આવ્યા હતા કે સેલિના બ્રાડ પ્લીટઝ સાથે ડેટિંગ કરી રહી છે પણ હવે તેનૂ ડૂ સાથેની તસવરો વાયરલ થઈ રહી છે. તેઓ ન્યૂયોર્કમાં એક બોલીંગ ગેમમાં સાથે જોવા મળ્યાં હતાં. બંને ટીનેજરની જેમ એકબીજામાં ઓતપ્રોત દેખાતાં હતાં. તેમણે ત્યાં કેટલાક યુવા ફેન્સનું સાથે અભિવાદન ઝીલ્યું હતું અને ઓટોગ્રાફ પણ આપ્યા હતા. બંનેએ પોતાની આત્મીયતા છૂપાવવા કોઈ પ્રયાસ કર્યા ન હતા. ઉલ્લેખનિય છે કે તાજેતરમાં ગોલ્ડન ગ્લોબ એવોર્ડઝમાં સેલિના થોડી સ્થૂળ દેખાતી હોવાથી ભારે ટ્રોલ થઈ હતી. જોકે, તેણે બાદમાં પોતાનું વજન વધી ગયાનું સ્વીકાર્યું પણ હતું.






# ॥ સંસ્કૃતિ ॥


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH

### ફિલ્મ અને પુસ્તકોમાં વર્ણવાયેલી કથા જેવી જ સત્ય ઘટના હજી પણ આશ્ચર્યજન્માવનારી

# શાંતા દેવીઃ ભારતમાં પુનર્જન્મની અનોખી કહાણી

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

મોટાભાગે આપણે માનવના પુનર્જન્મની વાતો કેટલીક વાર્તાઓ કે ફિલ્મોમાં જ જાણી છે. પરંતુ ભારતમાં પણ આવા જ એક કિસ્સાની વાત જાણીતી છે. ૧૯૩૦ના દાયકાની શરૂઆતમાં દિલ્હીના ઓછા જાણીતા વિસ્તારમાં જન્મેલી એક છોકરીએ ભૂતકાળનું જીવન યાદ રાખવાનો દાવો કર્યો હતો. આ અંગેની ખબર મીડિયામાં ફેલાઈ અને તે પછી તેની ચર્ચા ચાલી.

૧૮ જાન્યુઆરી, ૧૯૦૨ના રોજ મથુરાના રહેવાસી ચતુર્ભુજને ત્યાં એક પુત્રીનો જન્મ થયો હતો, જેનું નામ લુગડી હતું. જ્યારે લુગડી ૧૦ વર્ષની હતી ત્યારે તેના લગ્ન તે જ વિસ્તારના દુકાનદાર કેદારનાથ ચૌબે સાથે થયા હતા. કેદારનાથ ચૌબેની મથુરામાં પડની દુકાન અને હરિદ્વારમાં તેની શાખા પણ હતી. જ્યારે લુગડી પ્રથમ વખત ગર્ભવતી થઈ, ત્યારે તેનું બાળક મૃત્યુ પામ્યું. બીજી ગર્ભાવસ્થા વખતે તેનો પતિ તેને આગ્રા ખાતેની સરકારી હોસ્પિટલમાં લઈ ગયો, જ્યાં સિઝેરિયન દ્વારા પુત્રનો જન્મ થયો. નવ દિવસ પછી, ૪ ઓક્ટોબરે લુગડીની સ્થિતિ વધુ બગડી અને તેણી મોતને ભેટી. લુગડીના મૃત્યુના એક વર્ષ, દસ મહિના અને સાત દિવસ પછી, ૧૧ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ, દિલ્હીના ચિરાવાલા મોહલ્લાના બાબુ રંગ બહાદુર માથુરને ત્યાં એક પુત્રીનો જન્મ થયો, જેનું નામ તેઓએ શાંતિ દેવી રાખ્યું હતું. ચાર વર્ષની ઉંમર સુધી તે બહુ બોલતી ન હતી. પરંતુ જ્યારે તેણે વાત કરવાનું શરૂ કર્યું ત્યારે તેણે તેના "પતિ' અને તેનાં "બાળકોની યાદ આવી. આ છોકરીએ તેના આગલા જન્મની મોટાભાગની વાત યાદ છે તેવો દાવો કરતા જ સૌ કોઈ આશ્ચર્યમાં મુકાયુ.

તેણે કહ્યું કે તેનો પતિ મથુરામાં હતો અને તે એક કાપડની દુકાનનો માલિક હતો અને તેમને એક પુત્ર હતો. શાંતાદેવી આ વખતે નાની હતી એટલે તેના માતા-પિતાએ બાળકની વાત ઉપર ઝાઝુ ધ્યાન આપ્યું નહીં. સમય જતાં તેણી 6 વર્ષની થતા તેણે આગલા જન્મની વાતો ફરી શરુ કરી અને પતિ સાથે મથુરામાં તેના જીવન સાથે જોડાયેલી સંખ્યાબંધ ઘટનાઓ તેણે વર્ણવી. ભોજન આરોગતી વખતે તે કહેતી, "મથુરામાં મારા ઘરે, મેં વિવિધ પ્રકારની મીઠાઈઓ ખાધી છે. તેણીએ તેના પતિ વિશે ત્રણ વિશિષ્ટ લક્ષણોનો ઉલ્લેખ કર્યો. તે ગોરો હતો, તેના ડાબા ગાલ પર મોટો મસો હતો અને તેને વાંચવા માટે ચશ્માની આવશ્યકતા રહેતી હતી. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે, તેના પતિની દુકાન દ્વારકાધીશ મંદિરની સામે આવેલી છે. આ સમયે તેનાં માતાપિતા આવાં નિવેદનોથી હેરાન થઈ ગયા.





શાંતિ દેવીએ આગલા ભવમાં બાળકના જન્મ પછી તેના મૃત્યુની વિગતવાર માહિતી પણ આપી હતી. જેને કારણે શાંતાદેવી જ એક રહસ્ય બનવા માંડી.

માતા-પિતા વિચારવા લાગ્યા કે આ યાદો કદાચ પાછલા જીવનની હશે. જેમ-જેમ છોકરી મોટી થતી ગઈ, તેમ-તેમ તે તેના માતા-પિતાને મથુરા લઈ જવાનું કહેતી રહી. જો કે, તેણે આઠ કે નવ વર્ષની ઉંમર સુધી ક્યારેય તેના પતિના નામનો ઉલ્લેખ કર્યો નહોતો. ભારતમાં એવો રિવાજ છે કે, પત્નીઓ તેમના પતિનું નામ ઉચ્ચારતી નથી.

એક દિવસ શાંતિ દેવીના દુરના સંબંધી, દિલ્હીની રામજસ હાઈસ્કૂલ દરિયાગજના શિક્ષક બાબુ બિશનચંદે શાંતિ દેવીને કહ્યું કે જો તે તેને તેના પતિનું નામ કહેશે, તો તે તેને મથુરા લઈ જશે. આ ઓફરથી લલચાઈને, તેણે તેના કાનમાં પંડિત કેદારનાથ ચૌબે' નામ કહ્યું. પછી બિશનરઃ પંડિત કેદારનાથ ચૌબેને એક પત્ર લખ્યો, જેમાં શાંતિદેવી દ્વારા કરવામાં આવેલાં તમામ નિવેદનોની વિગતોનો ઉલ્લેખ કરાયો, આ સાથે જ તેમને દિલ્હીની મુલાકાત લેવા કહ્યું. કેદારનાથે તેના મોટાભાગનાં નિવેદનોની પુષ્ટિ કરતાં જવાબ આપ્યો અને સૂચવ્યું કે, તેના એક સંબંધી, પંડિત કાંજીમલ, જે દિલ્હીમાં રહેતા હતા, તેને આ છોકરીને મળવાની મંજૂરી આપવામાં આવે. જે પછી કાંજીમલ સાથે મુલાકાત ગોઠવવામાં આવી. આ સમયે શાંતિ દેવીએ તેને તેના પતિના પિતરાઈ ભાઈ તરીકે ઓળખ્યો હતો.

**મથુરામાં મૃત્યુ પામેલી લુગડીનો જન્મ દિલ્હીમાં શાંતા દેવી તરીકે થયો. નાનપણથી જ મથુરા અને તેના પરિવારને યાદ કરતી બાળકી મોટી થતી ગઇ અને તેણે કરેલી સઘળી વાતો સત્ય પુરવાર થઇ**

કાંજીમલ એટલો પ્રભાવિત થયો કે, તે કેદારનાથને દિલ્હી લાવવા માટે મથુરા ગયો હતો. કેદારનાથ ૧૨ નવેમ્બર, ૧૯૩૫ના રોજ લુગડીના પુત્ર નવનીતલાલ અને તેની નવી પત્ની સાથે દિલ્હી આવ્યા હતા. શાંતિદેવીને ગેરમાર્ગે દોરવા માટે, કાંજીમલે કેદારનાથને તેમના મોટામાઈ તરીકે રજૂ કર્યાં, શાંતિદેવી શરમાળ થઈને એક બાજુ ઊભી રહી. કોઈએ પૂછ્યું કે, તે શા માટે તેના પતિના મોટાભાઈ સામે શરમાતી હતી. આ સમયે તેણીએ ધીમા પણ મક્કમ સ્વરે કહ્યું, "ના, તે મારા પતિનો ભાઈ નથી. તે પોતે જ મારો પતિ છે. ત્યારબાદ તેણે તેની માતાને મહેમાનો માટે ભોજન તૈયાર કરવા કહ્યું. જ્યારે માતાએ પૂછ્યું કે, તેણીએ શું તૈયાર કરવું જોઈએ, ત્યારે તેણીએ કહ્યું કે તેનો પતિ કેદારનાથ ભરેલા બટેટાના પરાઠા અને કોળાના શાકનો શોખીન છે. આ સાંભળી કેદારનાથ સ્તબ્ધ થઈ ગયા. કારણ કે, આ તેમની પ્રિય વાનગીઓ હતી. પોતાના પાછલા જીવનમાં થયેલા પુત્ર નવનીતને જોઈને શાંતિદેવી ભાવુક થઈ ગઈ હતી. જ્યારે તેણીએ તેને ગળે લગાવ્યો ત્યારે તેની આંખોમાં આંસુ આવી ગયા. તેણે તેની માતાને તેનાં બધાં રમકડાં લાવવા અને બાળક નવનીતને આપવા કહ્યું. દિલ્હીમાં તેમના રોકાણ દરમિયાન કેદારનાથને શાંતિ દેવીનું વર્તન ઘણી રીતે લુગડી જેવું જ જણાયું. રાતે સૂવા માટે જતાં પહેલાં તેણે તેની સાથે એક્લા વાત કરવાની મંજૂરી માંગી. જે બાદ કેદારનાથે તેને કહ્યું કે, તેને સંપૂર્ણ ખાતરી છે કે શાંતિ દેવી તેની પત્ની લુગડી બાઈ છે. કારણ કે તેણે ઘણી એવી વસ્તુઓનો ઉલ્લેખ કર્યો હતો જે લુગડી સિવાય કોઈ જાણી શક્યું ન હતું. શાંતિ દેવીની વાત મીડિયા દ્વારા આખા દેશમાં ફેલાઈ ગઈ અને ઘણાં બૌદ્ધિકોએ તેમાં રસ લીધો. જ્યારે મહાત્મા ગાંધીએ તેના વિશે સાંભળ્યું હતુ, ત્યારે તેમણે શાંતિ દેવીને બોલાવ્યાં અને તેમની સાથે વાતો કરી. ગાંધીજીએ આ કેસના અભ્યાસ માટે સંસદસભ્યો, રાષ્ટ્રીય નેતાઓ અને મીડિયાના સભ્યો સહિત ૧૫ અગ્રણી લોકોની સમિતિની નિમણૂક કરી હતી. સમિતિએ તેનાં માતા-પિતાને તેમની સાથે મથુરા જવા દેવા માટે સમજાવ્યાં. તેઓ ૨૪ નવેમ્બર, ૧૯૩૫ ના રોજ શાંતિ દેવી સાથે રેલમાર્ગે રવાના થયા હતા. તેઓ કેદારનાથના ઘરની નજીક પહોંચ્યા કે શાંતિ દેવી ઘોડાગાડી પરથી નીચે ઉતરી અને તેણે ભીડમાં એક વૃદ્ધ વ્યક્તિને જોયો, તેણીએ તરત જ તેને પ્રણામ કર્યા અને અન્ય લોકોને કહ્યું કે તે તેના સસરા છે અને ખરેખર એવું જ હતું. જ્યારે તેણી તેના ઘરની સામે પહોંચી, ત્યારે તે કોઈ પણ ખચકાટ વિના અંદર ગઈ અને તેણીનો બેડરૂમ શોધી કાઢ્યો. શાંતિદેવીને પછી તેના બીજા ઘરે લઈ જવાનું કહ્યુ જ્યાં તે ઘણાં વર્ષોથી કેદારનાથ સાથે રહેતી હતી. તેણીએ કોઈ પણ મુશ્કેલી વિના ત્યાંના ડ્રાઈવરને માર્ગદર્શન આપ્યું. સમિતિના સભ્યોમાંથી એકે તેણીને તે કૂવા વિશે પૂછ્યુ જેના વિશે તેણીએ દિલ્હીમાં વાત કરી હતી. તેણી એક દિશામાં દોડી, પરંતુ ત્યાં કૂવો ન મળતાં તે મૂંઝવણમાં હતી. તેણીએ ખાતરી સાથે કહ્યુ કે, ત્યાં એક કૂવો હતો. કેદારનાથે તે સ્થળે એક પથ્થર હટાવ્યો અને ત્યાં તેમને એક કૂવો મળ્યો. ઘરમાં સંતાડવામાં આવેલા પૈસાની વાત કરી તો શાંતિ દૈવી બીજા માળે લઈ ગઈ અને તેમને એક જગ્યા બતાવી, જ્યાં તેમને વાસણ મળ્યું પણ તેમાં પૈસા ન હતા. કેદારનાથે બાદમાં કબૂલાત કરી હતી કે, લુગડીના મૃત્યુ બાદ તેણે પૈસા લઈ લીધા હતા. જ્યારે શાંતિ દેવીને તેના માતા-પિતાના ઘરે લઈ જવામાં આવી, જ્યાં તેણે પહેલાં તેની કાકીને તેની માતા તરીકે ઓળખી, પરંતુ ટૂંક સમયમાં જ તેણે પોતાની ભૂલ સુધારી લીધી. તે કાકીના ખોળામાં બેસી ગઈ. તેણીએ તેના પિતાને પણ ઓળખ્યા. આ સમયે મા-દીકરીની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી હતી. શાંતિ દેવીને પછી દ્વારકાધીશ મંદિર અને અન્ય સ્થળોએ લઈ જવામાં આવી હતી, જેની તેણે અગાઉ વાતો કરી હતી અને તેનાં લગભગ તમામ નિવેદનો સાચાં હોવાનું ચકાસવામાં આવ્યું હતું. આમ ભારતમાં પુનર્જન્મનો આ એક રોચક કિસ્સો છે.

શતાબ્દી મહોત્સવની સફળતાના પાયામાં રહેતા 80 હજાર કાર્યકરોની વિશિષ્ટ સભા યોજાઇ

# સ્વયંસેવકોની નિષ્ઠાથી જ મહોત્સવ ન ભુતો ન ભવિષ્ય બન્યો : મહંતસ્વામી

## તમામ સ્વંયસેવકોની સેવા ભાવનાએ સૌને નતમસ્તક કર્યા : સંતો

અમદાવાદ- પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીની ભવ્ય ઉજવણી પ્રમુખસ્વામી મહારાજનગરમાં સતત અવિરત 30 દિવસ સુધી કરવામાં આવી. જે ગુજરાતનો જ નહી પણ સમગ્ર ભારતનો સૌથી મોટો આધ્યાત્મિક મહોત્સવ બન્યો હતો. પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવની સફળતા પાછળ સંતો અને 80 હજાર સ્વયંસેવકોની રાત દિવસની મહેનત અને પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અભિવંદના પાયામાં રહેલી છે. ત્યારે તમામ સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરવા માટે બુધવારે મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં 80 હજાર સ્વયંસેવકોની હાજરીમાં સભાનું આયોજન કરાયું હતું.

સંતોએ કહ્યું હતું કે અબાલ વૃદ્ધ-સ્ત્રી પુરૂષ સૌ કોઇ અહિ સેવા અને સમર્પણના સાચા ભાવથી સમર્પિત થયા હતા. જેમાં પ્રમુખસ્વામી મહારાજનગરમાં વાહનોના પાર્કિંગથી માંડીને સંચાલન સુધી સમગ્ર નગરમાં તમામ આકર્ષણો અને પ્રદર્શનોની તમામ વ્યવસ્થામાં સંતો અને સ્વયંસેવકો દ્વારા આયોજન અને તેમની ભાવનાએ સૌને નતમસ્તક કર્યા હતા.

મંહત સ્વામી મહારાજે આર્શાવાદ પાઠવતા કહ્યું હતું કે આ ઉત્સવ ન ભૂતો, ન ભવિષ્યતિ થયો છે. આપ સૌ સંતો અને સ્વયંસેવકોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ ઉત્સવ પ્રેરણાઓનો ઉત્સવ હતો. લાખોના જીવનને ઉન્નત બનાવવાનો હતો. આપને ખ્યાલ નથી કે આપે કેટલું મહાન કાર્ય કર્યું છે.



## શતાબ્દી મહોત્સવનું સમાપન, 30 દિવસમાં 1.21 કરોડ લોકોએ નગરની મુલાકાત લીધી

અમદાવાદઃ અમદાવાદમાં યોજાયેલા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી સમારોહનું સમાપન થયું હતું. એક મહિના દરમિયાન 1 કરોડ 21 લાખ લોકોએ પ્રમુખસ્વામી મહારાજ નગરની મુલાકાત લીધી હતી. પૂર્ણાહુતિ સભામાં 'પ્રમુખસ્વામી મહારાજ - કેમ રે ભુલાય!' ગીતથી આરંભ કરવામાં આવ્યો હતો. સંતો, યુવકો દ્વારા સ્વામિનારાયણ મહામંત્રના ધૂનગાન અને પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરાવતાં ભક્તિપદોથી સભાનો આરંભ કરાવ્યો હતો. અનેકવિધ ભક્તોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતાં. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કરેલાં વ્યસનમુક્તિ, પત્રલેખન, પધરામણી, શિક્ષણ કાર્યોને દર્શાવતી હૃદયસ્પર્શી વિડિયો દર્શાવવામાં આવી હતી. સંત વિવેકસાગર સ્વામીએ લોકહિત માટે પ્રમુખસ્વામી મહારાજે વેઠેલા શારીરિક અને માનસિક શ્રમની ગાથા વર્ણવી અને કેવી રીતે પ્રમુખસ્વામી મહારાજે સર્વેને શાંતિ, સ્થિરતા અને આધ્યાત્મિક સમજણ આપી હતી. બ્રહ્મવિહારી સ્વામીએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિશ્વવ્યાપી મંદિર નિર્માણના યુગકાર્યને અંજલિ આપતું વક્તવ્ય કર્યું હતું.

# હથેળી વિના જન્મેલી ભરૂચની સામિયાને મુંબઈમાં મળ્યો હાથ

## સામિયાના નવા હાથને કામ કરતા 12 મહિના લાગશે

**મુંબઈ**

હથેળી વિનાના એક હાથ સાથે જન્મેલી ભરુચની સામિયા મન્સુરીને તેના ૧૮મા જન્મદિન પર એક અનોખી ભેટ મળી છે. આમ તો સામિયાને બીજી કોઈ ખોડ નહોતી, પરંતુ જન્મજાત ખામીને કારણે એક હાથમાં હથેળી ના હોવાથી તે કયારેક હતાશ થઈ જતી. જોકે, તેણે સપનામાં પણ નહોતું વિચાર્યું કે એક દિવસ તેને પણ નવો હાથ મળશે. આમ તો અશકય લાગતી આ વાતને મુંબઈની ગ્લોબલ હોસ્પિટલના ડૉક્ટરોએ શકય બનાવી છે. હાલમાં જ તેના પર એક ખૂબ જ જટીલ સર્જરી કરીને તેને નવો હાથ લગાવાયો છે. ૧૦ જાન્યુઆરીએ સામિયા મન્સુરીએ હેન્ડ ટ્રાન્સ્પ્લાન્ટ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે બાદ પાંચમાં દિવસે જ હોસ્પિટલમાંથી ફોન આવી ગયો હતો. એક ડોનરના પરિવારજનોએ હાથ ડોનેટ કરવાની પરવાનગી આપી દેતા સામિયાને તાત્કાલિક સર્જરી માટે હોસ્પિટલમાં બોલાવી લેવાઈ હતી. દીકરીને લઈને તેના પરિવારજનો પણ તુરંત જ ભરુચથી મુંબઈ પહોંચી ગયા હતા, અને સોમવારે સામિયા પર ચાલેલી ૧૩ કલાક લાંબી સર્જરી બાદ તેને નવો હાથ લગાવાયો હતો. સામિયા ભારતની પહેલી એવી વ્યક્તિ છે કે જેના પર જન્મજાત ખામીને દૂર કરવા હેન્ડ ટ્રાન્સ્પ્લાન્ટ કરવામાં આવ્યું છે.

# રાજ્યની દરેક નગરપાલિકામાં એક ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવાશેઃ CM

**અમદાવાદ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની દરેક નગરપાલિકાઓમાં એક ટાઉનપ્લાનિંગ સ્કીમ બનાવશે તેવી મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્યની નાની-મોટી નગરપાલિકાઓ પોતાના નગરોના વિકાસકામો માટે વધારાના નાણા આયોજિત કરવા સાથે નગર સુખાકારી અને જનસુવિધા વૃદ્ધિના કામો હાથ ધરી શકે તે માટે આ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ આયોજિત સિટી લીડર્સ કોન્ક્લેવમાં આ જાહેરાત કરી હતી. રાજ્યની બ, ક અ ડ વર્ગની નગરપાલિકાઓના પ્રમુખો, સ્ટેન્ડિંગ કમિટી અધ્યક્ષો અને ચીફ ઓફિસર્સની આ કોન્ક્લેવમાં નગરોમાં સ્વચ્છતા-સફાઈ, પાણી-વીજળી-ગટર અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તેમજ એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે થયેલી કામગીરી અને બેસ્ટ પ્રેક્ટિસિસનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.






# નવી ટેકનિક Freejacking Campaign

ઓટોમેટેડ લિબ્રા તરીકે ઓળખાતા દક્ષિણ આફ્રિકાના PURPLEURCHIN નામના ફ્રીજેકિંગ ઝુંબેશના (freejacking campaign) ભાગ રૂપે પ્રોગ્રામેટિક ફેશનમાં ગિટહબ એકાઉન્ટ્સ બનાવવા માટે કેપ્ચા (CAPTCHA) બાયપાસ તકનીકોનો ઉપયોગ કરતા જોવા મળ્યો છે.

પાલો અલ્ટો નેટવર્ક્સ યુનિટ 42ના સંશોધકો વિલિયમ ગેમાઝો અને નાથાનીએલ ક્વિસ્ટે જણાવ્યું હતું કે આ ગ્રુપ મુખ્યત્વે તેમના ક્રિપ્ટો માઈનિંગ કામગીરી કરવા માટે ક્લાઉડ સંસાધનોના મર્યાદિત સમયના ટ્રાયલ ઓફર કરતા ક્લાઉડ પ્લેટફોર્મને લક્ષ્ય બનાવે છે. PURPLEURCHIN પ્રથમ વખત ઓક્ટોબર 2022 માં પ્રકાશમાં આવ્યું હતું જ્યારે Sysdig એ ખુલાસો કર્યો હતો કે વિરોધીએ તેની કામગીરીને માપવા માટે 30 જેટલા GitHub એકાઉન્ટ્સ, 2,000 Heroku એકાઉન્ટ્સ અને 900 બડી એકાઉન્ટ્સ બનાવ્યા હતા.

હવે યુનિટ 42 મુજબ ક્લાઉડ થ્રેટ એક્ટર ગ્રૂપે નવેમ્બર 2022 માં તેની પ્રવૃત્તિની ઊંચાઈએ દર મિનિટે ત્રણથી પાંચ GitHub એકાઉન્ટ્સ બનાવ્યા છે. સમગ્ર Heroku, Togglebox અને GitHub પર 130,000 ફેક એકાઉન્ટ્સ સેટ કર્યા છે. સપ્ટેમ્બર અને નવેમ્બર 2022 વચ્ચે 22,000 થી વધુ GitHub એકાઉન્ટ્સ બનાવવામાં આવ્યા હોવાનો અંદાજ છે: સપ્ટેમ્બરમાં ત્રણ, ઓક્ટોબરમાં 1,652 અને નવેમ્બરમાં 20,725. કુલ 100,723 અન્ય Heroku એકાઉન્ટ્સ પણ ઓળખવામાં આવ્યા છે.




સાયબર સિક્યુરિટી કંપનીએ ક્લાઉડ સંસાધનોના દુરુપયોગને "પ્લે એન્ડ રન" યુક્તિ તરીકે પણ ઓળખાવ્યું છે, જે પ્રીમિયમ એકાઉન્ટ્સ બનાવવા માટે ખોટા અથવા ચોરાયેલા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને પ્લેટફોર્મ વિક્રેતાનું બિલ ચૂકવવાનું ટાળવા માટે રચાયેલ છે. તેના 250GB ડેટાનું વિશ્લેષણ ઓગસ્ટ 2019માં ઓછામાં ઓછા 3.5 વર્ષ પહેલા ક્રિપ્ટો ઝુંબેશની સૌથી પહેલી નિશાની દર્શાવે છે, જેમાં 40 થી વધુ વોલેટ્સ અને સાત અલગ-અલગ ક્રિપ્ટોકરન્સીના ઉપયોગનો પર્દાફાશ થયો હતો.

કેપ્ચા ઈમેજને તેમના RGB પૂરકમાં રૂપાંતરિત કરવા ઈમેજમેજિકના કન્વર્ટ કમાન્ડનો ઉપયોગ કરીને આ પરિપૂર્ણ થાય છે. ત્યારબાદ લાલ ચેનલના ત્રાંસાપણું કાઢવા માટે ઓળખ આદેશનો ઉપયોગ કરીને અને સૌથી નાની કિંમત પસંદ કરીને કેપ્ચા બાયપાસ કરવામાં આવે છે.

એકવાર એકાઉન્ટ બનાવવું સફળ થઈ જાય પછી ઓટોમેટેડ લિબ્રા એક GitHub રીપોઝીટરી બનાવવા માટે આગળ વધે છે અને વર્કફ્લોનો ઉપયોગ કરે છે જે ક્રિપ્ટો માઈનિંગ કાર્યો શરૂ કરવા માટે બાહ્ય બૅશ સ્ક્રિપ્ટો અને કન્ટેનર શરૂ કરવાનું શક્ય બનાવે છે.

આ તારણો દર્શાવે છે કે આ પ્લેટફોર્મ પર પ્રતિ મિનિટમાં ઘણાં એકાઉન્ટ બનાવી એકાઉન્ટ્સની સંખ્યા વધારીને મહત્તમ વળતર મેળવવા માટે ફ્રીજેકિંગ ઝુંબેશને કેવી રીતે હથિયાર બનાવી શકાય છે. સંશોધકોએ તારણ કાઢ્યું છે કે એ નોંધવું અગત્યનું છે કે ઓટોમેટેડ લિબ્રા CD/CI ટૂલ્સનો સૌથી વધુ ઉપયોગ કરવા માટે તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ડિઝાઈન કરે છે.

સમય જતાં આ હાંસલ કરવું વધુ સરળ બની રહ્યું છે કારણ કે VSPs ક્લાઉડ-સંબંધિત સેવાઓનો સમાવેશ કરવા માટે તેમના સર્વિસ પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કરી રહ્યા છે. આ ક્લાઉડ-સંબંધિત સેવાઓની ઉપલબ્ધતા હેકર્સ માટે સરળ બનાવે છે. કારણ કે તેમની એપ્લીકેશન રીક્વેસ્ટ ગોઠવવા માટે તેમને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવવું પડતું નથી.

beinghumanmj

**કવયિત્રિ : હિના મોદી**
**શીર્ષક : હરિ**
**પ્રકાર : અછાંદસ**

મને મનગમતી સાંજ આપો
હરિ ! મને મનગમતી સાંજ એક આપો.
મેઘધનુષમાં ઝૂલતો ઝૂલો આપો
હરિ ! મને આપો નભનો અજવાસ
સૂતેલા નીરમાં માછલીની મનિષા
હરિ ! મને આપો તગતગતી આંખોનો ઉજાસ
હધ્યમાં વાવ્યું એક ઝાડવું
હરિ ! ગીત ગાવાને પંખી એક આપો
મૃગજળ લઈ લો ને
હરિ ! તરવાને હલેસું એક આપો
મારાથી સાવ હું અળગી
હરિ ! ખુદને મળવાને મેળો એક આપો
મને આપો શ્વાસ મને આપો વિશ્વાસ હરિ !
મને આપો ચપટીક આશ
જન્મો જન્મનો નાતો તારો ને મારો
હરિ !અંતરનો ઈશ્વર એક આપો

# તમારા પગની સુંદરતામાં અભિવૃદ્ધિ કરે મૉડર્ન ડિઝાઈનની ટો રિંગ



સમયની સાથે સાથે ફેશન પણ બદલાતી રહે છે. એ પછી આઉટફિટ હોય કે જ્વેલરી. યુવતીઓ હંમેશાં કંઇ ને કંઇ નવું ટ્રાય કરવા ઈચ્છે છે. એમાં હવે ટો રિંગ ઈન ટ્રેન્ડ છે. એક સમયે મેરિડ વુમન્સ જ ટો રિંગ પહેરતી હતી. હવે ટો રિંગ પહેરવામાં કોઈ બાધ રહ્યો નથી. તેથી માર્કેટમાં ટો રિંગની સુંદર ડિઝાઈન ઉપલબ્ધ છે. એ અંગે જાણીએ.

## કસ્ટમાઇઝ્ડ ટો રિંગ

આજકાલ કિચનથી લઈને ચૂડા અને દુપટ્ટાથી લઈને ટી શર્ટમાં કસ્ટમાઈઝ્ડ ડિઝાઈન પોપ્યુલર થઈ રહી છે. એ રીતે ટો રંગની ડિઝાઈન ટ્રેન્ડમાં છે. તમે તમારી પસંદ અનુસાર ટો રિંગમાં કંઈ પણ લખાવી શકો છો. આ પ્રકારની ટો રિંગ તમે જિન્સ અને કુરતી સાથે પહેરી શકો છો. કસ્ટમાઈઝ્ડ કરેલી ટો રિંગ દેખાવમાં આકર્ષક લાગે છે.

## ટૂ લેયર ટો રિંગ

વર્કિંગ વુમન હંમેશાં એવી ટો રિંગ પહેરવાનું પસંદ કરે છે જે સિમ્પલ અને ટ્રેન્ડી હોય. જે રીતે રિંગમાં લેયર ડિઝાઈનની ભરમાર છે એ રીતે ટો રિંગમાં પણ તમને આ પ્રકારની ડિઝાઈન મળી જશે. ટૂ લેયરમાં આ ડિઝાઈન બિલકુલ નવી છે. ટૂ લેયર ટો રિંગ પહેરવાથી પગ ભર્યાં ભર્યાં દેખાશે.

## બંજારા ટો રિંગ

યુવતીઓમાં જે રીતે બોહો ફેશન પ્રસિદ્ધ થઈ રહી છે એ રીતે બંજારા જ્વેલરી પણ ટ્રેન્ડમાં છે. એમાં તમને નેકલેસથી માંડી ટો રિંગમાં ઉત્તમ ડિઝાઈન મળી જશે. આ પ્રકારની ટો રિંગને તમે સૂટ, સાડી અને કુરતી સાથે પહેરી શકો છો. બંજારા ટો રિંગની માર્કેટમાં બહુ વેરાઈટી છે. એમાં ઘૂઘરીથી લઈને ફૂલ, પાનની ડિઝાઈન સામેલ છે. જેમને પગની આંગળીઓ ભરેલી ભરેલી લાગે એવું ગમતું હોય તો એમાં પહોળી ડિઝાઈનની પસંદગી કરો.

## ડાયમંડ ટો રિંગ

જેમને પગમાં સિમ્પલ અને શોબર લુક જોઈતો હોય તેમના માટે ડાયમંડ રિંગ ઉત્તમ ઓપ્શન છે. ડાયમંડમાં પણ વ્હાઈટ અને કલરફુલ ટો રિંગ મળે છે. પાતળી ડાયમંડ રિંગ પહેરી હોય તો પગમાં મહેસૂસ થતું નથી. આ સિવાય ડાયમંડમાં અનેક ડિઝાઈન અવેલેબલ છે. પ્રકારની ટો રિંગની સાથે મેચિંગ નેઈલ પેઈન્ટ લગાવી શકો છો. એનાથી પગ વધારે સુંદર લાગશે. એમાં તમને સર્કલથી લઈને ક્રિસ ક્રોસ જેવી ડિઝાઈન્સ મળશે.

## ઓક્સોડાઇઝ્ડ ટો રિંગ

ઓક્સોડાઈઝ જ્વેલરીનો ટ્રેન્ડ લેટેસ્ટ છે. એમાં નેકલેસથી લઈને ટો રિંગ બધું જ મળી જાય છે. ઓક્સોડાઈઝની ટો રિંગમાં ફ્લોરલથી માંડી પિકોક જેવી અગણિત ડિઝાઈન અવેલેબલ છે. તમે યુનિક લુક ક્રિએટ કરવા ઈચ્છો છો તો પગની ત્રણ આંગળીમાં નાની નાની ફ્લોરલ ટો રિંગ પહેરી શકો છો. એક મોટી ફ્લોરલ ટો રિંગ પણ પહેરી યુનિક લુક મેળવી શકો છો. ફ્લોરલમાં કમળના ફૂલથી લઈને સૂર્યમુખીના ફૂલ જેવી અનેક ડિઝાઈન મળી જાય છે. આંગળી ભરેલી ભરેલી લાગે એવું ઈચ્છતા હોવ તો પિકોક ડિઝાઈન પસંદ કરો.

# પરફેક્ટ મેકઅપ, ટચ આપશે તમને કોમ્પેક્ટ

કોમ્પેક્ટ પાઉડર સૌથી વધારે ઉપયોગમાં લેવામાં આવતી મેકઅપ પ્રોડક્ટ છે. આ એક લાઈટવેટ પાઉડર છે. જે રીતે યોગ્ય ફાઉન્ડેશન ન હોય તો બેઝ ખરાબ થઈ જાય છે, એ રીતે કોમ્પેક્ટ પાઉડરના અયોગ્ય ઉપયોગને કારણે મેકઅપ ખરાબ લાગે છે. કોમ્પેક્ટ એક એવી પ્રોડક્ટ છે જેનો ઉપયોગ તમે અનેક રીતે કરી શકો છો. આખા દિવસના થાક પછી કોમ્પેક્ટનો લાઈટ ઉપયોગ તમારા ચહેરાના મેકઅપને ફ્રેશ બનાવી દે છે. તેથી કોમ્પેક્ટ ખરીદતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.



## સ્કિન ટોન સાથે મેચ

જ્યારે કોમ્પેક્ટ ખરીદવા જાવ ત્યારે ફક્ત બ્રાન્ડના નામ પરથી તેને ખરીદી ન લો. સારી ક્વોલિટી અને અનેક ખાસિયતવાળા કોમ્પેક્ટને ધ્યાનમાં રાખવાને બદલે સૌથી પહેલાં સ્કિન ટોન સાથે મેચ કરવાનો પ્રયત્ન કરો. તમારા સ્કિન ટોન સાથે મેચ કરે એવા જ કોમ્પેક્ટની પસંદગી કરો. જે રીતે ફાઉન્ડેશનની પસંદગી કરો છો એ જ રીતે કોમ્પેક્ટને પસંદ કરો. જો સ્કિન ટોન અનુસાર કોમ્પેક્ટ નહીં હોય તો ચહેરા પર જાણે કોમ્પેક્ટ થોપી દીધો હોય એવું લાગશે.

## આ રીતે પસંદ કરો

કોમ્પેક્ટ અનેક કલરના હોય છે. જો તમારો સ્કિન ટોન લાઈટ છે તો લાઈટ કવરેજવાળા ગુલાબી અન્ડરટોનવાળા કોમ્પેક્ટની પસંદગી કરો. જો ત્વચા ઘઉંવર્ણી કે શ્યામ હોય તો યલો કે ઓરેન્જ અન્ડરટોનના કોમ્પેક્ટને પસંદ કરો. એનાથી સંપૂર્ણ કવરેજ મળશે અને મેકઅપને પણ પરફેક્ટ લુક આપશે.

## મેકઅપ ફિક્સ કરે

ઘણી વખત મેકઅપ કરતી વખતે આપણે ઘણીબધી ભૂલો કરી દેતાં હોઈએ છીએ. જેમ કે, વધારે પડતો બ્લશ લગાવી દેવો અથવા એવા ફાઉન્ડેશનનો ઉપયોગ કરવો જે આપણા સ્કિન ટોનને મેચ ન કરતો હોય. આવા સમયે થોડો કોમ્પેક્ટ પાઉડર લગાવવાથી કરેક્શન કરી શકો છો. તમારા મેકઅપને સુધારી શકો છો.

## મેકઅપને ટકાવી રાખે

મેકઅપ વધારે સમય સુધી ટકી રહે એવું જો તમે ઈચ્છતા હોવ તો કોમ્પેક્ટ પાઉડરનો ઉપયોગ કરવો જોઈએ. એ તમારા દ્વારા ઉપયોગમાં લેવાતી બધી પ્રોડક્ટ્સને સેટ કરે છે અને બેઝને ખરાબ થવા દેતો નથી. એનાથી તમારો મેકઅપ વધારે સમય સુધી ટકી રહે છે. જેથી મેકઅપને વારંવાર સેટ કરવાની કે ટચ કરવાની જરૂર પડતી નથી.

## લગાવવાની રીત

સ્પોન્જની મદદથી કોમ્પેક્ટને તમારા ચહેરા અને ગળા ઉપર લગાવો. તેને સારી રીતે ત્વચામાં ડેબ કરો અને બ્લેન્ડ કરી લો. તમને જો સ્પોન્જ પસંદ નથી તો સામાન્ય બ્રશનો ઉપયોગ પણ કરી શકો છો. કોમ્પેક્ટ પાઉડરને બ્રશ ઉપર લો અને પછી સારી રીતે ચહેરા ઉપર બ્લેન્ડ કરી લો. જેમની સ્કિન ઓઈલી છે તેમણે ટી ઝોન પર કોમ્પેક્ટ પાઉડરનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આ ભાગ વધારે ઓઈલી હોય છે.

# અમદાવાદમાં ૧૮ માસમાં ૫૧ પ્રસુતા સહિત ૧૪૫૬ HIV ગ્રસ્ત

## એઈડસ કંટ્રોલ સોસાયટીએ સીરીન્જથી નશો કરનારા, સ્થાળંતર કરનારા ઉપરાંત ટ્રકર્સની પણ તપાસ કરી

**અમદાવાદ**

બદલાયેલા સમય અને જીવન શૈલીની સાથે મનુષ્યે સાવધાન અને સતર્ક રહેવાની પણ આવશ્યકતા ઉભી થવા પામી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની એઈડસ કંટ્રોલ સોસાયટીએ શહેરમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર તથા સરકારી હોસ્પિટલોમાં ૧૮ મહિનામાં કરેલા ટેસ્ટ દરમિયાન ૫૧ પ્રસુતા મહિલા સહિત કુલ ૧૪૫૬ લોકો એઈડસ ગ્રસ્ત જોવા મળ્યા છે.તંત્ર તરફથી સીરીન્જથી નશો કરનારા,સ્થળાંતર કરનારા ઉપરાંત ટ્રકર્સની પણ તપાસ આ સમય દરમિયાન કરી હતી.આ પૈકી ૧૪૪૬ દર્દીઓને એન્ટી રીટ્રોવાયરલ થેરાપી ટ્રીટમેન્ટથી જોડવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ તેમજ એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા



અતિ જોખમી વર્તણૂંક ધરાવતા લોકોને કોર જૂથમાં મુકવામાં આવે છે.કોર જૂથમાં ધંધાધારી દેહ વિક્રય કરતી મહિલાઓ,સજાતીય સંબંધ ધરાવતા પુરુષો અને સીરીન્જથી નશો કરનારાઓનો સમાવેશ કરવામા આવે છે.એક બ્રીજ જૂથ બનાવવામા આવ્યુ છે.જેમાં સ્થળાંતર કરનારા અને ટ્રકર્સ અર્થાત ટ્રકના ડ્રાઈવર,કલીનરનો સમાવેશ કરવામા આવ્યો છે.શહેરમા પંદર લક્ષિત પ્રોજેકટ અમલમા મુકવામા આવ્યા છે.લક્ષિત પ્રોજેકટ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારમા આવેલા અર્બન હેલ્થ સેન્ટરોની સાથે સરકારી હોસ્પિટલોમા બે સમુદાય આધારીત તબીબી તપાસ કરવામા આવી રહી છે.તબીબી તપાસ અંગેના પ્રોજેકટમા ધંધાદારી દેહવિક્રય કરતી મહિલાઓ અને સજાતીય સંબંધ ધરાવતા પુરુષોની તપાસ કરવાની સાથે સીરીન્જથી નશો કરનારા લોકોની તબીબી તપાસ કરાઈ રહી છે.

સ્થળાંતરીત લોકો ઉપરના નવ પ્રોજેકટ અને ટ્રકર્સની તબીબી તપાસ માટે એક પ્રોજેકટ ઉપર હાલ કામગીરી કરવામા આવી રહી છે.નશો કરનારા લોકો માટે ઓરલ સબસ્ટીટયુશન થેરાપી સેન્ટર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ.જી. હોસ્પિટલ ખાતે ચલાવવામા આવી રહયુ છે.

CLASSIFIED
કલાસીફાઈડ

House for Rent
House Available From 1st March 2023 in Brampton, Nearest intersection chinguacousy & Queen, 4 Bedroom 2 Living Room, Kitchen- Dining Room 2 1/2 Washroom, 3 Outside Car Parking, Suitable for two small family can live in sharing – Boys + Girl Students welcome. Gujarati Preferred. Email : kanu_amin@hotmail.com
For More Details Contact 416-456-8334

## આયુર્વેદ અને હોમિયોપેથીની નવી 8 કોલેજને મંજૂરી મળી

અમદાવાદ : આયુર્વેદ અને હોમિયોપેથીમાં નવી 8 કોલેજને મંજૂરી મળતા 570 નવી બેઠક વધી છે. હજુ એડમિશન પ્રક્રિયા ચાલુ છે, જેથી વધેલી બેઠકથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. અગાઉની આયુર્વેદની ખાલી પડેલ 707 બેઠક અને હોમિયોપેથીની 6 બેઠક માટે હવે નવો ઓફલાઈન રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. 21 થી 25 સુધી વિદ્યાર્થીઓએ ઓફલાઈન પ્રવેશ માટે હાજર રહેવું પડશે.

# ગુજરાતમાં ભાજપની શિસ્ત સમિતિને પક્ષ વિરોધી પ્રવૃત્તિની 650 ફરિયાદો

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ બ્રેક જીત હાંસલ કરી છે. ભાજપની નવી રચાયેલી સરકારે કામગીરી પણ શરૂ કરી દીધી છે. બીજી તરફ ભાજપે હવે આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા નેતાઓને લઈને ભાજપ એક્શનમાં આવી ગયો છે. પક્ષ દ્વારા રચાયેલ શિસ્ત સમિતીને આ મામલો સોંપી દેવામાં આવ્યો છે. ચૂંટણી સમયે ભાજપના 6 સાંસદોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હેવાથી હાઈકમાન્ડ દ્વારા તેમને ઠપકો અપાયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની હાજરીમાં જ તેમને રીતસર ખખડાવવામાં આવ્યા હતાં. હવે ભાજપની શિસ્ત સમિતીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ અંગે 650 ફરિયાદો મળી છે. જેમાં સૌથી વધુ ફરિયાદો સૌરાષ્ટ્ર ઝોનમાંથી આવી છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નારાજ નેતાઓએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હોવાનું ભાજપના હાઈકમાન્ડના ધ્યાને આવ્યું હતું. ત્યાર બાદ ભાજપે શિસ્ત સમિતીની રચના કરી હતી. ભાજપની શિસ્ત સમિતીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ અંગેની 650 ફરિયાદો મળી છે.

## ગુજરાતમાં ગાંધીની સંસ્થા વિવાદમાં : હકાલપટ્ટી થાય એ પહેલાં કુલનાયકનું રાજીનામુ

**અમદાવાદ**

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં છેલ્લા કેટલાક સમયથી કુલનાયક રાજેન્દ્ર ખીમાણીને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. જેથી ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક પદેથી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ રાજીનામું આપી દીધુ છે. આ અગાઉ UGC દ્વારા રાજેન્દ્ર ખીમાણીની નિમણુકને ગેરલાયક ઠેરાવવામાં આવી હતી તેમજ ત્યાર બાદ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા પણ આદેશ આપવામાં આવ્યો હતો કે, આગામી 17મી ફેબ્રુઆરી સુધીમાં રાજેન્દ્ર ખિમાણી કુલનાયકના પદ પરથી હટાવી દેવામાં આવે.

# GIDCમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા સરકારની કવાયત

## 50 ચો.મીથી 300ચો.મી સુધીના બાંધકામો નિયત દર લઈ નિયમિત કરાશે

**ગાંધીનગર**

સૂક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા સરકારે જીઆઈડીસીમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં ૫૦ ચો.મીથી લઈને ૩૦૦ચો. મીથી વધુ કદના બાંધકામો નિયત દર લઈ નિયમિત કરાશે એવી જાહેરાત ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે કરી છે. આ નિર્ણય અંગે તેઓએ જણાવ્યું કે ઔદ્યોગિક વિકાસના હેતુથી જી.આઈ. ડી.સી.ની રચના કરવામાં આવી હતી, પરંતુ ઝડપી ઔદ્યોગિક વિકાસના કારણે જી.આઈ. ડી.સી વસાહતમાં અનઅધિકૃત બાંધકામ વધી ગયા છે.આ પ્રકારના બાંધકામ દૂર કરવાથી આર્થિક પ્રવૃત્તિ, રોજગારી અને સંલગ્ન રોકાણ ઉપર નકારાત્મક અસર થવા પામે છે. આ બાબતો ધ્યાને લઈ જી.આઈ.ડી.સી દ્વારા આવા અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાનો નિર્ણય કર્યો છે, જે આગામી ચાર મહિના સુધી અમલમાં રહેશે. જી.આઈ.ડી.સીએ સૂક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો સ્થાપવા માટે ઉદ્યોગ સાહસિકોને પુષ્કળ તકો આપી મહત્વની ભૂમિકા અદા કરી છે.

# મેડિકલ શિક્ષણ પણ હવે ગુજરાતી ભાષામાં અપાશે

## ગુજરાત NEP સેલ' હેઠળ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરાઈ

**ગાંધીનગર**

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. જેમાં સુજલામ સુફલામ જળઅભિયાનની સફળતાને પગલે માર્ચ-એપ્રિલના સ્થાને આ વર્ષે રાજ્ય સરકારે જળસંચય અભિયાનને ફેબ્રુઆરી-2023 થી જ પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે. બીજી તરફ આવતા વર્ષથી મેડિકલ શિક્ષણ ગુજરાતી ભાષામાં પણ શરૂ કરવા



માટે રાજ્ય સરકાર દ્વારા કવાયત હાથ ધરાઈ છે.

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના વિવિધ તકનીકી, તબીબી અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે માતૃભાષામાં અભ્યાસ સામગ્રી ડિઝાઈન કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત વિવિધ યુનિવર્સીટીઓને જે તે વિષયના ભાષાંતરની કામગીરી સોંપવામાં આવી છે. વધુમાં NEP-2020માં દર્શાવેલ ધ્યેયો અને ઉદ્દેશ્યો અનુસાર કાર્ય કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા 'ગુજરાત NEP સેલ' હેઠળ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરીને તેઓને કામગીરીની સોંપવામાં આવી છે.

# પાવાગઢમાં હવે નિજ મંદિર સુધી પહોંચવા પગથિયાં ચઢવા નહિ પડે

## 20 કરોડના ખર્ચે બે લિફ્ટ બનાવવામાં આવશે

**પંચમહાલ**

જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શને આવતા ભક્તો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં સીધા નિજ મંદિર પહોંચવા માટે ૨ લિફ્ટ બનાવવામાં આવશે. છાસિયા તળાવથી મંદિર પરિસર સુધીની લિફ્ટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂપિયા ૨૦ કરોડના ખર્ચે બે લિફ્ટ બનાવવામાં આવશે. ૭૦ મીટરની ઊંચાઈ ધરાવતી હાઈસ્પીડ લિફ્ટમાં ૨૦ વ્યક્તિની કેપેસિટી રહેશે. પાવાગઢ ખાતે બનાવવામાં આવતી લિફ્ટમાં દર્શને આવતા દિવ્યાંગો અને સિનિયર સિટીઝનોને પ્રાથમિકતા આપવામાં આવશે. યાત્રાળુઓને હવે નિજ મંદિર સુધી પહોંચવા માટે પગથિયાં નહિ ચઢવા પડે. અગાઉ રોપ-વેમાંથી ઉતર્યા બાદ પણ ૪૫૦ જેટલા પગથિયાં ચડવા પડતા હતા. લિફ્ટનું કામ અમદાવાદની ખાનગી એજન્સીને કામ આપવામાં આવ્યું છે.

# અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લોટિંગ રેસ્ટોરન્ટ શરૂ થશે

**અમદાવાદ**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર વધુ એક નજરાણું ઉમેરવા જઈ રહ્યું છે. સરદાર બ્રિજથી ગાંધી બ્રિજની વચ્ચે સાબરમતી નદીમાં વચ્ચે બેસી અને લોકો જમવાની મજા માણી શકશે. આગામી એપ્રિલ મહિનાના અંતમાં એપ્રિલ રેસ્ટોરાંનું ઉદ્ઘાટન કરવામાં આવશે. લોકો માટે ફરવા ફરવાના સ્થળની સાથે હવે ફ્લોટિંગ રેસ્ટોરાંની મજા પણ રિવરફ્રન્ટ પર માણી શકાશે. ફ્લોટિંગ રેસ્ટોરાંની કામગીરી પૂર્ણતા થવાના આરે છે. માત્ર ઈન્ટિરિયર ડિઝાઈનનું કામ જ બાકી રહ્યું છે. અક્ષર ટ્રાવેલ્સને આ ફ્લોટિંગ રેસ્ટોરાં ચલાવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. વલસાડના ઉમરગામથી



ક્રુઝ રિવરફ્રન્ટ પહોંચ્યું છે. હાલ તમામ અલગ ભાગ એકત્ર કરી રેસ્ટોરાં ક્રૂઝ તૈયાર કરાઈ રહ્યું છે. કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર આઈ કે પટેલે જણાવ્યું હતું કે, ફ્લોટિંગ રેસ્ટોરાંમાં એક સાથે ૧૨૫થી ૧૫૦ લોકો એક સાથે બેસી શકશે. લાઈફ સેવિંગ કિટ, સીસીટીવી કેમેરા અને લાઈટીંગ તેમજ ડીજે સાઉન્ડ સાથે રહેશે.



એક વર્ષ બાદ 3 એજન્ટની ધરપકડ થતા ચોંકાવનારા ખુલાસા : કેનેડા-યુએસની બોર્ડર ક્રોસ કરતાં ડિંગુચાનો પરિવાર મોતને ભેટ્યો હતો

# કબૂતરબાજી: 7 વિદ્યાર્થીઓ પૈકી 5ને ગેરકાયદે US મોકલ્યા

**અમદાવાદ**

ગેરકાયદેસર અમેરિકાની બોર્ડર ક્રોસ કરતા ડીંગુચાના પરિવારના મૃત્યુ કેસમાં વધુ એક એજન્ટની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. પરંતુ પકડાયેલ ત્રણે એજન્ટોની પૂછપરછમાં ઘટસ્ફોટ થયો છે કે તેમણે ડીંગુચાના પરિવારને ગેરકાયદે અમેરિકા મોકલ્યા નથી. ત્યારે બીજી બાજુ 7 સ્ટુડન્ટ પૈકી 5 સ્ટુડન્ટને ગેરકાયદે અમેરિકા આ ત્રણ એજન્ટો મોકલ્યા હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે એજન્ટો છેલ્લા દસ વર્ષથી કબુતર બાજી કરતા હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રહેલા દશરથ ચૌધરી કબૂતર બાજીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. દશરથ ચૌધરી ગાંધીનગરનો રહેવાસી છે અને ગેરકાયદે વિદેશ મોકલવા સબ એજન્ટ તરીકે કામ કરતો હોવાનું સામે આવ્યું છે. આરોપી દશરથ એ કલોલના રહેવાસી પ્રિયંકા અને પ્રિન્સ નામના બે સ્ટુડન્ટને ગેરકાયદે અમેરિકા મોકલ્યા હતા. જે બન્ને સ્ટુડન્ટને આરોપી દશરથ એ અગાઉ પકડાયેલ યોગેશ પટેલ મારફતે ગેરકાયદે અમેરિકા મોકલ્યા હોવાનું સામે આવ્યું છે. જોકે અત્યાર સુધી પકડાયેલ 3 એજન્ટો ભેગા મળી 5 જેટલા લોકો ગેરકાયદે અમેરિકા મોકલ્યા હતા પણ એજન્ટોની પૂછપરછમાં ઘટસ્ફોટ થયો છે કે ત્રણેય એજન્ટમાંથી કોઈએ પણ ડીંગુચાના પરિવારને ગેરકાયદે અમેરિકા મોકલ્યા નથી. જેને લઈ મૃતક જગદીશ પટેલના પિતરાઈ ભાઈ મહેન્દ્ર પટેલની પૂછપરછ માટે ક્રાઇમ બ્રાંચ બોલાવી તપાસ શરૂ કરી છે.

પોલીસે ત્રણેય એજન્ટોની પૂછપરછ કરતા સામે આવ્યું છે કે એક વ્યક્તિને ગેરકાયદે અમેરિકા મોકલવામાં આવે તો તેમને 5 લાખ રૂપિયા મળતા હતા. જેમાંથી 7 સ્ટુડન્ટ પૈકી યોગેશ પટેલ અને દશરથ ચૌધરી 3 સ્ટુડન્ટને મોકલ્યા અને ભાવેશ પટેલ એ બે સ્ટુડન્ટ મોકલ્યા હતા. પરંતુ હજી બે જેટલા સ્ટુડન્ટ કોના મારફતે ગેરકાયદે અમેરિકા બોર્ડર પહોંચ્યા જેને લઈ પોલીસ તપાસ કરી રહી છે.

## કેનેડા ગયા બાદ જગદીશ પટેલે યુએસ જવાનો નિર્ણય કેમ લીધો : મહત્વનો સવાલ



નડિયાદ: બલદેવ પટેલને તેમના પુત્ર સાથે કરેલી છેલ્લી વાતચીત યાદ નથી. તેમની યાદદાશ્ત નબળી પડી રહી હોવાનું તેમને દુઃખ છે. એમનો પુત્ર, 39 વર્ષીય જગદીશ બલદેવભાઈ પટેલ, તેની પત્ની અને બે બાળકો સાથે 19 જાન્યુઆરી, 2022ના રોજ મેનિટોબા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેની સરહદ નજીકથી મૃત હાલતમાં મળી આવ્યો હતા. જગદીશ બળદેવભાઈ પટેલના પત્ની 37 વર્ષીય વૈશાલીબેન જગદીશકુમાર પટેલ હતાં. તેમની પુત્રી, વિહંગી જગદીશકુમાર પટેલ, 11 વર્ષની હતી અને તેમનો પુત્ર, ધાર્મિક જગદીશકુમાર પટેલ, ત્રણ વર્ષનો હતો. જગદીશ કેનેડા પહોંચી ગયો હતો. તે યુ.એસ. જઈ રહ્યો હતો અને ખુશ હતો." પિતાએ જણાવ્યું હતું કે તેમના પુત્રએ શિક્ષણ, ખેતી અને પતંગ વેચવા સહિત વિવિધ નોકરીઓ કરી હતી. આ મામલે હજુ સુધી કંઈ થયું નથી. તેમને ખાતરી નથી કે તેના પુત્રએ કેનેડાથી યુ.એસ.નો માર્ગ કેવી રીતે નક્કી કર્યો અથવા તેણે કોની પાસેથી મદદ માંગી. પટેલે કહ્યું કે, "તે જવા માંગતો હતો અને ગયો. તે 40 વર્ષનો પુરુષ હતો. તે જાણતો હતો કે તે શું કરી રહ્યો છે. તેણે પોતાનો રસ્તો જાતે નક્કી કર્યો હતો, એમાં આપણે શું કહી શકીએ ? " ગામના એક પારિવારિક મિત્ર જયેશ ચૌધરીએ મીડિયાને જણાવ્યું હતું કે, આ ચાર મૃત્યુ બાદથી પટેલોમાં એક અજીબની શાંતિ છવાઈ ગઈ છે.

## કેનેડા બોર્ડર ક્રોસ રેકેટ : મૃતક જગદીશના ભાઈની પૂછપરછ

**અમદાવાદ** : કેનેડા બોર્ડર ક્રોસ કરાવી ગેરકાયદે રેકેટમાં ક્રાઈમબ્રાંચે પલસાણાના ભાવેશ પટેલ અને અમદાવાદના યોગેશ પટેલની ધરપકડ બાદ બોર્ડર ક્રોસ કરતા મોતને ભેટેલા ડિંગૂચાના જગદીશ પટેલના ભાઈ મહેન્દ્ર પટેલની પૂછપરછ હાથ ધરી છે. મહેન્દ્રભાઈ પોતે પણ આ રીતે વિદેશ જવાની કોઈ તૈયારી કરી હોવાની શંકા પોલીસને છે. આ મામલે મૃતક પરિવારના ડોક્યુમેન્ટ પણ પોલીસે મંગાવ્યા હતા.મેમનગર વિસ્તારમાં રહેતાં એજન્ટ યોગેશની ધરપકડ બાદ મહેન્દ્રભાઈ તેના સંપર્કમાં હતા કે નહી તે મામલે પૂછપરછ શરૂ થઈ છે. આ ઉપરાંત કેનેડાથી ગેરકાયદેસર રીતે બોર્ડર ક્રોસ કરાવતા ફેનિલ અને બીટ્ટુ સાથે મહેન્દ્રભાઈને સંપર્ક હોવાની વિગતો મળી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસને શંકા છે કે, ડિંગૂચાના પરિવાર સાથે નીકળેલા દસ લોકોને વિદેશ મોકલવાના રેકેટ પાછળ મહેન્દ્રભાઈએ એજન્ટોનો સંપર્ક કરાવ્યો હતો.

## આરોપીને છોડાવવા ભાજપના બે નેતાના ધમપછાડા નિષ્ફળ

**અમદાવાદ** : દિલ્હીના આદેશને પગલે પોલીસે ભાજપના નેતાઓના ફાઈનાન્સરને ગેરકાયદે વિદેશ મોકલવાના રેકેટમાં સંડોવણી અંગે પકડી કડકાઈ દાખવતા રાજકીય આલમમાં સોંપો પડી ગયો હતો. રાણીપમાં 'મેટર'ના નામથી જાણીતા યુવા નેતાએ શારીરિક રીતે કદમાં નાના પણ પાર્ટીમાં પદ મામલે મોટું કદ ધરાવતા જૂના સાથી એવા બે નેતાની મદદ માંગી ફાઈનાન્સરને છોડાવવા આજીજી કરી હતી. રાજ્યસ્તરે પાર્ટીમાં પહેલી હરોળમાં આવતા આ બંને નેતાએ 'મેટર'ને ખાતરી આપી દીધી કે, આપણો મિત્ર છૂટી જશે કોઈ વાંધો નથી. જો કે, પોલીસ પર દબાણ કર્યા બાદ બંનેને ખબર પડી કે, દિલ્હીથી આદેશ કડક કાર્યવાહીનો છે. આમ, કાયમ ઓવર કોન્ફીડશનમાં રાચતા બંને કદાવરને તેમનું કદ સમજાયું અને તેઓના શસ્ત્રો બૂઠ્ઠા નિકળ્યાનો અહેસાસ થયો હતો.

# ગુજરાતમાં ગેરકાયદે ચાલતાં કતલખાના મુદ્દે સરકાર શા માટે ઢિલાશ કરે છે: HC

### આગામી સુનાવણીમાં શહેરી સચિવ અને ફૂડ સેફ્ટી કમિશ્નરને રૂબરૂ હાજર રહેવા હૂકમ

**અમદાવાદ**

ગુજરાતમાં ગેરકાયદે ચાલી રહેલા કતલખાના સામે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરી પર નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે ટકોર કરી હોવા છતાં કામમાં ઢીલાશ થઈ રહી હોવાનું યોગ્ય નથી તેમ જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે, ગેરકાયદે ચાલી રહેલા કતલખાના બંધ કરવાની અનેક વખત ટકોર કરી હોવા છતાં




સરકાર કેમ ઢીલાશ દાખવે છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કતલખાના સંબંધિત વિભાગના અધિકારીઓને હાજર રહેવા હૂકમ કર્યો છે. વધુ સુનાવણી આગામી 30 જાન્યુઆરીના રોજ યોજાશે. જેમાં શહેરી વિભાગના સચિવ અને ફૂડ સેફ્ટી કમિશ્નરને રૂબરૂ હાજર રહેવા કોર્ટે આદેશ કર્યો છે. ગુજરાતમાં ગેરકાયદે ચાલી રહેલા કતલખાના સામે કાર્યવાહી કરવા હાઈકોર્ટમાં અગાઉ અરજી કરાઈ હતી. આ અરજીમાં અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા સહીતના જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા કતલખાનાની જાહેરાત કરાઈ હતી.

# બે અઠવાડિયામાં રાજ્યમાં 1077 વ્યાજખોરો સામે ગુના દાખલ કરાયાં

### 699 ધરપકડ અને 643 વ્યાજખોરો સામે FIR

**ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અને થયેલી ચર્ચા અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર અનધિકૃત વ્યાજખોરો દ્વારા સામાન્ય નાગરિકોને કરવામાં આવતી કનડગત સાંખી લેશે નહીં. તેના માટે પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. હવે વ્યાજખોરોએ ધંધો છોડવો પડશે અથવા ગુજરાત છોડવું પડશે.

અનધિકૃત રીતે વ્યાજખોરીનો વ્યવસાય કરતા વ્યાજખોરો વિરુદ્ધ રાજ્ય સરકાર મેગા ડ્રાઈવ ચલાવી રહી છે. તા. 5મી જાન્યુઆરીથી ચાલી રહેલી મેગા ડ્રાઈવના બે અઠવાડિયામાં એટલે કે તા.17 જાન્યુઆરી સુધીમાં 1077 વ્યાજખોરો સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે, 699ની ધરપકડ કરવામાં આવી છે અને 643 વ્યાજખોરો સામે એફ.આઈ.આર દાખલ કરવામાં આવી છે.

# ગુજરાત કોંગ્રેસ સંગઠનમાં ધરખમ ફેરફારની સંભાવના

**ગાંધીનગર**

ગુજરાત રાજ્ય વિધાનસભા વિરોધ પક્ષના નેતા પદે આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાની નિમણૂક કરી છે. જ્યારે ઉપનેતા તરીકે અમદાવાદની દાણીલીમડા બેઠક પરથી જીતેલા શૈલેશ પરમારની નિમણૂક કરી છે. બીજી બાજુ પ્રદેશ પ્રમુખ તરીકે કોંગ્રેસ પાસે ત્રણ નામ છે. આ નામ પર હાઈકમાન્ડ પસંદગી કરે પછી જ જાહેરાત કરવામાં આવશે. ગુજરાતમાં કોંગ્રેસે ચૂંટણીમાં સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. ચૂંટણી પહેલાં જગદીશ ઠાકોરને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા હતાં. પરંતુ તેમના નેતૃત્વમાં કોંગ્રેસનો સૌથી ખરાબ પરાજયનો સામનો કરવો પડ્યો છે. હવે કોંગ્રેસ હાઈકમાન્ડ ગમે તે ઘડીએ પ્રદેશ પ્રમુખ બદલી શકે છે. હાલ પ્રદેશ પ્રમુખ તરીકે પરેશ ધાનાણી, અર્જુન મોઢવાડિયા અને જીતુ પટેલનું નામ ચર્ચામાં છે.

# મેટ્રોની આવકમાં ઘટાડો નોંધાતાં આખરે સમય ચાર કલાક લંબાવાયો

### 3 મહિનામાં કુલ 39.96 લાખ મુસાફરો, 6.35 કરોડની આવક

**અમદાવાદ**

અમદાવાદમાં મેટ્રો ટ્રેનનો સમય આખરે વધારવામાં આવ્યો છે. ૩૦ જાન્યુઆરીથી સવારે ૭ થી રાત્રે ૧૦ સુધી મેટ્રો ટ્રેન દોડશે. મેટ્રો ટ્રેનનો અગાઉનો સમય સવારે ૯ થી રાત્રે ૮ સુધીનો હતો. પરંતુ મેટ્રોનો સમય વધારવા માટે મુસાફરોની માંગ અને ત્રણ મહિના કરતાં વધુ સમય છતાં અપેક્ષા કરતાં ઓછી આવક એમ બે પરિબળોને પગલે મેટ્રોનો સમય વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત મેટ્રો રેલ કંપનીએ આ અંગે જણાવ્યું છે કે, 'અમદાવાદ મેટ્રો ફેસ-૧નો સમય વધારવા માટે વિવિધિ રજૂઆતો મળી હતી. જેના પગલે નોકરિયાતો-વિદ્યાર્થીઓની સવલતને ધ્યાનમાં રાખીને ૩૦ જાન્યુઆરીથી મેટ્રોનો સમય સવારે ૭ થી રાત્રે ૧૦ સુધી હંગામી ધોરણે કરવાનો નિર્ણય લેવાયો છે. હાલ માંગ જોતાં ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં દર ૧૮ મિનિટે, નોર્થ-સાઉથ કોરિડોરમાં ૨૫ મિનિટે ટ્રેનની વ્યવસ્થા છે. મુસાફરોની સંખ્યા જોતાં દર ૧૫ મિનિટના ગાળા સુધી કરવાની તૈયારી રાખવામાં આવી છે.

# કોંગ્રેસના પૂર્વ MLA ઠુમ્મરે EVM પર ઉઠાવ્યા સવાલ

**અમદાવાદ**

ગુજરાતમાં હાર થતા કોંગ્રેસે હારની જવાબદારી સ્વીકારી હતી. પરંતુ ગુજરાત કોંગ્રેસના નેતાઓ કારમી હાર મુદ્દે ઈવીએમ પર ઠીકરું ફોડ્યું છે. તેમણે વારંવાર જણાવે છે કે વિદેશમાં પણ ઈવીએમ પર શંકા-કુશંકા થઈ રહી છે. ચૂંટણીમાં કારમી હાર બાદ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ફરી એક વાર EVM પર ઠીકરું ફોડ્યું છે. ગુજરાતના પૂર્વ ધારાસભ્ય વીરજી ઠુમ્મરે જણાવ્યું હતું કે, લોકોને આશંકા હતી એટલે ભાજપને આપ્યા મત. થોડા સમય પહેલા કોંગ્રેસની કારમી હાર બાદ ભરતસિંહ સોલંકીએ ઝી ચોવિસ કલાક સાથે વાતચીત કરી હતી. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે પ્રકારનો માહોલ હતો એમાં કોંગ્રેસ જીતતું દેખાતું હતું. પરંતુ ચમત્કારિક રીતે અલગ પરિણામો આવ્યા છે.

# મુંબઈ-ગોવા હાઈવે પર બે ગમખ્વાર અકસ્માત: 13ના મોત, 24 ઘાયલ

## માનગાંવના રોપોલી ગામમાં અથડામણમાં 9 લોકોના મોત, 4 વર્ષનો માસૂમ ઘાયલ

**મુંબઈ**

મુંબઈ-ગોવા હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં 9 લોકોના મોત થયાની માહિતી સામે આવી છે, જેમાંથી ચાર મહિલાઓ છે. આ અકસ્માત સવારે 5 વાગ્યાની આસપાસ થયો હતો. આ અકસ્માત રાયગઢના માનગાંવના રોપોલી ગામમાં થયો હતો. ટ્રક અને કાર વચ્ચે સામસામે અથડાતા કારનો સંપૂર્ણ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ પહેલા પણ મુંબઈ-ગોવા હાઈવે પર આવા અકસ્માતો થઈ ચૂક્યા છે. ખાસ કરીને કોંકણ તરફ જતો રસ્તો. આવા અકસ્માતોના સમાચાર અવારનવાર સામે આવે છે. દરમિયાન અકસ્માતમાં 4 વર્ષનો બાળક પણ ગંભીર રીતે ઘાયલ થયો છે.



મુંબઈ-ગોવા હાઈવે પર એક અન્ય માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે અને 23 લોકો ઘાયલ થયા છે. મુંબઈ-ગોવા હાઈવે પર કંકાવલી નજીક એક ખાનગી બસને અકસ્માત નડ્યો હતો. ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવતાં આ અકસ્માત સર્જાયો હતો. આ બસ મુંબઈથી ગોવા જઈ રહી હતી જેમાં 36 મુસાફરો સવાર હતા.

# રાજકીય મતભેદો ભૂલી જઈ બૂસ્ટર ડોઝ લેવા આદર પૂનાવાલાની ચીનને સલાહ

**દેવોસ**

સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા (SII) અત્યારે કોવિડ સામેની બે વેકિસન કોવોવેક્સ અને કોવીશિલ્ડ બનાવી રહી છે. આ સંસ્થાના વડા આદર પૂનાવાલાએ એક વિશેષ મુલાકાતમાં જણાવ્યું હતું કે ફરી ઉથલો મારતી કોવિડ મહામારીનો સામનો કરવા ચીને રાજકીય મતભેદો ભૂલી આ બે વેકિસન તેમજ પશ્ચિમમાં પણ બનતી વેકિસન લેવી જોઈએ. આ અંગે પત્રકારોએ જ્યારે ડો. પૂનાવાલાને પૂછયું કે, આપના તે સૂચન અંગે ચીનના પ્રતિભાવો કેવા રહ્યા ? ત્યારે ડો. પૂનાવાલાએ કહ્યું હતું કે, મને તેવું લાગે છે કે તેઓ તે અંગે કયા માર્ગે જવું તે



વિચારતા લાગે છે. પરંતુ ખરી વાત તે છે કે તેમણે વહેલામાં વહેલી તકે તે અંગે નિર્ણય લઈ લેવો જોઈએ. બીજી તરફ આ કેન્દ્રની કોવિડ પેનલના વડા ડો. એન.કે. અરોરાએ કહ્યું હતું કે, ચીનમાં જનતા પહેલેથી જ કોવિડ અંગે તૈયાર થઈ શકી ન હતી. તેથી તેમની ઈમ્યુનિટી પણ ઓછી થઈ ગઈ છે. પરિણામે કોવિડ વેકિસનના ૩ થી ૪ ડોઝ પણ પૂરતા અસરકારક રહ્યા નથી.

# ઝારખંડમાં કોલસા કૌભાંડ: ED દ્વારા આરોપીની 90.38 લાખની સંપત્તિ જપ્ત

**રાંચી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મંગળવારે કૌશલ્યા નિર્માણ પ્રાઈવેટ લિમિટેડ અને કૌશલ્યા ટાઉનશિપની સાત સ્થાવર મિલકતો જપ્ત કરી છે. ED દ્વારા જપ્ત કરવામાં આવેલી આ મિલકતોની કિંમત 90 લાખ 38 હજાર 912 રૂપિયા આંકવામાં આવી છે. EDના અધિકારીઓએ જણાવ્યું કે, CBIમાં નોંધાયેલા કેસના આધારે EDએ મેસર્સ કૌશલ્યા નિર્માણ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો. EDના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કંપનીએ ઝારખંડમાં રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો.




આ દરમિયાન ડામરની ખરીદી માટેનું નકલી ઈનવોઈસ માર્ગ બાંધકામ વિભાગને મોકલવામાં આવ્યું હતું. જેના કારણે સરકારને એક કરોડ 8 લાખ 95 હજાર 583 રૂપિયાનું નુકસાન થયું હતું. CBIએ આ મામલે ચાર્જશીટ દાખલ કરી હતી જેના પગલે મની લોન્ડરિંગનો કેસ નોંધવામાં આવ્યો હતો.

# ભાજપે ઈલેક્ટોરલ બોન્ડ્સથી 2022 સુધી પાંચ વર્ષમાં રૂ. 5,270 કરોડ દાન મેળવ્યું

## આ ગાળામાં ઇશ્યૂ થયેલા કુલ ઇલેક્ટોરલ બોન્ડ પૈકી 57 ટકા ભાજપને મળ્યા

**નવી દિલ્હી**

માર્ચ, 2018થી માર્ચ, 2022 સુધીના પાંચ વર્ષમાં ભાજપે ઈલેક્ટોરલ બોન્ડ્સના માધ્યમથી 5,270 કરોડ રૂપિયાનું દાન મેળવ્યું છે. ચૂંટણીપંચના ડેટામાં જણાવ્યાનુસાર આ સમયગાળામાં કુલ ઈલેક્ટોરલ બોન્ડ્સ પૈકી અડધાથી પણ વધારે ભાજપને મળ્યા હતા. રાજકીય પક્ષોએ ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા મેળવેલા દાનના જાહેર કરેલા આંકડા પૈકી ભાજપે દર્શાવેલા આંકડા મુજબ તેને 2022 સુધીના પાંચ વર્ષમાં ઈલેક્ટોરલ બોન્ડ્સના માધ્યમથી મળેલું 5,270 કરોડ રૂપિયાનું દાન આ ગાળામાં ઈશ્યૂ થયેલા કુલ 9,208 કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડના 57 ટકા થાય છે. કોંગ્રેસ આ ગાળામાં ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા 964 કરોડ રૂપિયાનું (10 ટકા) દાન મેળવીને બીજા સ્થાને છે જ્યારે તૃણમૂલ કોંગ્રેસે ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા 767 કરોડ રૂપિયાનું (8 ટકા) દાન મેળવ્યું.

ભાજપે ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા 2018માં 210 કરોડ, 2019માં 1,450 કરોડ, 2020માં 2,555 કરોડ, 2021માં 22.38 કરોડ અને 2022માં 1,033 કરોડ રૂપિયાનું દાન મેળવ્યું હતું. કોંગ્રેસે 2019માં 383 કરોડ, 2020માં 317 કરોડ, 2021માં 10 કરોડ અને 2022માં 253 કરોડ રૂપિયાનું જ્યારે તૃણમૂલ કોંગ્રેસે 2019માં 97 કરોડ, 2020માં 100 કરોડ, 2021માં 42 કરોડ અને 2022માં 528 કરોડ રૂપિયાનું દાન મેળવ્યું હતું.

# રાજસ્થાનમાં ખાનગી શાળાની બસ ડમ્પર સાથે અથડાતા પલટી, 30 બાળકો ઘાયલ

**જયપુર**

રાજસ્થાનના ભરતપુરમાં શિયાળાની રજા હોવા છતાં બાળકોને લઈ જતી ખાનગી શાળાની બસ પલટી જતાં 30 બાળકો ઘાયલ થયા હતા. નાદબાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના નાદબાઈ નગર રોડ પર થયેલા આ અકસ્માતમાં ખાનગી સ્કૂલની બસ પહેલા ટ્રક સાથે અથડાઈ અને પછી પલટી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે સ્કૂલ બસને નુકસાન થયું હતું. ઘાયલ બાળકોમાંથી 8ની હાલત ગંભીર છે, જેમને જિલ્લા હોસ્પિટલમાં



રીફર કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે શિયાળુ વેકેશન અંતર્ગત 18મી જાન્યુઆરી સુધી શાળાઓ બંધ રાખવાનો આદેશ જારી કર્યો છે.

ઘાયલ બાળકોના ખબરઅંતર પૂછવા ડીએમ હોસ્પિટલ પહોંચ્યા

ભરતપુર જિલ્લા કલેક્ટર આલોક રંજને 18 જાન્યુઆરી સુધી તમામ ખાનગી અને સરકારી શાળાઓમાં ધોરણ 8 સુધીની રજા જાહેર કરી છે, તેમ છતાં ખાનગી શાળાઓમાં અભ્યાસ ચાલુ છે. એક દિવસ પહેલા શિક્ષણ રાજ્ય મંત્રી ઝાહિદા ખાનના વિસ્તારમાં પણ કેટલીક શાળાઓ કાર્યરત જોવા મળી હતી, જેમને 'કારણ બતાવો નોટિસ' પણ જારી કરવામાં આવી હતી, પરંતુ બુધવારે શાળાની કામગીરીના કારણે આ અકસ્માત થયો હતો.

# નાણા મંત્રાલયના 1 કર્મચારીની જાસૂસીના આરોપસર ધરપકડ

## આરોપી પૈસા બદલા અન્ય દેશોને માહિતી આપતો હતો

**નવી દિલ્હી**

નાણા મંત્રાલયના એક કર્મચારીની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ આરોપી પૈસાના બદલામાં અન્ય દેશોને નાણા મંત્રાલય સાથે સંબંધિત જરૂરી માહિતી આપતો હતો. આરોપીનું નામ સુમિત છે જે નાણા મંત્રાલયમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો. પરંતુ કામ દરમિયાન તે પોતાની જાતને શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ કરતો હતો અને પૈસાના બદલામાં તેણે અન્ય દેશોને ગુપ્ત માહિતી આપી હતી જે ભારતના દૃષ્ટિકોણથી સંવેદનશીલ હતા. સુમિત પાસેથી મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર તે આ ફોનથી જાસૂસી કરતો હતો. આ મામલામાં ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ વ્યક્તિ નાણા મંત્રાલય સાથે કેટલા સમયથી કામ કરી રહ્યો હતો, તેણે અન્ય દેશોને કેવા પ્રકારની માહિતી આપી હતી, તેના તરફથી કયા દેશોને ગુપ્ત માહિતી આપવામાં આવી હતી.

# લિવિંગ વિલ માટે ટૂંકમાં વ્યવહારુ નિર્દેશ આપીશું : સુપ્રિમ કોર્ટની સ્પષ્ટતા

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે પેસિવ ઈચ્છામૃત્યુ મુદ્દે ચાલી રહેલી સુનાવણીમાં બુધવારે કહ્યું હતું કે તે 2018માં આ મુદ્દે તેણે આપેલા ચુકાદાની સમીક્ષા નહીં કરે અને તે માત્ર લિવિંગ વિલ, સારવારનો અંત લાવવા માટે એડવાન્સ મેડિકલ ડાઈરેક્ટિવને વધારે વ્યવહારુ બનાવવા માટે દિશાનિર્દેશ આપશે. સુપ્રીમ કોર્ટે 2018ના આદેશમાં પેસિવ ઈચ્છામૃત્યુ અંગે દિશાનિર્દેશ આપતા કહ્યું હતું કે સન્માનપુર્વક મૃત્યુ એ પણ મૌલિક અધિકાર છે. ન્યાયમૂર્તિ કેએમ જોસેફની અધ્યક્ષતા હેઠળની પાંચ જજની બંધારણ બેન્ચે બુધવારે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે કોર્ટ દ્વારા વધારે સ્પષ્ટતાને કારણે વધારે અસમંજસ ન ફેલાવી જોઈએ.

# પંજાબમાં આતંકવાદી ષડયંત્ર નિષ્ફળ હથિયાર લઈ જતાં ડ્રોનને તોડી પાડ્યું

## BSF જવાનોએ ડ્રોનનો અવાજ સાંભળ્યો, 17 રાઉન્ડ ફાયરિંગ કર્યું

**ગુરદાસપુર**

પંજાબના ગુરદાસપુરમાં BSFએ તસ્કરોની યોજનાને નિષ્ફળ બનાવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે 17-18 જાન્યુઆરી 2023ની રાત્રે BSFએ ગુરદાસપુરના ઉચા ટકલા ગામમાં પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યું હતું. સુરક્ષા દળોની ટીમે ડ્રોનમાંથી 4 ચીની બનાવટની પિસ્તોલ, 8 મેગેઝીન અને 47 કારતૂસ જપ્ત કર્યા છે. BSFએ જણાવ્યું કે, રોજ ગુરદાસપુરના ઉચા ટકલા ગામની સીમમાં તૈનાત બીએસએફની ટીમે પાકિસ્તાન તરફથી આવતા એક શંકાસ્પદ ડ્રોનનો અવાજ સાંભળ્યો હતો. બીએસએફની ટીમે ઝડપી કાર્યવાહી કરતા શંકાસ્પદ ડ્રોનના અવાજની દિશામાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ દરમિયાન પાર્ટીએ નજીકના વિસ્તારમાં કંઈક પડવાનો અવાજ પણ સાંભળ્યો હતો. જ્યારે તેઓએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે એક પેકેટમાં 4 ચાઈનીઝ પિસ્તોલ, 8 મેગેઝીન એક પેકેટમાં બાંધેલા મળી આવ્યું હતું.

# મેઘાલયમાં ચૂંટણી પહેલા જ 5 ધારાસભ્યએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું

**નવી દિલ્હી**

બુધવારે ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી તે પહેલાં, પાંચ ધારાસભ્યોએ તેમના રાજીનામા આપ્યા છે અને યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટીમાં જોડાવાની તૈયારી કરી રહ્યા છે. રાજીનામું આપનારા ધારાસભ્યોમાં કેબિનેટ મંત્રી અને હિલ સ્ટેટ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (HSPDP) ના ધારાસભ્ય રેનિકટન લિંગદોહ ટોંગખાર, તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય શિતલંગ પાલે, કોંગ્રેસના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યો મર્ટલબોર્ન સાયમ અને પીટી સોકમી, અપક્ષ ધારાસભ્ય લેમ્બોર મલંગિયાંગનો સમાવેશ થાય છે. આ સાથે કોંગ્રેસ અને HSPDP બંને પાસે સત્તાવાર રીતે રાજ્યમાં એકપણ ધારાસભ્ય નથી.

# દેશની સ્કૂલોનું શિક્ષણ સ્તર ઘટ્યું, અંકગણિતમાં સૌથી ખરાબ રાજ્યોમાં ગુજરાત બીજા ક્રમાંકે

## 2018માં ગુજરાતમાં 73.2% વિદ્યાર્થીઓ અંગ્રેજીનું સામાન્ય વાક્ય વાંચી શકતા હતા

**નવી દિલ્હી**

કોવિડ મહામારીના કારણે લગભગ બે વર્ષથી બંધ રહેલી સ્કૂલો ફરી ખુલી ગઈ છે. એક તરફ મહામારી બાદ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, તો બીજી તરફ વિદ્યાર્થીઓના અંકગણિત અને મૂળભૂત કૌશલ્યમાં ઘટાડો થયો હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. 15 ટકા અંકગણિત અથવા તેથી વધુ ઘટાડો દર્શાવનારા રાજ્યોની યાદીમાં આંધ્રપ્રદેશ (2018માં 59.7 ટકાથી ઘટી 2022માં 36.3 ટકા), ગુજરાત (2018માં 53.8 ટકાથી ઘટી 2022માં 34.2 ટકા) તેમજ હિમાચલ પ્રદેશ (2018માં 76.9 ટકાથી ઘટી 2022માં 61.3 ટકા) રાજ્યોનો સમાવેશ થાય છે. એન્યુઅલ સ્ટેટ ઓફ એજ્યુકેશન રિપોર્ટ 2022નો રિપોર્ટ જારી કર્યો છે. રિપોર્ટ અનુસાર દેશભરની ગ્રામીણ સ્કૂલોમાં ધોરણ-3ના વિદ્યાર્થીઓમાં વાંચવાની ક્ષમતામાં ઘટાડો નોંધાયો છે. સર્વેમાં ધોરણ-3ના માત્ર 20.5 ટકા વિદ્યાર્થીઓ જ ધોરણ-2ના પુસ્તકો વાંચવામાં સક્ષમ જોવા મળ્યા છે. રિપોર્ટમાં ASER 2018ના રિપોર્ટની તુલનાએ બાળકમાં ભણવાન ક્ષમતામાં 7 ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. એન્યુઅલ સ્ટેટ ઓફ એજ્યુકેશન દ્વારા મોટાપાયે સર્વે હાથ ધરાયો હતો. 616 જિલ્લાના 19,060 ગામોની 17002 સરકારી સ્કૂલોમાં આયોજન કરાયેલ ASER સર્વેમાં 6થી 14 વર્ષની ઊંમરના 7 લાખ બાળકોને સામેલ કરાયા હતા.

એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ 18 જાન્યુઆરીના રોજ જારી કરવામાં આવ્યો છે. ચાર વર્ષ બાદ આ રિપોર્ટમાં પ્રથમ ફાઉન્ડેશન દ્વારા મોટાપ્રમાણમાં સર્વે કરાયો છે.

# એનસીપી નેતાના પુત્ર સામે FIR, વીઝા માટે ફેક દસ્તાવેજ બનાવ્યાનો આરોપ

## ચાર માસમાં કુર્લા ખાતે નકલી દસ્તાવેજ બન્યા હતા

**મુંબઈ**

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી નવાબ મલિકની મુશ્કેલીઓ હજુ ઓછી નથી થઈ રહી ત્યાં હવે તેમના પુત્ર સામે FIR નોંધાઈ છે. પોલીસે પૂર્વ મંત્રી નવાબ મલિકના પુત્ર ફરાજ મલિક વિરુદ્ધ છેતરપિંડી અને બનાવટનો કેસ નોંધ્યો છે. પોલીસે જણાવ્યું કે, નવાબ મલિકના પુત્ર ફરાજ મલિકે ફ્રેન્ચ મહિલાના વિઝા લંબાવવામાં મદદ કરી હતી. નવાબ મલિકના પુત્ર વિરુદ્ધ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી FIRમાં કલમ 420, 465, 468, 471, 34 IPC સહિત સેક્શન 14 વિદેશી વ્યક્તિ અધિનિયમ 1946ની ધારા લગાવવામાં આવી છે. જાણવા મળ્યું છે કે 2 માર્ચ 2022થી 23 જૂન 2022 વચ્ચે કુર્લામાં નકલી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. આ દસ્તાવેજોની 2020માં હેરફેર કરવામાં આવી હતી. સ્પેશિયલ બ્રાન્ચ ઓફિસરની ફરિયાદ પર કુર્લા પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું કે, ફરાજ અને હેમલિન (ફ્રેન્ચ મહિલા) ઉપરાંત પોલીસે અન્ય કેટલાક લોકો સામે પણ કેસ નોંધ્યો છે. હેમલિન વર્ષ 2020માં ભારત આવી હતી જેની અરજી વિઝા વધારવા માટે આપવામાં આવી હતી.

# અંડરવેરમાં છુપાવી સોનાની દાણચોરી કરતાં મુંબઈ એરપોર્ટથી બેની ધરપકડ

**મુંબઈ**

મુંબઈ ઈન્ટરનેશલન એરપોર્ટ પરથી DRI એ એવા બે લોકોની ધરપકડ કરી છે. કે જે પોતાના અંડરવેરમાં સોનું સંતાડીને લાવી રહ્યા હતા. આ બન્ને શખ્સ સોનાની દાણચોરી મામલે અંજામ આપતા હતાં. મંગળવારે DRI એ 4.54 કરોડ રુપિયાના સોના સાથે બન્ને આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપીઓમાં મોહમ્મદ સલમાન અને અબ્દુલ બાસિત તરીકે ઓળખ થઈ હતી. એક માહિતી અનુસાર DRIના અધિકારીઓએ જણાવ્યું હતુ કે આ આરોપીએ તેના અંડરવેરમાં સોનું છુપાવ્યુ હતું. આ બન્નેને મુંબઈ



ઈન્ટરનેશલન એરપોર્ટ પર ઉતર્યા પછી તેમને ગિરફ્તાર કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ કહ્યું અમને બાતમી મળી હતી કે મંગળવારના રોજ વહેલી સવારે દુબઈ થી મુંબઈ આવી રહેલ પ્લેનમાં મુસાફરોની સિન્ડિકેટ દ્વારા પેસ્ટના રૂપે ભારતમાં સોનાની દાણચોરી કરી રહ્યા છે.

# ગુગલને સીસીઆઈ દ્વારા કરાયેલા દંડ અંગે સ્ટે આપવા સુપ્રીમ કોર્ટનો ઈનકાર

## સીસીઆઈના આદેશનું પાલન કરવા એક સપ્તાહનો સમય અપાયો

**નવી દિલ્હી**

ગુગલને સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. કોર્ટે CCI દ્વારા લગાવવામાં આવેલા 1338 કરોડ રૂપિયાના દંડ પર સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો છે. જો કે, કોર્ટે CCIના આદેશના પાલનની સમયમર્યાદા વધુ એક સપ્તાહ લંબાવી છે. તેમજ આ મામલો ફરી એકવાર NCLATને મોકલવામાં આવ્યો છે. NCLATને 31 માર્ચ સુધીમાં CCIના નિર્ણય સામેની અપીલનો નિકાલ કરવાનું કહેવામાં



આવ્યું છે. CJI D.Y ચંદ્રચુડ, જસ્ટિસ પી.એસ નરસિમ્હા અને જસ્ટિસ જે.બી પારડીવાલાની બેન્ચે આ મુદ્દે સુનાવણી કરી હતી. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ગૂગલને પૂછ્યું હતું કે શું તેઓ એ જ સિસ્ટમ લાગુ કરવા ઈચ્છુક છે જે તમે યુરોપમાં લગાવી છે. હકીકતમાં, કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ગૂગલે યુરોપ અને ભારત વચ્ચે અલગ નીતિ અપનાવી છે. યુરોપમાં સમાન કેસમાં તેણે 4 અબજ યુરોનો દંડ ચૂકવ્યો છે. જ્યારે ભારતમાં તે દંડના નિર્ણયને પડકારી રહ્યો છે. ગૂગલ પર સવાલો ઉઠાવતા CJI DY ચંદ્રચુડે કહ્યું કે આ આદેશ 20 ઓક્ટોબર 2022ના રોજ પસાર કરવામાં આવ્યો હતો

# આગામી ચૂંટણીનું મતદાન નવા EVMથી થશે, 2 કંપનીને રૂ.1335 કરોડનો ઓર્ડર

## ઈવીએમ પર ઉઠતાં સવાલો વચ્ચે કેબિનેટ દ્વારા કરાયો મહત્ત્વનો નિર્ણય

**નવી દિલ્હી**

ભારતના રાજકારણમાં વર્ષ 2023 અને 2024 ખુબ જ મહત્વપૂર્ણ છે. વર્ષ 2023માં 9 રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, જેમાં 5 મોટા રાજ્યોનો સમાવેશ થાય છે, જ્યારે આગામી વર્ષે એટલે કે 2024માં દેશભરમાં લોકસભા ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં સરકારે નવા EVM મશીનોનો ઓર્ડર આપી દીધો છે. આ તમામ મશીનો સરકારી



કંપની પાસે ખરીદવામાં આવશે. આ નવા EVM મશીનનો ઓર્ડર ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ECIL)ને અપાયા છે. આ બંને કંપનીઓને કેબિનેટ પાસેથી મંજૂરી મળી ગઈ છે. સરકારે આ નવા EVM મશીન માટે 1335 કરોડ રૂપિયાનું બજેટ નક્કી કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેબિનેટે નવા EVM મશીનની ખરીદીને મંજૂરી આપી દીધી છે. આ વખતે સરકારે નવા EVM માટે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિ.ને મંજૂરી આપી છે.

# હવે દરેક સિઝનમાં અમરનાથ પહોંચવું થશે સરળ, 22 કિમી લાંબો રોડ બનશે

## રૂટ પર 11 કિલોમીટર ભાગ પર સુરંગ રોડ પણ તૈયાર કરાશે

**નવી દિલ્હી**

અમરનાથની યાત્રા કરનારા તીર્થયાત્રીઓ માટે કેન્દ્ર સરકારે યાત્રા સરળ બનાવવા જઈ રહી છે. કેન્દ્ર સરકારે ચંદનવાડી અને સંગમ વચ્ચે 22 કિલોમીટરના રૂટ પર લાંબો રસ્તો બનાવવાનો નિર્ણય કર્યો છે. આ રૂટ પર 11 કિલોમીટર ભાગ પર સુરંગ રોડ પણ તૈયાર કરવામાં આવશે જે ગણેશ ટોપના અંતર્ગત થશે. નવો રસ્તો શ્રીનગર શહેરથી બાયપાસ થઈને લદાખ અને જમ્મુ વચ્ચે એક વૈકલ્પિક રસ્તો બનાવશે. ખાસ વાત એ છે કે, 22 કિલોમીટર લાંબા આ રૂટની દરેક સીઝનમાં તીર્થયાત્રીઓ માટે અનુકૂળ હશે. કેન્દ્રીય રસ્તા, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય એ આ નવા રૂટને તૈયાર કરવાની જવાબદારી નેશનલ હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડને સોંપી છે. NHIDCL વતી, NHIDCL NH-501ના ખાનાબલ-બાલટાલ વિભાગ પર 'શેષનાગ ટનલ' ના નિર્માણ માટે જવાબદાર છે.

# ઈવીએમએ પર શંકા કરનારા પક્ષો પણ તેના કારણે જીત્યા છે : સીઈસી

**નવી દિલ્હી**

જે પક્ષો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ની વિશ્વસનીયતા સામે ફરિયાદ કરી છે તે જ પક્ષોએ આ જ ઈવીએમથી જીત મેળવી છે તેમ મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) રાજીવ કુમારે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ માયવતીએ ઈવીએમની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતાં અને બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ કરી હતી. ઈવીએમની વિશ્વસનીયતા સામે વારંવાર ઉઠતી ફરિયાદો અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં કુમારે જણાવ્યું હતું કે જો ઈવીએમ બોલી શકતા તો કહેતા કે 'જિસને તેરે સર પર તોહમત રખી હે, મેને ઉસકે ભી ઘર કી લાજ રખી હે'.

# 6.01 લાખ કલાસનિકોવ AK-203 રાઈફલનું ભારતમાં ઉત્પાદન થશે

**અમેઠી**

ઉત્તરપ્રદેશના અમેઠીમાં ભારતીય અસૉલ્ટ રાઈફલ કલાસનિકોવ AK-203નું કોર્વા ઓર્ડિનેન્સ ફેક્ટરીમાં ઉત્પાદન શરૂ થઈ ગયું છે. તેની પ્રથમ બેચ તો બનીને તૈયાર પણ થઈ ચૂકી છે. ટૂંક સમયમાં સૈન્યને તેની ડીલિવરી પણ શરૂ થઈ જશે. ભારતીય સૈન્ય માટે કુલ 6.01 લાખ અસૉલ્ટ રાઈફલનું ઉત્પાદન કરાશે. અગાઉ રશિયા દ્વારા 70 હજારથી 1 લાખ જેટલી રાઈફલ, તેના પાર્ટ્સ અને ટેક્નોલોજી ભારત મોકલવામાં આવી હતી. AK-203 કલાસનિકોવ સિરીઝની



આ સૌથી એડવાન્સ રાઈફલ છે. ઈન્ડો-રશિયા રાઈફલ્સ પ્રા.લિ. નામની કંપની આ રાઈફલ તૈયાર કરી રહી છે. આ રાઈફલ સૈન્યમાં ભારતમાં ઈન્સાસ નામની રાઈફલને રિપ્લેસ કરશે. તેના બાદથી ઈન્સાસનો ઉપયોગ ઘટશે.

# SADના સ્થાપક પ્રકાશસિંહ બાદલના ભત્રીજા મનપ્રીત સિંહ ભાજપમાં જોડાયા

**ચંડીગઢ**

પંજાબના પૂર્વ વિત્ત મંત્રી મનપ્રીત સિંહે સવારે નવી દિલ્હીમાં ભાજપમાં જોડાયા. આ પૂર્વે તેમણે પોતાના ટિવટર હેન્ડલ ઉપર કોંગ્રેસ છોડવાના કારણો પણ જણાવ્યા હતાં. શિરોમણી અકાલી દળના સ્થાપક પ્રમુખ પ્રકાશ સિંહ બાદલના ભત્રીજા મનપ્રીત સિંહે ૧૯૯૫માં ગીદ્દરબરાની પેટા ચૂંટણીમાં વિજય મેળવવા સાથે પોતાની રાજકીય કારકિર્દી ખરા અર્થમાં શરૂ કરી હતી. જોકે ૩૦ વર્ષથી વધુ સમયની રાજકીય યાત્રામાં તેઓ ચાર રાજકીય પક્ષો બદલી ચુકયા છે. તેઓએ જણાવ્યું હતું કે પંજાબ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંઘ રાજા વોરિંગ સાથેના મતભેદોને લીધે તેમને પાર્ટી છોડવી પડી છે.

# 2023માં ભારત બનશે સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ : ચીનની વસ્તીમાં ઘટાડો

**શાંઘાઈ**

વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ચીન વસ્તીમાં ઘટાડાનો સામનો કરી રહ્યું છે. છેલ્લા 6 દાયકામાં પ્રથમ વખત ચીનની વસ્તીમાં મોટો ઘટાડો નોંધાયો છે. આવી સ્થિતિમાં ભારત આ વર્ષે ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. એપ્રિલ 2023માં ભારતની વસ્તી 143 કરોડ સુધી પહોંચી જશે.

આ સાથે ચીન વસ્તીના મામલામાં ભારતથી પાછળ રહી જશે. ભારતનો વસ્તી વૃદ્ધિ દર મોટા દેશો કરતા ઘણો વધારે છે. ગયા વર્ષે (2022માં) વિશ્વભરમાં 13 કરોડ બાળકોનો જન્મ થયો હતો, જેમાંથી લગભગ 2.50 કરોડ બાળકોનો જન્મ એકલા ભારતમાં થયો હતો. ચીનમાં આ આંકડો માત્ર લાખોમાં જ રહ્યો.

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર ચીન હવે ગંભીર વસ્તી સંકટનો સામનો કરી રહ્યું છે. નેશનલ બ્યુરો ઓફ



સ્ટેટિસ્ટિક્સ દ્વારા મંગળવારે જારી કરાયેલા ડેટા અનુસાર, ચીનમાં 2022ના અંતમાં 1.41 અબજ લોકો હશે, જે 2021ના અંતથી 850,000 ઓછા છે.

આ 1961 પછી પ્રથમ ઘટાડો દર્શાવે છે. ચીનમાં 2022માં 9.56 મિલિયન (90 લાખ 56 હજાર) લોકોનો જન્મ થયો હતો, જ્યારે મૃત્યુઆંક 10.41 મિલિયન (1 કરોડ 41 હજાર) નોંધાયો હતો.

# ન્યૂઝીલેન્ડ PM જેસિંડાનું રાજીનામાનું એલાનઃ આગામી મહિને છોડશે પદ

**ઓકલેન્ડ**



ન્યુઝીલેન્ડના વડા પ્રધાન જેસિંડા અર્ડને પોતાનું પદ છોડવાનું એલાન કર્યું છે. તેઓ 7 ફેબ્રુઆરી સુધીમાં વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દેશે. જેસિંડાએ જણાવ્યું કે, તેઓ આ વર્ષે ફરીથી ચૂંટણી લડશે નહીં અને વડા પ્રધાન તરીકેનો તેમનો છેલ્લો દિવસ 7 ફેબ્રુઆરી છે. તેમણે સાડા પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. તેમણે રાજીનામાની જાહેરાત કરીને લોકોને ચોંકાવી દીધા હતા. તેઓ કોરોના મહામારી દરમિયાન ચર્ચામાં રહ્યા હતા. અર્ડને કહ્યું કે, તે જાણે છે કે વડા પ્રધાનની નોકરી શું ઈચ્છે છે. તેમનું માનવું છે કે તેમની પાસે હવે ન્યાય કરવા માટે પૂરતી ક્ષમતા નથી. મારા ઘણા સાથીદારો છે જેઓ આ પદની જવાબદારી નિભાવી શકે છે. અર્ડને કહ્યું કે, તેમની સરકારે ઘણું હાંસલ કર્યું છે. ન્યુઝીલેન્ડમાં 2023ની સામાન્ય ચૂંટણી 14 ઓક્ટોબરે યોજાશે. મીડિયા સાથે વાત કરતા આર્ડને રાજીનામાના એલાનને લઈને કોઈ ચોક્કસ કારણ નહોતું આપ્યું.

# ભૂખમરા વચ્ચે પાકિસ્તાનમાં નવો આદેશ, હિન્દુને કુરાન ભણાવાશે

## યુનિવર્સિટીમાં અભ્યાસ માટે સંસદમાં ઠરાવ કરાયો

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન આ સમયે ભૂખમરાની આરે પહોંચી ગયું છે. દેશમાં લોકો ભોજન માટે તલપાપડ છે, પરંતુ શાહબાઝ સરકાર લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. તે દેશમાં ઈસ્લામિક કટ્ટરવાદ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. ગંભીર આર્થિક સંકટ વચ્ચે પાકિસ્તાને પોતાના દેશમાં નવો આદેશ જારી કર્યો છે. પાકિસ્તાનની તમામ યુનિવર્સિટીઓમાં કુરાન ફરજીયાત કરવામાં આવી છે. આ અંગે સંસદમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ પછી યુનિવર્સિટીઓમાં કુરાન અનુવાદ સાથે ભણાવવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓએ વાંચવું પડશે. કુરાનનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓએ તેના માટે કોઈ પરીક્ષા આપવાની રહેશે નહીં, ન તો વિદ્યાર્થીઓને તેના માટે વધારાના ગુણ મળશે. માર્કસ ન આપવા અને પરીક્ષામાં છૂટ આપવાનો હેતુ વિદ્યાર્થીઓને કુરાન માટે પ્રેરિત કરવાનો છે. મતલબ કે બિન-મુસ્લિમ લઘુમતી હિંદુઓ અને અન્ય સમુદાયના લોકોએ પણ કુરાન વાંચવી પડશે.

# અફઘાનિસ્તાનમાં ઠંડીનો કહેર, 8 દિવસમાં -33 ડિગ્રી સેલ્સિયસમાં 70 લોકોના મોત

**કાબુલ**

હાલમાં અફઘાનિસ્તાનમાં કડકડતી ઠંડી પડી રહી છે. સ્થિતિ એવી છે કે પારો માઈનસ પર પહોંચી ગયો છે. જેના કારણે દેશભરમાં 70 લોકોના મોત થયા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે છેલ્લા ઘણા વર્ષોમાં આવો શિયાળો જોવા મળ્યો નથી. અફઘાનિસ્તાનના હવામાન કચેરીના વડા મોહમ્મદ નસીમ મુરાદીએ જણાવ્યું હતું કે 10 જાન્યુઆરીથી કાબુલ અને અન્ય કેટલાક પ્રાંતોમાં તાપમાનમાં ભારે ઘટાડો આવ્યો છે. એવું પણ જણાવ્યું હતું કે મધ્ય ક્ષેત્રમાં સપ્તાહના અંતે પારો -33 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. જે અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે. ગ્રામીણ અફઘાનિસ્તાનમાં બેઘર પરિવારો માટે કેમ્પફાયર લગાવવામાં આવ્યા છે. આ સાથે બરફવાળા વિસ્તારોમાં લોકોને ઠંડીથી બચાવવા માટે કોલસાના હીટર પણ પ્રગટાવવામાં આવ્યા છે. મોહમ્મદ નસીમ મુરાદીએ જણાવ્યું હતું કે અમે આશા વ્યક્ત કરીએ છીએ કે શીત લહેર હજુ એક અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી ચાલુ રહેશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા 8 દિવસમાં 70 લોકો અને 70,000 પશુઓના મોત થયા છે.

કહેવામાં આવી રહ્યું છે કે ઠંડીના કારણે ગરીબ વિસ્તારોની હાલત ખૂબ જ ખરાબ છે. પરિસ્થિતિ એવી છે કે લોકો ઠંડીથી બચવા માટે સરકાર દ્વારા પ્રગટાવવામાં આવેલા બોનફાયરની નજીક ઉમટતા જોવા મળ્યા હતા.

અમેરિકાની આગેવાની હેઠળની સેના પાછી ખેંચાયા બાદ અને વોશિંગ્ટન સમર્થિત શાસન પરિવર્તન અને તાલિબાન સત્તા સંભાળ્યા પછી દેશમાં આ બીજો શિયાળો છે. વાસ્તવમાં, જ્યારથી તાલિબાનોએ સત્તા સંભાળી છે ત્યારથી અમેરિકાએ મુખ્ય રાષ્ટ્રીય સંપત્તિઓ ફ્રીઝ કરી દીધી છે.

# કીવ નજીક જ હેલિકોપ્ટર દુર્ઘટના : યુક્રેનના આંતરિક બાબતોના મંત્રી સહિત 16નાં મૃત્યુ

## બ્રોવેરી ઉપનગરમાં કીંડર-ગાર્ટન પાસે હેલિકોપ્ટર તૂટી પડયું, બાળકો સહિત 5ના મોત

**કીવ**

યુક્રેનનાં પાટનગર કીવના ઉપનગર (પરા) બ્રોવેરી પાસે એક હેલિકોપ્ટર તુટી પડતાં યુક્રેનના આંતરિક બાબતોના મંત્રી ડેનીસ મોનાસ્ટીસ્કી અને તેઓના ડેપ્યુટી સહિત કુલ ૧૬ વ્યક્તિઓનાં મૃત્યુ થયા હતાં. આ ઈમરજન્સી સર્વિસીઝ માટેનાં હેલિકોપ્ટરમાં નવ વ્યક્તિઓ તો ઈમર્જન્સી સર્વિસીસ સાથે સંકળાયેલી હતી. આ ઉપરાંત બ્રોવેરીનાં કીંડર-ગાર્ટન પાસે રહેલી



અન્ય પાંચ વ્યક્તિઓનાં પણ મૃત્યુ થયા હતા. જેમાં પણ બાળકો સમાવિષ્ટ હોવાનું માનવામાં આવે છે. પૂર્વ કીવના રીજીયનલ એડમિનિસ્ટ્રેશનના વડા ઓલેક્સી કુબેબાએ જણાવ્યું હતું કે, બ્રોવેરીમાં એક હેલિકોપ્ટર કિન્ડર-ગાર્ટન અને રહેણાંકના મકાનો વચ્ચે તૂટી પડયું હતું. તે સમયે તે કીંડર-ગાર્ટન માં બાળકો તથા શિક્ષકો, શિક્ષિકાઓ સહિત અન્ય કર્મચારીઓ પણ હતા. કીવ વિસ્તારના પોલીસ સ્ટેશનનાં પ્રવક્તા ઈરીના પ્રિયાનીશનીકોવાએ પણ જણાવ્યું હતું કે બ્રોવેરી ઉપનગરમાં થયેલી આ હેલિકોપ્ટર દુર્ઘટનામાં અન્ય પાંચ વ્યક્તિઓના મોત થાય હતા.

# ઈરાકમાં ફૂટબોલ ફાઈનલ મેચ થવા પહેલાં દોડધામઃ 2ના મોત, 80 ઘાયલ

**બસરા**

ઈરાકના મુખ્ય શહેર બસરામાં એક સ્ટેડિયમમાં ફૂટબોલ મેચ પહેલા નાસભાગમાં ઘણા લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. એક ઈરાકી સમાચાર એજન્સીએ એક તબીબી સ્ત્રોતનાં હવાલાથી કહ્યું કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર છે. ગુરુવારે રાત્રે બસરા સ્ટેડિયમ ખાતે આઠ દેશોના અરેબિયન ગલ્ફ કપની ફાઈનલ મેચમાં યજમાન ઈરાક ઓમાન સામે ટકરાશે. એક દુર્લભ આંતરરાષ્ટ્રીય મેચ જોવાની આશામાં સવારથી જ હજારો ટિકિટ વિનાના ચાહકો સ્ટેડિયમની બહાર એકઠા થયા હતા. તે દરમિયાન આ અકસ્માત થયો હતો. ઈરાકના મંત્રીએ જણાવ્યા અનુસાર ગુરુવારે થયેલી નાસભાગમાં બે લોકોના મોત થયા છે, જ્યારે 80 લોકો ઘાયલ થયા છે. સ્ટેડિયમની અંદર એક ફોટોગ્રાફરે જણાવ્યું હતું કે જ્યારે નાસભાગ મચી ત્યારે ટર્નસ્ટાઈલ બંધ થઈ ગઈ હતી. ઘાયલોને હોસ્પિટલ લઈ જવા માટે એમ્બ્યુલન્સ આવતાની સાથે જ સાયરન વાગવા લાગ્યું. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી તસવીરોમાં સ્ટેડિયમની બહાર લોકોની ભીડ જોવા મળી રહી છે.

# આર્મેનિયાના મિલિટરી બેઝ પર ભીષણ આગ, 15 સૈનિકો દાઝ્યા, અનેક ઘાયલ

**ન્યુયોર્ક**

વહેલી સવારે આર્મેનિયાના એક સૈન્ય મથકમાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 15 જવાનોના મોત થયા હતા. રક્ષા મંત્રીએ કહ્યું કે પૂર્વી આર્મેનિયામાં ગેગરકુનિક પ્રાંતના અજ્ઞાત ગામમાં એક સૈન્ય બેરેકમાં આગ લાગી હતી. અધિકારીઓએ એમ પણ કહ્યું કે આ ઘટનામાં સાત સૈનિકો ઘાયલ થયા છે અને તેમાંથી ત્રણની હાલત ગંભીર છે. આર્મેનિયાના સંરક્ષણ પ્રધાન સુરેન પાપિક્યાને કેબિનેટની બેઠકમાં જણાવ્યું હતું કે આગ એટલા માટે શરૂ થઈ હતી કારણ કે સૈનિકોએ સ્ટોવને બળતણ આપવા માટે ગેસોલિનનો ઉપયોગ કર્યો હતો.

# તાલિબાને ચોરીના આરોપસર કોરડા ફટકાર્યા, પછી 4 લોકોના હાથ કાપ્યા

**કાબુલ**

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે કંદહારના અહમદશાહી સ્ટેડિયમમાં લૂંટ અને છેડતી કેસના દોષિત ઠરેલા નવ લોકોને જાહેરમાં કોરડા ફટકાર્યા હતા. ટોલો ન્યૂઝના અહેવાલ મુજબ આ સજા અપાઈ રહી હતી ત્યારે તાલિબાન શાસનના અધિકારી અને સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રાંતીય ગવર્નરના પ્રવક્તા હાજી જૈદે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે નિર્ણય લીધા પછી દોષિતોને 35થી 39 કોરડા ફટકારવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે પણ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, લૂંટફાટ અને મહિલાઓની છેડતીના આરોપમાં લોકોને સજા આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે એક અહેવાલમાં જણાવ્યું હતું કે, મંગળવારે કંદહારના અહમદશાહી સ્ટેડિયમમાં લૂંટ અને મહિલાઓની છેડતીના આરોપમાં દોષિત ઠરેલાને સજા આપવામાં આવી હતી. અફઘાન પુનર્વાસ પ્રધાન તેમ જ બ્રિટનના શરણાર્થીઓના પ્રધાનના પૂર્વ સલાહકાર શબનમ નસીમીએ કહ્યું કે, તાલિબાને કંદહારમાં ફૂટબોલ સ્ટેડિયમમાં ચાર લોકોના હાથ કાપી નાખ્યા હતા.

# ફ્રાન્સના સંશોધકોએ અનોખું કારનામું : લેસરથી વીજળીનો માર્ગ બદલવામાં સફળતા મેળવી

**લંડન**

ફ્રાન્સમાં ઈકોલે પોલીટેકનીકની લેબોરેટરી ઓફ એપ્લાઈડ ઓપ્ટિક્સના સંશોધકો ઉચ્ચ-શક્તિવાળા લેસરનો ઉપયોગ કરતી સિસ્ટમ ડિઝાઈન કરીને પ્રયોગમાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે જે વીજળી સામે સંરક્ષણ મેળવવામાં ક્રાંતિ લાવી શકે છે. તેમને ઉત્તરપૂર્વીય સ્વિટ્ઝર્લેન્ડમાં માઉન્ટ સેન્ટિસની ટોચ પરથી આકાશને લક્ષ્યમાં રાખીને લેસરનો ઉપયોગ કરીને વીજળીની દિશા બદલવામાં સફળતા મળી હતી. સંશોધકોના કાર્યની વિગતો જરનલ નેચર ફોટોનિક્સમાં પ્રકાશિત થઈ હતી. એમાં પહેલી જ વાર લેસરથી લાંબા અંતરે રહેલી વીજળીની દિશા બદલવા પ્રયોગો દર્શાવાયા હતા.

# ભારતે વેલ્સને 4-2થી હરાવ્યું, ક્વાર્ટર ફાઈનલ માટે ન્યૂઝીલેન્ડ સામે રમશે

**નવીદિલ્હી**

હોકી વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાએ આજે ગુરુવારે વેલ્સ સામે તેની ત્રીજી મેચ રમી હતી. તેઓએ પૂલ ડીમાં વેલ્સને 4-2થી હરાવ્યું. આ જીત સાથે ભારત પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને યથાવત છે. હવે તે ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા માટે ક્રોસ ઓવર મેચ રમશે. ત્યાં તેનો મુકાબલો 22 જાન્યુઆરીએ ન્યૂઝીલેન્ડ સામે થશે.

ભારતે તેની છેલ્લી લીગ મેચમાં વેલ્સને 4-2થી હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયા આ જીત સાથે બીજા સ્થાને રહી. તેના ટોચના ક્રમાંકિત ઈંગ્લેન્ડની બરાબર સાત પોઈન્ટ છે, પરંતુ ટીમ ઈન્ડિયા ગોલ તફાવત પર પાછળ છે. ઈંગ્લેન્ડે ભારત કરતાં વધુ ગોલ કર્યા હતા. ટીમ ઈન્ડિયા


ભારત પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને

સીધી રીતે ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી શકી નથી. તેઓ 22 ઓગસ્ટે સાંજે 7:00 વાગ્યે અંતિમ-8માં સ્થાન મેળવવા માટે ક્રોસઓવરમાં ન્યૂઝીલેન્ડ સામે રમશે.

ભારતીય ટીમ માટે મેચમાં પ્રથમ ગોલ શમશેર સિંહે 21મી મિનિટે કર્યો હતો. તેણે પેનલ્ટી કોર્નર પર ગોલ કર્યો. શમશેર બાદ આકાશદીપે સતત બે ગોલ કર્યા હતા. આકાશદીપે બંને ફિલ્ડ ગોલ કર્યા હતા. તેણે 32મી અને 45મી મિનિટે બોલને ગોલ પોસ્ટમાં નાખ્યો હતો.

મેચના ચોથા ક્વાર્ટરમાં કેપ્ટન હરમનપ્રીત કૌરે પેનલ્ટી કોર્નરથી ગોલ કર્યો હતો. આ વર્લ્ડ કપમાં તેનો પહેલો ગોલ. આકાશદીપને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

## ઉસેન બોલ્ટ અચાનક થયો કંગાળ, એકાઉન્ટમાંથી રૂ.98 કરોડ ગાયબ



**નવીદિલ્હી**

વિશ્વના સૌથી ઝડપી દોડવીરમાંથી એક જમૈકાના ઉસેન બોલ્ટ અચાનક કંગાળ થઈ ગયા છે. તેમણે અત્યાર સુધીમાં કરેલી કમાણી અને નિવૃત્તિમાં મળેલા નાણાં ગાયબ થઈ ગયા છે. લંડનથી લઈને બીજિંગ ઓલમ્પિકમાં નવા રેકોર્ડો સર્જનાર ઉસેન બોલ્ટ સાથે જે થયું તે જાણીને હોંશ ઉડી જશે. ઓલમ્પિક રમતોમાં ઉસેન બોલ્ટ વિશ્વના દિગ્ગજ દોડવીરોને પાછળ છોડી 8 વખત ગોલ્ડ મેડલ જીતવામાં સફળ રહ્યા છે. હાલ તેઓ નિવૃત્તિ બાદ ફરી ચર્ચામાં છે. ઉસેન બોલ્ટના ઈન્વેલ્ટમેન્ટ એકાઉન્ટમાંથી 98 કરોડ રૂપિયા ગાયબ થઈ ગયા છે. તેમનુ આ એકાઉન્ટ સ્ટોક્સ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ (SSL) કંપની સાથે હતું. એસોસિએટ્સ પ્રેસમાં જણાવ્યું કે, આ જમૈકાની એક રોકાણ કંપની છે. બીજીતરફ ઉસેન બોલ્ટના વકીલે કંપનીને લેટર મોકલી બોલ્ટના નાણાં પરત આપવા કહ્યું છે. વકીલે લેટરમાં લખ્યું કે, જો આ સત્ય છે, જોકે એવું ન થાય. અમારા ગ્રાહક સાથે છેતરપિંડી અથવા ચોરી જેવો ગુનો આચરવામાં આવ્યો છે.

## ગીલની ઝંઝાવાતી બેવડી સદી: સહારે રેકોર્ડબુકમાં સ્થાન મેળવ્યું

**હૈદરાબાદ**



ભારતના યુવા બેટ્સમેન શુભ્મન ગીલે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વન ડેમાં માત્ર ૧૪૯ બોલમાં ૧૯ ચોગ્ગા અને ૯ છગ્ગા સાથે ૨૦૮ રન ફટકારતા વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. ગીલે ૨૩ વર્ષ અને ૧૩૨ દિવસની ઉંમરે વન ડેમાં બેવડી સદી ફટકારીને સૌથી યુવા વયે બેવડી સદી ફટકારવાનો ભારતના જ ઈશાન કિશનનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. આ ઉપરાંત તેણે ફગ્યુસનની ઓવરમાં સળંગ ત્રણ છગ્ગા ફટકારતાં બેવડી સદીની સિદ્ધિ હાંસલ કરનારી હતી. તે પાંચમા ભારતીય તરીકે રેકોર્ડબુકમાં સ્થાન મેળવ્યું હતુ. તે વન ડેમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન ફટકારનારો ભારતીય બેટસમેન બન્યો હતો.

હૈદરાબાદમાં રમાયેલી વન ડેમાં ભારતની ઈનિંગની ૪૯મી ઓવર શરૂ થઈ ત્યારે ગીલ ૧૮૨ રને રમતમાં હતો. તેણે ફર્ગ્યુસનની ઓવરના પહેલા ત્રણ બોલ પર ત્રણ સિક્સર ફટકારતાં બેવડી સદી પૂર્ણ કરી હતી અને જોશભરે ઉજવણી કરી હતી. તેણે સૌથી યુવા વયે વન ડેમાં બેવડી સદીનો કિશનનો એક મહિનો અને ૮ દિવસ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. કિશને ૧૦ ડિસેમ્બરે બાંગ્લાદેશ સામેની વન ડેમાં બેવડી સદી ફટકારી ત્યારે તેની ઉંમર ૨૪ વર્ષ અને ૧૪૫ દિવસની હતી. ગીલે તેની કારકિર્દીની ત્રીજી વન ડે સદીને પહેલી બેવડી સદીમાં ફેરવી હતી. તેણે કારકિર્દીની ૧૯મી વન ડે ઈનિંગમાં ૧૦૦૦ રન પૂરા કરતાં ભારત તરફથી ફાસ્ટેસ્ટ ૧૦૦૦ વન ડે રનનો કોહલી અને ધવનનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. કોહલી-ધવને ૨૪મી વન ડે ઈનિંગમાં ૧૦૦૦ રન પૂરા કર્યા હતા.

ગીલ વન ડેમાં બેવડી સદી ફટકારનારો તેંડુલકર, સેહવાગ, રોહિત શર્મા, ઈશાન કિશન પછીનો પાંચમો ભારતીય બન્યો હતો. રોહિત ત્રણવાર બેવડી સદી ફટકારી ચૂક્યો છે. ગીલે ધીમે-ધીમે લય મેળવ્યા બાદ ન્યુઝીલેન્ડના બોલરોની ધોલાઈ કરી હતી. તેણે ૫૦ રન કરવા માટે ૫૨ બોલ લીધા હતા. જોકે તેણે ૫૧ થી ૧૦૦ રન સુધી પહોંચવા માત્ર ૩૫ બોલ લીધા હતા. જ્યારે ૧૦૧થી ૧૫૦ રન સુધી પણ તે ૩૫ જ બોલમાં પહોંચ્યો હતો.

### ન્યુઝીલેન્ડ સામે ભારતની 12 રને જીત : બ્રેસવેલના 78 બોલમાં 140 રન

**હૈદરાબાદ**

ભારત અને ન્યુઝીલેન્ડ ત્રણ વન-ડે સિરિઝની પ્રથમ મેચમાં ભારતને 12 રને વિજય થયો છે. ભારતના 50 ઓવરમાં 8 વિકેટે 349 રનના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ 337 રને ઓલઆઉટ થઈ જતા ન્યુઝીલેન્ડની 12 રને હાર થઈ છે. ભારત તરફથી પ્રથમ બેટીંગ કરતા ન્યુઝીલેન્ડને જીતવા માટે 350 રનનું લક્ષ્ય આપ્યું હતું, જોકે ન્યુઝીલેન્ડની ટીમ આ ટાર્ગેટ પાર પાડવામાં સફળ રહી ન હતી. આ મેચમાં શુભમન ગીલ મેચનો હિરો બનીને ઉભરી આવ્યો છે. આ મેચમાં શુભમન ગીલની વિસ્ફોટક બેટીંગના કારણે ન્યુઝીલેન્ડ સામે ભારતે વિરાટ સ્કોર ઉભો કર્યો છે. આ મેચમાં શુભમન ગીલે 149 બોલમાં 19 ફોર અને 9 સિક્સની મદદથી 208 રન કરી રેકોર્ડો સર્જ્યા છે. તો ન્યુઝીલેન્ડ તફથી ડ્રેઈલી મિશેલ અને હેન્રી સિપ્લેએ 2-2 વિકેટ ઝડપી છે.

## કારકિર્દીના અંતિમ ગ્રાન્ડસ્લેમ પહેલા રાઉન્ડમાં સાનિયા મિર્ઝાની જીત



**સિડની**

ઓસ્ટ્રેલિયન ઓપનમાં રામકુમાર રામનાથન, યુકી ભામ્બરી અને સાકેથ માયનેની તેમની પુરૂષ ડબલ્સની પ્રથમ રાઉન્ડની મેચો હારી ગયા હતા પરંતુ ભારતની સ્ટાર મહિલા ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ તેની કારકિર્દીની અંતિમ ગ્રાન્ડસ્લેમની દમદાર શરૂઆત કરતા મહિલા ડબલ્સ મુકાબલો જીતી લીધો હતો.

ભારતીય ટેનિસ દિગ્ગજ સાનિયા મિર્ઝા અને કઝાકિસ્તાનની અન્ના ડેનિલિનાની આઠમી ક્રમાંકિત જોડીએ ગુરુવારે ઓસ્ટ્રેલિયન ઓપનમાં મહિલા ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં અમેરિકન-હંગેરિયન જોડી દાલમા ગાલ્ફી અને બર્નાર્ડા પેરાને 6-27107, 7-5થી હરાવી હતી. આ જોડી હવે બીજા રાઉન્ડમાં યુક્રેનિયન-બેલ્જિયન જોડી એન્હેલિના કાલિનીના અને એલિસન વાન યુટવાન્ક સામે ટકરાશે.

ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા કે જે એક દાયકાથી વધુ સમયથી દુબઈમાં રહે છે તે પછી અમીરાતમાં આ રમતને વિદાય આપવાનું વિચારશે, જ્યાં તેણીએ તેના વિશાળ ચાહકોની સામે ઘણા વર્ષોથી રમી રહી છે.

## ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેજર અપસેટ દ્વિતીય ક્રમાંકિત કેસ્પર રુડી થયો બહાર

### આ પહેલા પ્રથમ ક્રમાંકિત રફેલ નડાલ હારી જતા અપસેટ સર્જાયો હતો

**સિડની**

ઓસ્ટ્રેલિયન ઓપનમાં અપસેટ અપસેટનો સિલસિલો ચાલુ છે. સિંગલ પુરુષમાં રફેલ નડાલ બાદ આજે વધુ એક અપસેટ સર્જાયો હતો. સિંગલ પુરુષમાં બિજો ક્રમ ધરાવતો કેસ્પર રુડીને જેંસન બ્રુક્સબીએ હરાવતા તે ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયો હતો. જેંસન બ્રુક્સબીએ કેસ્પર રુડીને 6-3, 7-5, 6-7, 6-2થી હરાવ્યો હતો. આ સાથે જ ટાઈટલ જીતવાના પ્રબળ દાવેદાર જ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા છે. નડાલ અને કેસ્પર રુડ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા બાદ સ્ટેફાનોસ સિત્સિપાસ અને નોવાક જોકોવિચ પુરૂષ સિંગલ્સ ટાઈટલ જીતવાના ફેવરિટ છે.

નડાલે આ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં જેક ડ્રેપરને હરાવ્યો હતો. જો કે તે શાનદાર લયમાં દેખાઈ રહ્યો ન હતો. બીજા રાઉન્ડમાં તેણે સારી શરૂઆત કરી હતી પરંતુ પ્રથમ સેટ હારી ગયો હતો. બીજા સેટમાં તે ઈજાગ્રસ્ત થયો અને તેણે બ્રેક લીધો. બ્રેકમાંથી પરત આવ્યા બાદ તે જૂની લયમાં જોવા મળ્યો ન હતો અને મેચ હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

## નેશનલ કોચ જ મહિલા કુસ્તીબાજોની કરે છે છેડતી, ફોગાટના આક્ષેપથી સનસનાટી

**નવી દિલ્હી**

"મહિલા કુસ્તીબાજોની કથિત રીતે છેડતી કરવામાં આવી હતી, વર્ષોથી નેશનલ કોચ દ્વારા તેમને ધમકી પણ આપવામાં આવી હતી": કુસ્તીબાજ વિનેશ ફોગાટ. નેશનલ કેમ્પમાં ફેડરેશનના ખાસ કોચ મહિલા ખેલાડીઓનું યૌન શોષણ કરે છે. ભારતીય રેસલર વિનેશ ફોગાટે કહ્યું કે, નેશનલ કેમ્પસમાં વુમન રેસલરના પ્રેસિડેંટ બ્રિજભૂષણ શરણ સિંહ અને કોચ જાતીય સતામણી કરે છે. રાષ્ટ્રીય શિબિરોમાં તૈનાત કેટલાક કોચ વર્ષોથી મહિલા કુસ્તીબાજો સાથે જાતીય સતામણી કરી રહ્યા છે. ઘણી મહિલા રેસલર્સે પણ આ અંગે ફરિયાદ કરી હતી. ફરિયાદ છતાં કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. વધુમાં ફોગાટે જણાવ્યુ કે, મેંટલ ટોર્ચરના કારણે આત્મહત્યાનો વિચાર પણ આવ્યો હતો. જો કોઈ પણ ખેલાડીને કંઈ પણ થયુ તો તેના જવાબદાર અધ્યક્ષ હશે. બજરંગ પુનિયાએ આ અંગે કહ્યું કે,



અમે ફેડરેશનમાં બદલાવ ઈચ્છીએ છીએ,PM પાસે પણ મદદ માંગી છે. આશા છે કે, PM મોદી મદદ કરશે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના વિરોધમાં ભારતના ઓલિમ્પિક મેડલ વિજેતા કુસ્તીબાજો બજરંગ પુનિયા, સાક્ષી મલિક, વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા વિનેશ ફોગાટ અને અંશુ મલિક સહિત અનેક કુસ્તીબાજોએ દિલ્હીના જંતર-મંતર ખાતે કરીને ધરણા પર બેઠા છે.

# યુક્રેનિયન એપાર્ટમેન્ટ પર હુમલાના વિરોધમાં રશિયન રાજદૂતને સમન્સ

## હુમલાને કારણે 400 લોકોએ ઘર ગુમાવ્યા અને 72 મકાન નષ્ટ થતા કેનેડા નારાજ થયું

**ટોરોન્ટો**

વિદેશ બાબતોના પ્રધાન મેલાની જોલીએ બુધવારે રશિયાના રાજદૂતને બોલાવીને દક્ષિણ-પૂર્વ યુક્રેનિયન શહેર ડીનિપ્રોમાં એક એપાર્ટમેન્ટનાં બિલ્ડિંગ પર મિસાઈલ હુમલાની નિંદા કરી હતી. યુક્રેનિયન અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે, શનિવારે બપોર પછીના આ હુમલાથી મૃત્યુઆંક હવે 45 થયો છે, જેમાં છ બાળકોનો સમાવેશ થાય છે.

જોલીએ બુધવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, અમે નાગરિકો સામે રશિયાના તાજેતરના હુમલાઓ અને નિર્દયતાનો વિરોધ કરીએ છીએ. નવ માળના એપાર્ટમેન્ટ પર સીધો હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં લગભગ 1,700 રહેવાસીઓ રહે છે અને તે બે સમાન ઈમારતોની વચ્ચે સ્થિત હતો. ડીનિપ્રો સિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે લગભગ 400 લોકોએ તેમનાં ઘર ગુમાવ્યા છે, 72 મકાન સંપૂર્ણપણે નાશ પામ્યા છે અને અન્ય 236ને ભારે નુકસાન થયું છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ આ હુમલાને ધિક્કારપાત્ર, ઘૃણાસ્પદ અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યો હતો. ટ્રુડોએ શનિવારે એક ટ્વિટમાં જણાવ્યું હતું કે, કેનેડા આ હિંસાની નિંદા કરે છે. અમે યુક્રેનના લોકો સાથે ઊભા છીએ અને અમે તેઓને જરૂરી સમર્થન મળે એ માટે અમારા પ્રયાસો ચાલુ રાખીશું. ગયા વર્ષમાં જોલી દ્વારા એમ્બેસેડર ઓલેગ સ્ટેપનોવને ચોથી વખત બોલાવવામાં આવ્યા છે.

સોમવારે આ હુમલા વિશે પૂછવામાં આવતા, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ જણાવ્યું હતું કે, રશિયન સૈન્ય રહેણાંક ઈમારતોને નિશાન બનાવતું નથી અને સૂચવ્યું હતું કે યુક્રેનિયન હવાઈ સંરક્ષણ ક્રિયાઓના પરિણામે ડીનીપ્રો બિલ્ડિંગ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઈમારત પરનો હુમલો સમગ્ર યુક્રેનમાં રશિયન ક્રુઝ મિસાઈલોની વ્યાપક આડશ દરમિયાન કરવામાં આવ્યો હતો. યુક્રેનિયન સૈન્યએ રવિવારે જણાવ્યું હતું કે, તેની પાસે ડીનિપ્રોમાં રહેણાંક મકાનોને નિશાન બનાવતી આ પ્રકારની મિસાઈલોને અટકાવવાનું કોઈ જ સાધન નથી. જોલીએ કહ્યું કે, કેનેડા યુક્રેનમાં ડીનિપ્રો અને આવા અન્ય હુમલાઓ માટે રશિયાને જવાબદાર ઠેરવવા સાથી દેશો સાથે મળીને કામ કરવા માંગે છે. અમે ખાતરી કરીશું કે યુક્રેનની આ ભયાવહતા માટે જવાબદાર લોકો તેમના ગુનાઓનો જવાબ આપે. જોલીએ બુધવારે ટોરોન્ટોમાં યુ.કે.ના વિદેશ, કોમનવેલ્થ અને વિકાસ બાબતોના સેક્રેટરી જેમ્સ ક્લેવરલી સાથે મુલાકાત કરી હતી.

# કેનેડામાં અંગદાન માટે જાગૃતિથી ટ્રાન્સપ્લાન્ટના કિસ્સામાં વધારો

**ટોરન્ટો**

જીવલેણ રોગોથી પીડાતા દર્દીઓની વધતી જતી સંખ્યા ટ્રાન્સપ્લાન્ટ માટે તેમના અંગોનું દાન કરવાની જરૃરિયાતને પ્રતિબિંબિત કરે છે. એક આંતરરાષ્ટ્રીય સમીક્ષામાં જાણવા મળ્યું છે કે, આ બાબતનો અભ્યાસ કરતા ચાર દેશોમાં કેનેડા MAID દર્દીઓમાંથી સૌથી વધુ અંગ ટ્રાન્સપ્લાન્ટ કરે છે.

આ રિપોર્ટ વિશ્વભરમાં આ નવી પ્રથાના વધતા ઉપયોગની પ્રથમ સમીક્ષા છે. આ સમીક્ષા 2021માં હાથ ધરવામાં આવી હતી અને એનાં પરિણામો ડિસેમ્બર 2022માં પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

ડૉ. જોહાન્સ મુલ્ડર, નેધરલેન્ડ્સના ઝવોલેમાં ચિકિત્સક અને MAID પ્રદાતાએ મીડિયા સાથેની મુલાકાતમાં કહ્યું કે, પેપરવર્ક માટે એકત્રિત કરવામાં આવેલા ડેટા દર્શાવે છે કે કેનેડા, બેલ્જિયમ, નેધરલેન્ડ અને સ્પેનમાં સંયુક્ત રીતે 286 મૃતકોએ 2021 સુધીના વર્ષોમાં 837 દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટ માટે જીવનરક્ષક અંગો પ્રદાન કર્યાં હતાં. કેનેડામાં 2016માં મૃત્યુ સમયે તબીબી સહાય (MAID) ને અપરાધ જાહેર કરવામાં આવી હતી. તે સમયગાળા (136) માટે MAID પછી વિશ્વના લગભગ અડધા અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યાં હતાં.

# ઓન્ટેરિયોમાં રોગચાળો વધ્યો, ઓમિક્રોન સબવેરિયન્ટ વધુ પ્રબળ બન્યાની આશંકા

## સપ્તાહના અંત સુધીમાં XBB.1.5 સબવેરિયન્ટના 22.2 ટકા કેસ મળવાની શકયતા

**ઓન્ટેરિયો**

ઑન્ટેરિયોમાં નવા, વધુ ફેલાય તેવા ઓમિક્રોન સબવેરિયન્ટના કેસોમાં વધારો થયો છે, અને પ્રાંતના વિજ્ઞાન કોષ્ટકના ભૂતપૂર્વ વડાએ જણાવ્યું હતું કે, તેને કારણે આગામી સમયગાળામાં COVID-19નાં કેસો વધશે. મંગળવારે ડૉ. ફહાદ રઝાકે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, સબવેરિયન્ટ XBB.1.5, જેને 'ક્રેકેન' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સરહદની દક્ષિણ તરફ આગળ વધી રહ્યો છે અને ઓન્ટેરિયોમાં તેનો ગમે ત્યારે પ્રવેશ થઈ શકે છે. સેન્ટ માઈકલ હોસ્પિટલના ઈન્ટર્નિસ્ટ રઝાકે કહ્યું કે, જો આપણે યુ.એસ.ના માર્ગને અનુસરીશું, તો તેનો અર્થ એ છે કે, ઓન્ટેરિયોમાં અને સમગ્ર દેશમાં માત્ર થોડા અઠવાડિયામાં જ આ વાયરસનો પ્રબળ ફેલાવો થશે.

મંગળવારે જાહેર કરાયેલા પબ્લિક હેલ્થ ઓન્ટેરિયોના તાજેતરના COVID-19 જીનોમિક સર્વેલન્સ રિપોર્ટ અનુસાર XBB.1.5 સબવેરિયન્ટ આ સપ્તાહના અંત સુધીમાં 22.2 ટકા COVID-19ના કેસ હશે તેવી અપેક્ષા છે. તે અઠવાડિયા પહેલાની સરખામણીમાં નોંધપાત્ર ઉછાળો દર્શાવે છે. જ્યારે ક્રેકેન સબ-વેરિયન્ટના માત્ર 0.7 ટકા COVID-19 કેસ હતા. ડિસેમ્બર 4 અને ડિસેમ્બર 31ની વચ્ચે ઓન્ટેરિયોમાં XBB.1.5ના 105 કેસ હતા. સંક્રમિત થયેલા મોટાભાગના દર્દીઓ 40 થી 59 વય જૂથના હતા. ગયા અઠવાડિયે Omicron BQ.1.1 સબવેરિયન્ટ વધુ પ્રભાવશાળી હતો. રઝાકે કહ્યું કે, તે ટૂંક સમયમાં બદલાશે.



Confused ??

Which Country to Choose ..

Get 1-1 Counseling

- PR & PNP Program
- Business visa
- Student visa(All Countries)
- Family Sponsorship
- LMIA - Work permit
- PR based PNP job offer
- IEC without IELTS

Book Your Seats Now!!

CANADA

94- 499 Main Street South,
Shoppers World Mall, Brampton, Ont.
Ph : 416-745-2466, 905-230-7855

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

AMI MEHTA

Coming to India
2nd Dec. - 20th Jan.





Canadian Authorized
Experienced Immigration Lawyer

+91-98255 56911 | +91-98256 79911 CANADA (H.O) | VADODARA| A'BAD

OM INDIA
FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
416-743-1100

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
416-297-8383

139 Charing Cross,
Brantford Ontario
519-758-9999

71 West Drive, Unit#42,
Brampton, ON
905-452-1100

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
519-954-1110

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
514-426-1100